અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ મે ૨૦૨૫, રવિવાર | વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૭
વર્ષ : ૧૬ | અંક : ૩૦૧
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પહલગામ હુમલા બાદ વધુ એક મોટો નિર્ણય

# પાકિસ્તાનથી તમામ પ્રકારની આયાત-નિકાસ પર પ્રતિબંધ

## વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું કે પાકિસ્તાન સાથે સંપૂર્ણપણે આયાત-નિકાસ પર પ્રતિબંધ લગાવી દેવાયો છે : પાકિસ્તાનથી કોઈ પણ રીતે કંઈ આવશે નહીં



### ભારત પાકિસ્તાનથી સ્ટીલ અને સિમેન્ટની પણ આયાત કરે છે

ભારત પાકિસ્તાનથી કપાસ, ઓર્ગેનિક રસાયણો ઉત્પાદનો અને ચશ્માંમાં વપરાતા ઓપ્ટિક્સની પણ આયાત કરે છે. આ ઉપરાંત, ભારત પાકિસ્તાનથી સ્ટીલ અને સિમેન્ટની પણ આયાત કરે છે. ભારત સરકારના આ નિર્ણય પછી આ તમામ ઉત્પાદનોની આયાત હવે સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. આનાથી પાકિસ્તાનના અર્થતંત્રને ફટકો પડશે જ, પરંતુ ભારતીય બજારમાં ચોક્કસ પ્રકારના ઉત્પાદનોની ઉપલબ્ધતા પર પણ અસર પડી શકે છે. જોકે ભારત પહેલેથી જ આત્મનિર્ભરતા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેથી બજારમાં ટૂંક સમયમાં આ માટે પુરવઠા વિકલ્પો ઉભરી શકે છે.

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારત સરકારે હવે પાકિસ્તાન આવતી-જતી દરેક વસ્તુ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દીધો છે, જેનો અર્થ એ થયો કે પાકિસ્તાનથી કોઈ પણ રીતે કંઈ આવશે નહીં અને ભારતમાંથી કંઈ પણ પાકિસ્તાન જશે નહીં. વાણિજ્ય મંત્રાલયે કહ્યું કે હવે પાકિસ્તાનથી આયાત-નિકાસ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પહેલા સીધો વેપાર બંધ હતો, પરંતુ હવે પરોક્ષ વેપાર પણ બંધ થઈ ગયો છે. આ પાકિસ્તાન માટે એક મોટો ફટકો છે. ભારતનું વાણિજ્ય મંત્રાલય એવા ઉત્પાદનોની યાદી તૈયાર કરી રહ્યું છે જે ભારતમાંથી આયાત કે નિકાસ કરવામાં આવશે નહીં. પહેલગામ હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી છે. રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક વ્યૂહરચનાને ધ્યાનમાં રાખીને, મોદી સરકારે પાકિસ્તાનથી થતી આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. ભારત સરકારે પાકિસ્તાનમાં ઉદ્ભવતા અથવા ત્યાંથી આવતા તમામ માલની પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂક્યો છે. આ નિર્ણય તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે, પછી ભલે તે વસ્તુઓ મુક્તપણે આયાત કરી શકાય તેવી હોય કે ખાસ પરવાનગી સાથે આયાત કરવામાં આવી રહી હોય.

વાણિજ્ય મંત્રાલયના જાહેરનામા અનુસાર, ભારતે તાત્કાલિક અસરથી પાકિસ્તાનથી તમામ માલની સીધી કે પરોક્ષ આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. આ સંદર્ભમાં એક જોગવાઈ ફોરેન ટ્રેડ પોલિસી (FTP) ૨૦૨૩ માં ઉમેરવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે આગામી આદેશો સુધી તાત્કાલિક અસરથી, પાકિસ્તાનથી આવતા કે નિકાસ થતા તમામ માલની પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત પર પ્રતિબંધ લાદવામાં આવી રહ્યો છે. આ માહિતી ૨ મેના રોજ જાહેર કરાયેલા નોટિફિકેશનમાં આપવામાં આવી છે.

FTP જોગવાઈ જણાવે છે કે પાકિસ્તાનમાં ઉદ્ભવતા અથવા નિકાસ કરાયેલા તમામ માલની પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત અથવા પરિવહન, ભલે તે મુક્તપણે આયાત કરવામાં આવે કે પરવાનગી આપવામાં આવે, આગામી આદેશો સુધી તાત્કાલિક અસરથી પ્રતિબંધિત રહેશે.

### પાકિસ્તાની કુર્તી, પેશાવરી ચંપલ અને સિંધવ મીઠું પાકિસ્તાનથી મોટી માત્રામાં ભારતમાં આવતું



ભારત સરકારનો આ આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે આતંકવાદને પ્રોત્સાહન આપનાર દેશ પાકિસ્તાને પડદા પાછળથી પહેલગામમાં આતંકવાદી હુમલો કર્યો હતો, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. પાકિસ્તાની કુર્તી, પેશાવરી ચંપલ અને સિંધવ મીઠું પાકિસ્તાનથી મોટી માત્રામાં ભારતમાં આવતું હતું. આ ઉપરાંત પાકિસ્તાન પહેલા ઘણો માલ ભારત મોકલતું હતું, પરંતુ હવે ભારત સરકારના કડક નિર્ણય પછી પાકિસ્તાની જહાજો ભારતીય બંદરો પર રોકાશે નહીં. ભારતમાં ઉપવાસ અને આયુર્વેદિક હેતુઓ માટે વપરાતું સિંધવ મીઠું વાસ્તવમાં પાકિસ્તાનમાં ખેવરાની ખાણોમાંથી આવે છે. તેને હિમાલયન રોક સોલ્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે અને તે સૌથી પ્રખ્યાત પાકિસ્તાની ઉત્પાદનોમાંનું એક હતું જે ભારતમાં મોટી માત્રામાં આયાત કરવામાં આવતું હતું. પાકિસ્તાનના બલુચિસ્તાન અને પેશાવર પ્રદેશોમાંથી બદામ, અખરોટ, કિસમિસ અને અંજીર જેવા સૂકા ફળો ભારત મોકલવામાં આવતા હતા. ખાસ કરીને તહેવારો અને શિયાળાની ઋતુમાં તેમની માગ વધી જાય છે. પેશાવરી ચપ્પલ, જે તેના ટકાઉપણું અને પરંપરાગત ડિઝાઇન માટે પ્રખ્યાત છે. તે ખાસ કરીને ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં લોકપ્રિય હતું. તે ખાસ કરીને પુરુષોના પરંપરાગત પોશાકનો એક ભાગ બની ગયો હતો. લાહોરના પ્રખ્યાત ભરતકામ અને ડિઝાઇનવાળા કુર્તા, સલવાર-સુટ અને અન્ય વસ્ત્રો ભારતમાં લોકપ્રિય બની રહ્યા હતા. ઘણી ફેશન બ્રાન્ડ્સ આ કુર્તાઓને એક્સક્લુઝિવ ડિઝાઇન તરીકે પ્રમોટ કરતી હતી.

## ન્યૂઝ બ્રિફ

### જયપુરના વિદ્યાધર નગર સ્ટેડિયમ ખાતે યોજાઈ શિવ મહાપુરાણ કથા

। (એજન્સી) જયપુર, તા.૩ ।

જયપુરના વિદ્યાધર નગર સ્ટેડિયમ ખાતે યોજાઈ રહેલી સાત દિવસીય શિવ મહાપુરાણ કથાના બીજા દિવસે, પ્રખ્યાત કથાકાર પંડિત પ્રદીપ મિશ્રાએ સમાજ અને સંસ્કૃતિને લગતા ઘણા મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમજ તેમણે મહિલાઓના કપડાં, સંસ્કૃતિ, બાળ ઉછેર અને તબીબી સારવાર પર ઘણી ટિપ્પણીઓ કરી. પ્રદીપ મિશ્રાએ તુલસીના છોડની તુલના છોકરીઓના શરીર સાથે કરી અને કહ્યું કે જો તુલસીના છોડનું મૂળ દેખાય, તો છોડ મરી જાય છે. તેવી જ રીતે, છોકરીઓની નાભિ પણ શરીરનું મૂળ છે. તેને કપડાથી ઢાંકીને રાખવું જોઈએ. જેટલું વધુ તેને ઢાંકવામાં આવશે, તેટલું વધુ સુરક્ષિત રહેશે. આધુનિક પોશાકને કારણે ગુનાઓ વધી રહ્યા છે અને કોઈ સરકાર કે વહીવટીતંત્ર આ ગુનાઓને રોકી શકતું નથી, ફક્ત ઘરના સંસ્કાર જ તેમને રોકી શકે છે.

### અદાણી પાવરને બાકી રકમની ચૂકવણી કરતું બાંગ્લાદેશ

। (એજન્સી) ઢાકા, તા.૩ ।

ભારતીય બિઝનેસ ટાયકૂન ગૌતમ અદાણીની કંપની અદાણી પાવરને બાંગ્લાદેશના આશરે ૨ અબજ ડોલરના બાકી વીજળી બીલમાંથી આશરે ૧.૨ અબજ ડોલરની ચૂકવણી કરવામાં આવી છે. અદાણી પાવર અને બાંગ્લાદેશ વચ્ચે ૨૦૧૭માં એક કરાર થયો હતો. જેની હેઠળ કંપનીએ આગામી ૨૫ વર્ષ સુધી બાંગ્લાદેશને વીજ પુરવઠો પૂરો પાડવાનો રહેશે. આ કરાર હેઠળ ૨૦૧૭ સુધીમાં આશરે ૨ અબજ ડોલરના બાકી રકમમાંથી ૧.૨ અબજ ડોલરની ચૂકવણી બાંગ્લાદેશે અદાણી પાવરને કરી દીધી છે એમ રોઈટર્સના રિપોર્ટ કહે છે. ૨૦૨૨માં યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ ફાટી નીકળવાના કારણે આયાત ખર્ચમાં વધારો થવાને કારણે બાંગ્લાદેશ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું હતું.

## ગોવાના શિરગાંવમાં જાત્રા દરમિયાન નાસભાગ, સાતના મોત

### આ અકસ્માત ત્યારે થયો જ્યારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરંપરાગત ‘જાત્રા’માં ભાગ લેવા માટે એકઠા થયા હતા

। (એજન્સી) ગોવા, તા.૩ ।

ગોવાના શિરગાંવમાં આયોજિત શ્રી લરાઈ ‘જાત્રા’ દરમિયાન એક દુઃખદ ઘટના બની હતી. જાત્રા વચ્ચે નાસભાગ મચી જવાને કારણે ૭ લોકોના કચડાઈ જતા મોત થયા જ્યારે ૩૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગોવા મેડિકલ કોલેજ અને માપુસા સ્થિત ઉત્તર ગોવા જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.આ અકસ્માત ત્યારે થયો જ્યારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરંપરાગત ‘જાત્રા’માં ભાગ લેવા માટે એકઠા થયા હતા. ભારે ભીડને કારણે અંધાધૂંધી ફેલાઈ ગઈ, જેના કારણે નાસભાગ જેવી



સ્થિતિ સર્જાી. ઘાયલોમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. ઘટનાની જાણ થતાં જ, મુખ્યમંત્રી ડૉ. પ્રમોદ સાવંતે પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ઉત્તર ગોવા જિલ્લા હોસ્પિટલ અને બિચોલિમ હોસ્પિટલની મુલાકાત લીધી. મુખ્યમંત્રી ઘાયલોને મળ્યા અને તેમની સારવાર અંગે પૂછપરછ કરી અને અધિકારીઓને તમામ જરૂરી તબીબી સુવિધાઓ પૂરી પાડવા નિર્દેશ આપ્યો.લરાઈ દેવી એક પૂજનીય હિન્દુ દેવી છે જેમની મુખ્યરૂપે ગોવામાં ખાસ કરીને દક્ષિણ ગોવાના શિરોડા ગામમાં પૂજા કરાય છે. લરાઈ દેવીને સમર્પિત મંદિર સ્થાનિક લોકો અને આજુબાજુના ક્ષેત્રોથી આવતા શ્રદ્ધાળુઓ માટે એક મહત્ત્વપૂર્ણ આધ્યાત્મિક કેન્દ્ર છે. લરાઈ દેવી જાત્રાને શિરગાંવ જાત્રાના નામે પણ ઓળખાય છે. તે ગોવાનો એક મુખ્ય ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવ પણ મનાય છે.

### કડક નિર્ણય લેવાશે : મોદીનું મોટું નિવેદન

## આતંકીઓના મદદગારોને છોડીશું નહીં : નરેન્દ્ર મોદી

### પીએમ મોદી શનિવારે હૈદરાબાદ હાઉસ ખાતે અંગોલાના રાષ્ટ્રપતિ જોઆઓ મેન્યુઅલ ગોનકાલ્વેસ લોરેન્કોને મળ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

પહલગામ આતંકવાદી હુમલા પર ભારતનું વલણ શરૂઆતથી જ કડક રહ્યું છે. શનિવારે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર આ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તેમણે કહ્યું કે, અમે કોઈપણ કિંમતે આતંકવાદીઓને મદદ કરનારાઓને છોડીશું નહિ. આવા લોકો સામે કડક અને નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવશે. પીએમ મોદીએ શનિવારે હૈદરાબાદ હાઉસ ખાતે અંગોલાના રાષ્ટ્રપતિ જોઆઓ મેન્યુઅલ ગોનકાલ્વેસ લોરેન્કોને મળ્યા દરમિયાન આ કહ્યું હતું.

પીએમ મોદીએ સંયુક્ત પત્રકાર કોન્ફરન્સમાં કહ્યું કે ૩૮ વર્ષ પછી અંગોલાના રાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે આવી રહ્યા છે. તેમની મુલાકાત ભારત-અંગોલા સંબંધોને નવી દિશા અને ગતિ આપશે એટલું જ નહીં પરંતુ ભારત-આફ્રિકા ભાગીદારીને પણ મજબૂત બનાવી રહી છે. આ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, પીએમ મોદીએ તાજેતરના પહલગામ આતંકવાદી હુમલાનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, અમે એકમત છીએ કે આતંકવાદ



માનવતા માટે સૌથી મોટો ખતરો છે. અમે આતંકવાદીઓ અને તેમના સમર્થકો સામે કડક અને નિર્ણાયક કાર્યવાહી કરવા માટે પ્રતિબદ્ધ છીએ. સરહદ પારના આતંકવાદ સામેની લડાઈમાં અંગોલાના સમર્થન બદલ હું તેમનો આભાર માનું છું. પીએમ મોદીની આ ટિપ્પણીના થોડા કલાકો પહેલા વાણિજ્ય મંત્રાલયે જાહેરાત કરી હતી કે ભારત હવે પાકિસ્તાનથી કોઈ આયાત-નિકાસ કરશે નહીં. પહલગામ આતંકવાદી હુમલાને કારણે ભારતે પહેલા ડાઈરેક્ટ ટ્રેડ બંધ કરી દીધો હતો. પરંતુ હવે સરકારે તમામ પ્રકારના ઈનડાઈરેક્ટ ટ્રેડને પણ બંધ કરવાનો નિર્ણય લીધો છે. ભારત સરકારનો આ નિર્ણય પાકિસ્તાન માટે મોટા ફટકા જેવો છે. વાણિજ્ય મંત્રાલય હવે એવા ઉત્પાદનોની યાદી પણ તૈયાર કરી રહ્યું છે જે હવે ભારતમાંથી આયાત કે નિકાસ કરવામાં આવશે નહીં.

### યોગીનું બુલડોઝર ફરી વળ્યું

## ઉત્તર પ્રદેશની નેપાળ સરહદે ઠેર ઠેર ગેરકાયદે મસ્જિદો મદરેસાનો રાફડો

। (એજન્સી) લખનઉ, તા.૩ ।

ઉત્તર પ્રદેશની યોગી સરકારે રાજ્યોમાં ચાલી રહેલા ગેરકાયદે મદરેસા તેમજ ગેરકાયદે મસ્જિદો સામે ડિમોલિશન ડ્રાઈવર સહિતની કાર્યવાહી શરૂ કરી છે. ખાસ કરીને નેપાળ સરહદ પાસે આવેલા જિલ્લાઓમાં મોટાપાયે આ અભિયાન ચાલી રહ્યું છે. રાજ્યનો પોલીસ અને રેવન્યૂ વિભાગ દ્વારા સંયુક્ત ઓપરેશન શરૂ કરાયું છે. જેમાં ગેરકાયદે મદરેસા, મસ્જિદોની ઓળખ કરાય છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આદેશ પર આ કાર્યવાહી શરૂ કરાઈ છે. એક સત્તાવાર સરકારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ગુરુવારે શ્રાવસ્તી જિલ્લામાં પાંચ ગેરકાયદે મદરેસાને સીલ કરી દેવામાં આવ્યા હતા. જે સાથે જ જિલ્લામાં સીલ કરાયેલા મદરેસાની સંખ્યા વધીને ૪૧ પર પહોંચી છે. જ્યારે ભિંડા તાલુકાના ભરથા અને રોશન ગામમાં સરકારી જમીન પર બનેલી મસ્જિદને તોડી પાડવામાં આવી હતી. આ જિલ્લામાં ૧૩૯ ગેરકાયદે કબજા છોડાવાયા હતા. જ્યારે બલરામપુરમાં આઠ મદરેસા અને ત્રણ ગેરકાયદે મઝારના બાંધકામ કરનારાઓને નોટિસ પાઠવવામાં આવી હતી.

### દિલ્હી હાઈકોર્ટે ભારતીયોને બચાવવા યોગ્ય પગલાં લેવા નિર્દેશ આપ્યાં

## ઈન્ડોનેશિયામાં ત્રણ ભારતીયોને મોતની સજા: સરકાર એક્શનમાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

નશીલી દવાઓના કેસમાં ઈન્ડોનેશિયાની એક અદાલતે ત્રણ ભારતીય નાગરિકોને મોતની સજા ફટકારી છે. ઈન્ડોનિયેશન અદાલતના આ ચુકાદા બાદ સજા પામેલાં ત્રણેય ભારતીયોની પત્નીઓએ તેમને બચાવવા માટે યોગ્ય કાર્યવાહી કરવાની માગ સાથે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી. અરજીની સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટે રાજુ મુથુકુમારન, સેલ્વાદુરાઈ દિનાકરન તથા ગોવિંદસામી વિમલકંધન નામના ત્રણેય ભારતીયોની કાનૂની સહાય માટે યોગ્ય પગલાં લેવા ઈન્ડોનેશિયા સ્થિત ભારતીય દૂતાવાસને નિર્દેશ આપ્યાં હતાં. આ ઉપરાંત જેલમાં બંધ ત્રણેય ભારતીયો સાથે તેમના પરિવારો વાતચીત કરી શકે તે માટેની સુવિધાની વ્યવસ્થા કરવા પણ કોર્ટે જણાવ્યું હતું. નશીલી દવાઓ સંબંધિત એક કેસમાં ઈન્ડોનેશિયાની તાંજુંગ બલાઈ કરીમન જિલ્લા અદાલતે ગત ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ત્રણેયને મોતની સજા ફટકારી હતી. આ તમામ ઈન્ડોનેશિયામાં એક શિપયાર્ડમાં કરતાં હતાં, જ્યાંથી તેમની ધરપકડ કરાઈ હતી.

### તમામ ટપાલ સેવાઓ તાત્કાલિક અસરથી સ્થગિત

## પાકિસ્તાની ધ્વજ ધરાવતાં જહાજો પર પ્રતિબંધ મુકાયો

। (એજન્સી) જમ્મુ, તા.૩ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાન સામે કડક નિર્ણયો લીધા છે. ભારતીય સેના, ભારતીય વાયુસેના અને ભારતીય નૌકાદળ હાઈ એલર્ટ મોડમાં છે. ત્યારે શિપિંગ મહાનિર્દેશાલય દ્વારા આજે (ત્રીજી મે) પાકિસ્તાની ધ્વજ ધરાવતાં જહાજો પર પ્રતિબંધ મૂક્યો છે. નોંધનીય છે કે, ભારતે પાકિસ્તાનથી તમામ માલની આયાત અને ટપાલ સેવા પર પ્રતિબંધ મૂક્યો છે. અહેવાલો અનુસાર, પહલગામ હુમલા બાદથી જ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. સિંધુ સંધિ તથા વિઝા રદ થયા બાદ પણ અનેક મોટા નિર્ણય લેવામાં આવી રહ્યા છે. બંને દેશોએ એકબીજા માટે એરસ્પેસ બંધ કર્યું છે. એવામાં આજે ભારતે ત્રણ મોટા નિર્ણય લીધા છે. ત્યારે ભારત સરકારે નિર્ણય લીધો છે કે હવે પાકિસ્તાની ધ્વજ લહેરાવતા કોઈપણ વેપારી જહાજને ભારતીય બંદરોમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત ભારતીય જહાજોને પાકિસ્તાનના કોઈપણ બંદર પર જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ આદેશ શિપિંગ મહાનિર્દેશાલય દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. ભારત સરકાર દ્વારા પાકિસ્તાન સાથેની તમામ ટપાલ સેવાઓ તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધી છે.

## મુઝફ્ફરનગરમાં ખેડૂત નેતા રાકેશ ટિકેત સાથે મારપીટ

। (એજન્સી) મુઝફ્ફરનગર, તા.૩ ।

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં ભારતીય કિસાન યૂનિયનના નેતા રાકેશ ટિકૈતને ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો. આ દરમ્યાન કિસાન નેતા રાકેશ ટિકૈત સાથે ધક્કા મુક્કી પણ થઈ અને તેમના માથામાંથી પાઘડી પણ પડી ગઈ હતી. એટલું જ નહીં રાકેશ ટિકૈતના માથા પર લાકડી મારી હોવાનો પણ આરોપ છે, આ હોબાળા વચ્ચે પોલીસે રાકેશ ટિકૈતને સુરક્ષિત કાઢ્યા હતા. ખેડૂત નેતા રાકેશ ટિકૈત સામે વિરોધ એવા સમયે થયો છે જ્યારે રાકેશ ટિકૈતે પહલગામ હુમલા અંગે નિવેદન આપ્યું હતું. તેમના નિવેદનનો ઘણો વિરોધ થયો હતો અને હિન્દુ સંગઠનો આ નિવેદનથી ખૂબ ગુસ્સે થયા હતા. આ કાર્યક્રમ મુઝફ્ફરનગરના સિટી કોતવાલી વિસ્તારના ટાઉન હોલમાં આયોજિત કરવામાં આવ્યો હતો.

### કોઇ એક રેપ કરે તો પણ બધાને મળશે સજા

## સામૂહિક દુષ્કર્મના કેસમાં સુપ્રીમ કોર્ટનો મોટો ચુકાદો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

સુપ્રીમ કોર્ટે કહ્યું કે સામૂહિક દુષ્કર્મના કિસ્સામાં, જો કોઈ એક વ્યક્તિએ એક ઈરાદાથી ગુનો કર્યો હોય તો દરેક વ્યક્તિને તેના અપરાધ માટે દોષિત ઠેરવવામાં આવશે. કોર્ટે ગેંગરેપના દોષિતોની સજાને યથાવત રાખી. ફરિયાદ પક્ષ માટે એ સાબિત કરવું જરૂરી નથી કે દરેક આરોપીએ દુષ્કર્મનું કૃત્ય કર્યું છે. ભારતીય દંડ સંહિતાની કલમ 376(2)(g) હેઠળ, સામૂહિક દુષ્કર્મના કેસમાં, જો બધા પક્ષકારોએ સમાન ઈરાદાથી કૃત્ય કર્યું હોય તો તેમને દરેકને કૃત્ય માટે દોષિત ઠેરવી શકાય છે. આ કેસમાં, ફરિયાદ પક્ષે આરોપ લગાવ્યો હતો કે તેઓએ પીડિતાનું અપહરણ કર્યું હતું, તેને ગેરકાયદેસર રીતે બંધક બનાવી હતી અને તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. અરજદારે દલીલ કરી હતી કે તેણે પોતે કોઈ જાતીય કૃત્ય કર્યું નથી, તેથી તેને ગેંગરેપનો દોષી ઠેરવી શકાય નહીં. જોકે, પછી ટ્રાયલ કોર્ટ અને પછી હાઈકોર્ટે તેમને દોષિત ઠેરવ્યા. આની વિરુદ્ધ તેમણે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી. સુપ્રીમ કોર્ટે પણ આરોપીની અરજી ફગાવી દીધી હતી અને સજા યથાવત રાખી હતી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિશ્વનાથને પોતાના લેખિત ચુકાદામાં જણાવ્યું હતું કે ઘટનાઓના ક્રમ પરથી સ્પષ્ટ થાય છે કે પીડિતાનું અપહરણ, તેણીને ખોટી રીતે બંધક બનાવવી અને તેની સાથે દુષ્કર્મ થયો હોવાના તેના નિવેદન...આ બધા તથ્યો કલમ 376(2)(g) ના હેઠળ દોષી સાબિત કરે છે.

## જામનગરના સાધના કોલોની રોડ પરથી વધુ ગેરકાયદે જાહેરાતના હોર્ડિંગ-બોર્ડ વગેરે દૂર કરાયા

। (એજન્સી) જામનગર, તા.૩ ।

જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા શહેરમાં દબાણ હટાવવાની ઝુંબેશ અવિરત ચાલુ રાખવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આજે સવારે જામનગરના પવનચક્કીથી સાધના કોલોનીના માર્ગ પર મહાનગર પાલિકાના સ્ટ્રીટ લાઈટના પોલ પર ગેરકાયદે રીતે લગાવવામાં આવેલા ૨૦૦થી વધુ જાહેરાતના હોર્ડિંગ બોર્ડ વગેરે ઉતારી લઈ મહાનગર પાલિકાની કચેરીમાં જમા કરાવી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત જી.જી.હોસ્પિટલથી લાલ બંગલા સુધીના માર્ગ પર રેકડી કેબીન સહિતના અન અધિકૃત દબાણો દૂર કરી લેવામાં આવ્યા છે, અને રેકડી કેબીન કબજે કરી લેવામાં આવી છે. ત્યારબાદ સાંજના સમયે રણમલ તળાવની પાળે પેટ્રોલ પંપથી શ્યામજી કૃષ્ણ વર્મા રોડ પર ઠંડા પીણા, જ્યુસ તથા અન્ય ખાણી પાણીના ધંધાર્થી દ્વારા ઊભા કરાયેલા મંડપની કમાન, ટેબલ, ખુરશી, સ્ટુલ વગેરે કબજે કરી લેવામાં આવ્યા છે, અને અંદાજે બે ટ્રેક્ટર જેટલો માલ સામાન જપ્ત કરીને જામનગર મહાનગર પાલિકાની કચેરીમાં જમા કરાવી દેવામાં આવ્યો છે.

## વડોદરામાં ભૂખી કાંસ રી-રૂટ કરવાના વિરોધમાં જન આંદોલન

। (એજન્સી) વડોદરા, તા.૩ ।

વડોદરા શહેરના ઉત્તર ઝોનમાં ભૂખી કાંસ રી-રૂટ કરવાના વિરોધમાં જન આંદોલનના ભાગરૂપે આજે સવારે ધરણા અને સહી ઝુંબેશ નો કાર્યક્રમ થાય તે પહેલા પોલીસે કોંગ્રેસના ૨૮ લોકોની અટકાયત કરી લીધી હતી. આંદોલનના ભાગરૂપે તેઓએ સૂત્રોચાર કર્યા હતા. વોર્ડ નંબર એકના કોંગ્રેસના કોર્પોરેટર અને પૂર્વ વિપક્ષી નેતાના કહેવા મુજબ ભૂખી કાંસ રી-રૂટ કરવું એટલે નેવાના પાણી મોભે ચડાવવા બરાબર છે. આ કામ કરવાથી જ્યાં પૂર નથી આવતા તે વિસ્તારમાં પણ પૂરની શરૂઆત થશે, એટલે ભૂખી કાંસ ડાઈવર્ટ કરવાનો નિર્ણય પાછો ખેંચવામાં આવે એ જ અમારી માગણી છે. આ કાંસને તેની મૂળ સ્થિતિમાં પાછો લાવી દબાણો દૂર કરવાના બદલે ૪૦ કરોડનો જે ધુમાડો કરવામાં આવી રહ્યો છે તેની સામે વિરોધ છે. થોડા સમય અગાઉ આ મુદ્દે અહીં મિટિંગ થઈ હતી, ત્યારે એવું કહેવામાં આવ્યું હતું કે આ કાંસ વોર્ડ નંબર એકના બદલે હવે વોર્ડ નંબર બેમા ડાઈવર્ટ કરવામાં આવશે, એટલે કે પહેલા વોર્ડ નંબર એકમાં છાણીથી પંડ્યા બ્રિજવાળા રસ્તે ડાઈવર્ટ કરવાનું હતું તેના બદલે હવે છાણીથી ડિલક્સ વાળા રોડ પર કામ ડાઈવર્ટ કરવામાં આવશે.

## જામનગરમાં લાખોની કિંમતના બીયર અને ઇંગ્લિશ દારૂના જથ્થાનો નાશ કરાયો

। (એજન્સી) જામનગર, તા.૩ ।

જામનગર શહેરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન તેમજ સી. ડિવિઝન પોલીસ સ્ટેશન ઉપરાંત બેડી મરીન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલો રૂપિયા ૪૬.૯૨ લાખની કિંમતનો ઈંગ્લિશ દારૂ અને બિયરનો જથ્થો, કે જેનો ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં નાશ કરવામાં આવ્યો હતો, અને તેના પર બુલડોઝર ફેરવી દેવાયું હતું. જામનગરના સિવિલ એરપોર્ટની નજીક સરકારી ખરાબાની ખુલ્લી જગ્યામાં આજે સવારે શહેર વિભાગના પ્રાંત અધિકારી પી.બી.પરમારની રાહબરી હેઠળ સમગ્ર દારૂ અને બિયરના જથ્થા નો નાશ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં નશાબંધી શાખાના અધિકારી, ઉપરાંત જામનગર શહેરના સીટી એ. ડિવિઝન અને સી. ડિવિઝન ઉપરાંત બેડી મરીન પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા.



કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મહારાષ્ટ્રમાં નિર્માણાધીન મુંબઈ બુલેટ ટ્રેન સ્ટેશનની લીધી મુલાકાત.

## ધરમપુરમાં કોંગ્રેસના સુપડા સાફ, સાંસદ ધવલ પટેલનું ફર્યું બુલડોઝર

। (એજન્સી) ધરમપુર, તા.૩ ।

ધરમપુરમાં આખી કોંગ્રેસ તુટી જતાં રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ધરમપુરમા કોંગ્રેસ પ્રમુખ પોતાના સમર્થકો સાથે ભાજપ મા જોડાઈ ગયાં છે. વલસાડના સાંસદ ધવલ પટેલના હસ્તે ધરમપુરના પીઢ કોંગ્રેસી કાર્યકર મુકેશ આહિરે કેસરિયો ખેસ ધારણ કર્યો હતો.

કોંગ્રેસના પીઢ આગેવાન મુકેશ આહીર સાથે ૮૦થી વધુ કોંગ્રેસના કાર્યકરો ભાજપમા જોડાઈ જતાં કોંગ્રેસમાં ભૂકંપ સર્જાયો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગઈકાલે વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે યોજાયેલા ભાજપના યુવા સંમેલનમાં ધરમપુર શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ આહીર તેમના સમર્થકો સાથે ભાજપમાં જોડાઈ ગયા હતાં. ધારાસભ્ય અરવિંદ પટેલનાં હસ્તે તેમને ભાજપનો ખેસ પહેરાવીને સ્વાગત કરાયું હતું.

### નર્મદા કેનાલ ચાલુ કરવાની કરી માગ

# ધાંગધ્રા બ્રાંચ કેનાલમાં રીપેરીંગ કામગીરીના કારણે ખેડૂતોને હાલાકી

### સાફસફાઈ તેમજ રીપેરીંગ કામ નહીં થતું હોવાની અને મોટાં પ્રમાણમાં હપ્તાખોરી કરી ભ્રષ્ટાચાર આરોપ ખેડૂત આગેવાનો દ્વારા કરવામાં આવ્યો હતો

। (એજન્સી) મોરબી, તા.૩ ।

મોરબી, માળીયા અને ધાંગધ્રા બ્રાંચ કેનાલનું રીપેરીંગ થતું હોવાથી પાણી બંધ છે જેને લઈને ખેડૂતો પરેશાની ભોગવી રહ્યા છે તો સાથે અધિકારીઓ ફોન નહીં ઉપાડતાં હોવાનો સાથે હપ્તાખોરી કરવાનો ખેડૂતોએ આરોપ લગાવ્યો હતો જેમાં ૪૦થી વધુ પ્રશ્નો મોરબી માળિયા અને ધાંગધ્રા બ્રાંચ કેનાલના ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા અને સૌરાષ્ટ્ર શાખા નહેરના અધિકારીઓને રજૂ કર્યા હતા.

ખેડૂતોએ ધારાસભ્યને રજૂઆત કરી

નર્મદા કેનાલ બંધ છે અને તેમાં છેવાડાના માળિયાના ખેડૂતોને સિંચાઈનો કાયમી પ્રશ્નો રહે છે ત્યારે મોરબી સર્કીટ હાઉસમાં ખેડૂતો અને આગેવાનો સાથે મોરબી ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા અને સૌરાષ્ટ્ર શાખા નહેરના અધિકારીઓ સાથે બેઠક મળી હતી જેમાં મોટાભાગના વિસ્તારોમાં માઈનોર કેનાલના કામો અધુરાં અને લાઈન લેવલ વગરના, સાફસફાઈ તેમજ રીપેરીંગ કામ નહીં થતું હોવાની અને મોટાં પ્રમાણમાં હપ્તાખોરી કરી ભ્રષ્ટાચાર આરોપ ખેડૂત આગેવાનો દ્વારા કરવામાં આવ્યો હતો.

ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા સમક્ષ નર્મદા કેનાલ ચાલુ કરવાની માંગ કરવામાં આવી હતી પરંતુ ટેન્ડર પ્રક્રિયા મોડી થઈ હોવાથી ૩૧ મેં સુધી કેનાલમાં પાણી છોડવામાં આવશે તેવી હૈયાધારણા આપવામાં આવી હતી. તો સાથે વિવિધ જગ્યાએ પાણીનો વેડફાટ અટકાવવા માટે અને અધિકારી દ્વારા મોનિટરીંગ કરવા ખેડૂત આગેવાનોએ રજૂઆત કરી હતી. માળીયા અને મોરબી બ્રાંચ કેનાલનું રીપ ેરીંગ કામ ચાલુ છે જ્યારે હાલમાં બ્રાહ્મણી ડેમ ૨ ભરવાં માટે ધાંગધ્રા બ્રાંચ કેનાલનું પાણી છોડવામાં આવ્યું છે અને જેમાથી જામનગર કચ્છ અને મોરબી જિલ્લામાં પિવાનુ પાણી આપવામાં આવે છે ત્યારે આજે મોરબી સર્કીટ હાઉસમાં મળેલી બેઠકમાં ૪૦ જેટલાં પ્રશ્નો રજૂ થયાં હતાં.

## કર્મયોગી એપ્લિકેશન સિવાય ઓફલાઈન પણ રજા મેળવી શકાશે

। (માહિતી) ગાંધીનગર, તા.૩ ।

ગુજરાત સરકારે કર્મચારીઓ માટે રજૂ કરેલી કર્મયોગી એપ્લિકેશન હવે રજાની મંજૂરી માટે અનિવાર્ય બનતી જઈ રહી છે. જોકે હાલ અમુક પ્રકારની રજાઓ અને અમુક વિભાગોના કર્મચારીઓ માટે આ એપ્લિકેશન પૂર્ણતઃ કાર્યરત નથી, જેને લઈ રાજ્ય સરકારે વચગાળાની વ્યવસ્થા રૂપે ઓફલાઈન રજા મંજૂરીનો માર્ગ ખુલ્લો રાખ્યો છે. સરકારે એક નવો પરિપત્ર બહાર પાડી વચગાળાની સુવિધાને મંજૂરી આપી છે. રાજ્ય સરકારના કર્મયોગી એપ્લિકેશનમાં હાલ અમુક શિક્ષણ વિભાગના અધિકારીઓ તથા અન્ય કર્મચારીઓ માટે લાગુ પડતી રજા વ્યવસ્થા સિસ્ટમમાં જોડી નથી. એટલે જ આ પ્રકારની રજાઓ માટે તેમની કચેરીના વડા દ્વારા ઑફલાઈન મંજૂરી અપાશે. કર્મયોગી એપ્લિકેશન કઈ રીતે કામ કરે છે?ગુજરાત સરકારના દરેક કર્મચારીઓ દ્વારા થતી કામગીરીની નોંધણી કર્મયોગી એપ્લિકેશનમાં કરવામાં આવે છે. માનવ સંસાધન વ્યવસ્થાપન પ્રણાલીના ભાગરૂપે કર્મયોગી એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. જેનો ઉપયોગ તમામ સરકારી કર્મચારી-અધિકારીઓ પોતાની હાજરી ભરવા ઉપરાંત રજાની મંજૂરી લેવા માટે કરે છે. પરંતુ આ એપમાં પરેશાની સર્જાતા સરકારે આ વચગાળાનો નિર્ણય લીધો છે. શિક્ષણ વિભાગમાં કાર્યરત શિક્ષકોને વેકેશન મળતું હોય છે, જ્યારે અન્ય વિભાગોના કર્મચારીઓને બીજી અને ચોથા શનિવારે રજા હોય છે. આ રજાઓ દરમિયાન જો શિક્ષક દ્વારા રજાની અરજીઓ આપવામાં આવે, તો તે કર્મયોગી એપ્લિકેશનમાં મંજૂર થતી ન હતી. આવા સંજોગોમાં રજાની મંજૂરી અટવાતા શિક્ષકો અને અધિકારીઓને તકલીફ થતી હતી. રાજ્ય સરકારે હવે સ્પષ્ટ કર્યું છે કે, જ્યાં સુધી તમામ પ્રકારની રજાઓ અને તમામ કૅલેન્ડરની માહિતી કર્મયોગી એપ્લિકેશનમાં સિસ્ટમેટિક રીતે અપડેટ ન થાય, ત્યાં સુધી ઓફલાઈન મંજુરીઓ ચાલુ રહેશે. રાજ્ય સરકારે પરિપત્રમાં સ્પષ્ટ સૂચના આપી છે કે દરેક કચેરીના વડાએ કર્મચારીની રજા, ઋ કે જાહેર રજાની અરજીઓનું યોગ્ય રીતે વિશ્લેષણ કરી મંજૂરી આપવી રહેશે અને ત્યારબાદ તેની નોંધ જરૂરી દસ્તાવેજોમાં રાખવી પડશે. આવતા સમયમાં કર્મયોગી એપ્લિકેશનને સંપૂર્ણપણે સુદૃઢ બનાવવાના પ્રયાસો ચાલુ રાખવામાં આવ્યા છે જેથી ભવિષ્યમાં તમામ પ્રકારની રજાઓ, મંજૂરીઓ તથા કર્મચારી ડેટા એક જ પ્લેટફોર્મથી નિયંત્રિત થઈ શકે. આ નિર્ણયથી શિક્ષણ વિભાગ ઉપરાંત અન્ય વિવિધ વિભાગોમાં આવી અપૂર્ણતા હેઠળ આવતા કર્મચારીઓ માટે રાહતનો શ્વાસ લઈને નિર્ણય લેવાયો છે.

### વિદ્યાર્થી ગર્ભધારણ કરાવવા સક્ષમઃ મેડિકલ રિપોર્ટ

# સુરતની શિક્ષિકા -૧૩ વર્ષના વિદ્યાર્થીની લવ સ્ટોરી ચિંતાજનક : મનોચિકિત્સક

### આ મુદ્દો કાયદાનો છે તેનાથી કદાચ વધુ સામાજિક રીતે જાગૃતિનો વધુ હોવાનો નિષ્ણાતોનો મત

। (એજન્સી) સુરત, તા.૩ ।

સુરતની એક છોટી સી લવ સ્ટોરી હાલ ભારે ચર્ચામાં છે. સામાજિક સ્તરે આવેલા પરિવર્તનને દર્શાવતી આ ઘટનામાં સૌ કોઈએ વિચારવાનો સમય આવી ગયો હોય તેવી ઘટના સામે આવી છે. ૨૩ વર્ષની શિક્ષિકા ૧૩ વર્ષના સગીરથી પ્રેગન્ટ થઈ છે.

હાલ પોલીસે શિક્ષિકા સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે સામાજિક રીતે વિચારવાનો સમય આવી ગયો હોવાનું તબીબો કહી રહ્યાં છે. જાણીતા. મનોવૈજ્ઞાનિક ડો. મુકુલ ચોકસીએ કહ્યું કે, ૧૩ વર્ષની ઉંમરમાં જાતિય આવેગ આવવો હવે સામાન્ય થઈ ગયું છે. કાયદાકીય રીતે આવી ક્રિયાઓ માટે ૧૮ વર્ષ નક્કી કરવામાં આવ્યાં છે. હવે આ જે ભેદ છે તેના માટે વિચારવાનો સમય આવી ગયો છે. કુદરતી જાતિય આવેગને ચેનલાઈઝ કરવાની જરૂર છે. તેના માટે સગીરોને જાતીય શિક્ષણ (સેક્સ એજ્યુકેશન) આપવું ખૂબ જરૂરી છે. કારણ કે, તેનાથી સગીરોના આવેગને એક દિશા પણ મળી શકે છે. સાથે જ આવેગો માટે હસ્તમૈથુન સહિતની વસ્તુઓથી પણ સગીરોને માહિતગાર કરવા આવશ્યક છે. આ જેટલો મુદ્દો કાયદાનો છે તેનાથી કદાચ વધુ સામાજિક રીતે જાગૃતિનો વધુ હોવાનું લાગી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ગત ૨૫મી એપ્રિલે ૧૩ વર્ષના વિદ્યાર્થીને ૨૩ વર્ષની શિક્ષિકા ભગાવી જતા દોડતી થયેલી પોલીસને ચાર દિવસ ૫ છી બંનેને શોધી કાઢવામાં સફળતા તો મળી મળી પરંતુ એક ઘટસ્ફોટ એવો પણ થયો છે કે, શિક્ષિકાને પાંચ મહિના અને ચાર દિવસનો ગર્ભ છે. આ બાળક થકી જ તેને ગર્ભ રહ્યો હોવાનો તેણે એકરાર પણ કર્યો છે. એટલે પોલીસે તેની ઉપર સગીર બાળક ઉપર જાતિય શોષણનો પોક્સો એક્ટ હેઠળ પણ ગુનો નોંધ્યો છે. સગીર વિદ્યાર્થી સાથે ભાગી ગયેલી શિક્ષિતા ગર્ભવતી હોવાનું જાહેર થયા પછી પોલીસ પણ મૂંઝવણમાં હતી કે આ ગર્ભ કોના દ્વારા રહ્યો હશે. જોકે એક દિવસના રિમાન્ડ દરમિયાન શિક્ષિકાએ કબુલાત કરી હતી કે તે આ વિદ્યાર્થી સાથે સપ્તાહમાં ચાર વખત સંભોગ કરતી હતી. તેને આ ગર્ભ આ બાળક દ્વારા જ રહ્યો છે. બીજી તરફ પોલીસે બાળકનો પોટેન્સી ટેસ્ટ કરાવતા આ બાળક પણ ગર્ભ ધારણ કરાવવા માટે સક્ષમ હોવાનું તબીબી દ્રષ્ટિએ પુરવાર થયું છે.

### ફાયર NOC મેળવવા સ્કૂલોને અલ્ટીમેટમ આપવામાં આવ્યું

## સુરત શહેર-ગ્રામ્યની ૬૮ સ્કૂલોને રૂપિયા ૧૦ હજારનો દંડ ફટકારાયો

। (એજન્સી) સુરત, તા.૩ ।


સુરત શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૬૮ શાળાઓ ફાયર NOC વિના કાર્યરત હોવાનું જાણવા મળતાં શિક્ષણ વિભાગે DEO-DPO ને તાત્કાલિક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો, જ્યારે DEO-DPO એ દરેક શાળા પર ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ફાયર સેફ્ટી મુદ્દે લાલીયાવાડી કરનારા સામે લાલ આંખ કરવામાં આવી છે. પખવાડિયામાં ફાયર NOC મેળવવા સ્કૂલોને અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે, સ્કૂલની માન્યતા રદ કરવાની ચેતવણી આપવામાં આવી છે. સુરત જિલ્લા શિક્ષણ અધિકારી-ઈન-ચાર્જ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અરુણ અગ્રવાલ પાસેથી મળેલી માહિતી અનુસાર તક્ષશિલા આગની ઘટના પછી વિદ્યાર્થીઓની સલામતી પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. દરમિયાન, શિક્ષણ બોર્ડના નિયમો મુજબ, દરેક નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત પહેલાં, શાળાઓએ ફરજિયાત પણે ફાયર સેફ્ટી સાધનોની તપાસ કરવી પડે છે અને તેમના NOC પણ અપડેટ કરવા પડે છે. આ પછી તેમણે તેને ઓફિસમાં પણ સબમિટ કરવાનું રહેશે. દરમિયાન, સુરત શહેરના લિંબાયત, ઉધના, પાંડેસરા, વરાછા, સચિન અને અડાજણ જેવા વિસ્તારોની ૨૬ શાળાઓને નોટિસ ફટકારવામાં આવી હતી. જેમાં માત્ર ૨ શાળાઓએ જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા હતા, જ્યારે અન્ય ૨૪ શાળાઓએ આંખ આડા કાન કર્યા હતા.


### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેર વહીવટમાં ટેકનોલોજીના ઉપયોગ થકી લોકોપયોગી કાર્યોને ઝડપથી પૂર્ણ કરવા પર હંમેશાં ભાર મૂક્યો : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૪માં સફળ થયેલા સ્પીપાના તાલીમાર્થીઓને સન્માનિત કર્યા

। અમદાવાદ, તા.૩ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પીપા અમદાવાદ ખાતે યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૪માં સફળ થયેલા તાલીમાર્થીઓને સન્માનિત કર્યા હતા. યુપીએસસીમાં સફળતા મેળવનાર તાલીમાર્થીઓને શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જાહેર વહીવટ ક્ષેત્રે પોતાની ફરજો અદા કરતા સામાન્ય માણસને મદદરૂપ થવાનો ભાવ કેન્દ્ર સ્થાને હોવો જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જાહેર વહીવટમાં ટેકનોલોજીના ઉપયોગ થકી લોકોપયોગી કાર્યોને ઝડપથી પૂર્ણ કરવા પર હંમેશાં ભાર મૂકે છે. મુખ્યમંત્રીશ્રીએ સફળ થયેલા તાલીમાર્થીઓને તેમની ક્ષમતાઓ પર વિશ્વાસ રાખીને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ થકી જાહેર વહીવટ ક્ષેત્રે તેમની





ફરજો અદા કરવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાનશ્રીના દૂરંદેશી નેતૃત્વમાં દેશમાં સેમિકન્ડકટર જેવા નવીન ક્ષેત્રોથી લઈને નાગરિકોની પાયાની જરૂરિયાતો સુધીનાં તમામ ક્ષેત્રે અવિરત વિકાસ જોવા મળી રહ્યો છે, એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં આપણી સંસ્કૃતિ અને વારસાનું સંવર્ધન થઈ રહ્યું છે. 'કેચ ધ રેઈન' અભિયાન અંતર્ગત જળ સંરક્ષણ હોય કે આવા અન્ય અભિયાનો હોય, પ્રજાજનો આજે સ્વયંભૂ જાગૃત થઈને રાષ્ટ્રપ્રથમના ભાવ સાથે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં પોતાનું યોગદાન આપવા આગળ આવી રહ્યા છે.

સ્પીપાના ડાયરેકટર જનરલ શ્રી હારિત શુક્લા દ્વારા સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકારવામાં આવ્યા હતા તથા સંસ્થાના ભાવિષ્યલક્ષી આયોજનની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી. તેમણે સિવિલ સર્વિસ પરીક્ષાઓમાં સફળ થતા ઉમેદવારોને રાજ્ય સરકાર દ્વારા અપાતી સહાયમાં કરવામાં આવેલા વધારાની વિગતો રજૂ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારની વિવિધ સહાય યોજનાઓ અને સ્પીપા જેવી સંસ્થાઓ ગુજરાતના યુવાઓના સામર્થ્યને યોગ્ય મંચ પૂરો પાડીને તેમને સફળતાના શિખરો સર કરવામાં સંપૂર્ણ સહયોગ પૂરો પાડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના ઈતિહાસમાં યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૪માં સવર્શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત થયું છે. સરદાર પટેલ લોક પ્રસાશન સંસ્થા (સ્પીપા) ખાતે તાલીમ મેળવીને યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૪માં કુલ ૨૬ તાલીમાર્થીઓ સફળ થયા છે. સન્માન સમારોહમાં સન્માનિત થયેલા તાલીમાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ પ્રસંગે સફળ ઉમેદવારોની સિદ્ધિઓ, તૈયારીઓ અને સ્પીપાની વ્યવસ્થા તથા સુવિધાઓ દર્શાવતી ટૂંકી ફિલ્મનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર, પૂર્વ મુખ્ય સચિવ શ્રી શ્રી પી.કે. લહેરી, તાલીમાર્થીઓના પરિવારજનો, સ્પીપાના અધિકારી - કર્મચારી ગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ગરમીમાં સ્કિન ટેનિંગથી થાકી ગયા છો? આ સરળ ઘરેલુ નુસખાઓથી સ્કિન ચમકે ચાંદી જેવી!

**ગરમી વધી રહી છે, અને તેની સાથે સ્કિન ટેનિંગની સમસ્યા પણ સતત વધી રહી છે, ઘરમાંથી બહાર નીકળતાં જ ચહેરો અને હાથ કાળો પડી જાય છે**



ગરમીમાં સ્કિન ટેન વધારે થઈ જાય છે. સ્કિન ટેનિંગની સમસ્યા તમે સમયે દૂર કરતા નથી તો વધતી જાય છે. આમ, આ ઘરેલુ નુસખાઓથી સ્કિન મસ્ત થઈ જશે. ગરમીનો પારો સતત વધી રહ્યો છે. આ કારણે સ્વાસ્થ્યથી લઈને ત્વચાની હાલત ખરાબ થઈ જાય છે. ગરમીમાં તમે સ્કિનની કેર વધારે કરતા નથી તો ડેમેજ થઈ જાય છે. આમ, વાત કરવામાં આવે તો ગરમીમાં સ્કિન ટેનિંગની સમસ્યા વધી જાય છે. ટેનિંગને કારણે સ્કિન કાળી પડવા લાગી છે. આમ, તમે પણ સ્કિન ટેનિંગની સમસ્યાથી કંટાળી ગયા છો તો આ ઘરેલુ નુસખાઓ અનેક રીતે કામમાં આવશે. તો જાણો કેવી રીતે ટેનિંગની સમસ્યા દૂર કરશો. બેસન અને દહીં, બેસન અને દહીંની મદદથી તમે સ્કિન ટેનિંગની સમસ્યા દૂર કરી શકો છો. પરંતુ શું તમે જાણો આ પેસ્ટ કેવી રીતે બનાવશો? તો તમને જણાવી દઈએ કે સૌથી પહેલાં એક બાઉલમાં જરૂર મુજબ બેસન અને દહીં લો. ત્યારબાદ આ બંને વસ્તુને મિક્સ કરી દો. હવે આ પેસ્ટને ટેનિંગની જગ્યા પર લગાવો અને ૨૦ મિનિટ માટે રહેવા દો. પછી પાણીથી ધોઈ દો. આમ કરવાથી સ્કિન મસ્ત થઈ જશે. ટેનિંગની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે આ પેસ્ટ તમને કામમાં આવી શકે છે. લીંબુ અને બટાકાની પેસ્ટ સૌથી પહેલાં બટાકાની છાલ કાઢી દો. ત્યારબાદ બટાકાના રસમાં લીંબુનો રસ મિક્સ કરો. બટાકા અને લીંબુમાં મળતા તત્વો ટેનિંગની સમસ્યાને દૂર કરી શકે છે. આ મિક્સરની મદદથી ત્વચા મસ્ત થઈ જશે. એક અઠવાડિયામાં બે વાર તમે આ પેસ્ટ એપ્લાય કરી શકો છો. આ પેસ્ટથી સ્કિન પર પોઝિટિવ અસર જોવા મળશે. આમ, આ પેસ્ટ લગાવતા પહેલાં પેચ ટેસ્ટ કરવો જરૂરી છે. ટેનિંગ રિમૂવ કરવા માટે દહીંનો ઉપયોગ કરી શકો છો. આ સિવાય તમે કાકડીની સ્લાઈસ કરીને પણ સ્કિન પર એપ્લાય કરી શકો છો. પરંતુ ખાસ ધ્યાન એ રાખો કે લીંબુનો રસ ડાયરેક્ટ સ્કિન પર એપ્લાય કરવાનો નથી. ખાસ ધ્યાન એ વાતનું રાખો કે આ પેસ્ટ લગાવતા પહેલાં પેચ ટેસ્ટ કરવો જરૂરી છે. દહીં તમે ખાટુ તેમજ મોળું એમ કોઈપણ લઈ શકો છો. બેસન અને દહીંનો સંયોજન ત્વચા માટે શાંતિદાયક અને પોષણદાયક પેક છે. બેસનમાં રહેલા કુદરતી સ્ક્રબિંગ તત્વો ડેડ સ્કિનને દૂર કરે છે, જ્યારે દહીંમાં રહેલો લેક્ટિક એસિડ ત્વચાને નરમ અને ચમકદાર બનાવે છે. આ પેસ્ટ ખાસ કરીને ચહેરા, ગરદન અને હાથ માટે ખૂબ અસરકારક છે જ્યાં ટેનિંગ વધુ જોવા મળે છે. વધારાની માહિતીઃ જો તમે તેમાં હળદરનો ચપટો ચમચી ઉમેરો તો એ પેક એન્ટિબેક્ટેરિયલ બની જાય છે, જે ત્વચાને ફંગસ અથવા પિમ્પલ્સથી બચાવે છે. બટાકું અને લીંબુ - ટેનિંગ માટે કુદરતી બ્લીચિંગ ઉપાય, બટાકાના રસમાં રહેલું એન્ઝાઈમ ''કેટેચોલેઝ'' ત્વચાને હળવી કરે છે, જ્યારે લીંબુમાં રહેલો વિટામિન C અને સિટ્રિક એસિડ મેલાનિનને ઘટાડી સ્કિન ટોનને સમતોલ બનાવે છે. આ પેક ત્વચાના કાળા પડેલા ભાગો પર સતત ઉપયોગ કરવાથી ધીમે ધીમે ફેરફાર લાવે છે. વધારાની માહિતીઃ વધુ સારી અસર માટે, પેક બાદ ત્વચા પર એલોવેરા જેલ લગાવો - તે ત્વચાને હાઈડ્રેટ રાખશે અને બર્નિંગ સેન્સેશન થવા ન દેશે. સ્કિન ટેનિંગની સમસ્યા સામાન્ય છે પણ તેને ignore કરવી ખોટી છે. રસોડાની સામગ્રીથી બનેલા આ નુસખાઓ તમારા સમય અને પૈસા બંને બચાવે છે - અને લાવે છે કુદરતી ચમકતી ત્વચા!

# ગરમીમાં વહેલી સવારે આ વસ્તુનું સેવન કરવાથી કમજોરીને દૂર રહેશે અને શરીર રાખશે ઉર્જાવાન

**વિટામિન C અને ઝિંક ઇમ્યુન સેલ્સને મજબૂત કરે છે, ગરમીના સમયમાં વાઇરસ, બેક્ટેરિયા સામે લડવામાં મદદ કરે છે, કોલીન અને વિટામિન B6 મગજ માટે ઉત્તમ**

ઉનાળામાં આ બે વસ્તુઓને તમારા આહારમાં સામેલ કરો. થોડા દિવસોમાં જ તમે તમારા શરીરમાં અનેક ફાયદા જોઈ શકશો. આ ટિપ્સ મોસમી બીમારીઓ સામે લડવામાં ખૂબ મદદ કરશે. ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. આ સીઝનમાં આપણને આપણા આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું પડે છે. જેમણે કેટલીક હેલ્થ ટિપ્સ જણાવી છે. જે નીચે પ્રમાણે છે. જો તમને સવારે કંઈક હેલ્ધી ખાવું છે તો તમે તમારા આહારમાં મગ અને ચણાને સામેલ કરી શકો છો. તેમાં વિટામિન C, પ્રોટીન અને ફાઈબર હોય છે, જે તમારા શરીરને બીમારીઓ સામે લડવામાં મદદ કરશે અને તમને હેલ્ધી રાખશે. મગ અને ચણા આપણા મગજ માટે ખૂબ ફાયદાકારક છે. તેનો સેવન અમારી યાદશક્તિને મજબૂત બનાવે છે અને માનસિક તણાવને ઘટાડે છે. તેમાં રહેલા વિટામિન-B 6 અને કોલીન મગજ માટે લાભદાયક છે. ડાયાબિટીસ પેશન્ટ માટે પણ મગ અને ચણા લાભદાયક છે. તે બ્લડ શુગરને વધારવાથી રોકે છે. મગ અને ચણા આપણા ઈમ્યુનિટી સિસ્ટમને મજબૂત બનાવે છે. થાક અને કમજોરીને દૂર રાખે છે અને તાજગી અને ઉર્જાવાન રાખે છે. મોટાભાગના લોકો જિમમાંથી આવ્યા પછી તેને ખાય છે. મગ અને ચણા ત્વચા અને વાળ માટે પણ ફાયદાકારક છે. તેમાં રહેલા પોષક તત્વો અમારી ત્વચાનો તેજ વધારતા અને વાળને મજબૂત બનાવે છે. જેમના પાચન તંત્ર નબળું હોય છે, તેઓ પણ તેનો સેવન



કરી શકે છે. તે કબજિયાત અને એસિડિટી જેવી સમસ્યાઓને દૂર રાખે છે. ત્વચા અને વાળની સુંદરતા જાળવવા માટે પણ મગ અને ચણા અદ્ભુત કામ કરે છે. તેમાં રહેલા પોષક તત્વો ત્વચાને તેજસ્વી બનાવે છે અને વાળને મજબૂત કરીને તૂટવાની સમસ્યા ઘટાડે છે. જે લોકોને પાચન સંબંધી સમસ્યાઓ જેવી કે કબજિયાત કે એસિડિટી હોય, તેઓ પણ તેનું સેવન સરળતાથી કરી શકે છે, કારણ કે તે ફાઈબરથી ભરપૂર હોવાથી પાચનતંત્રને સુધારે છે. મગ અને ચણાને અંકુરિત (સ્પ્રાઉટ્સ) કરીને સવારે ખાઈ શકો છો, તેમને ઉકાળીને સલાડમાં ઉમેરી શકો છો કે પછી હળવી ચટણી સાથે પણ લઈ શકો છો. આ નાનો ફેરફાર તમારા શરીરને અંદરથી મજબૂત બનાવશે અને ઉનાળામાં તમને તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ કરાવશે. તો આજથી જ સવારે આ બે વસ્તુઓનું સેવન શરૂ કરો અને તમારા આરોગ્યનું રહસ્ય લોકો સાથે શેર કરવા તૈયાર રહો! ઉનાળામાં શરીર તંદુરસ્ત અને ઊર્જાવાન રાખવા માટે મગ અને ચણાનું સેવન ખરેખર ખૂબ જ ફાયદાકારક છે. ચાલો, હવે આ વિષયને વધુ વ્યાપક રીતે સમજીએ અને તમને એક સંપૂર્ણ, માહિતીસભર અને લગાવદાર લેખ તૈયાર કરવામાં મદદ કરીએ. ગરમીમાં વહેલી સવારે ''મગ અને ચણા''નું સેવન - સ્વાસ્થ્ય માટે જાદુઈ ઉપાય! ઉનાળો એ એવો ઋતુ છે કે જેમાં શરીર ઝડપથી થાકી જાય છે, કમજોરી અનુભવાય છે અને મોસમી રોગચાળાની શક્યતા વધી જાય છે. આવા સમયમાં પોષક તત્વોથી ભરપૂર આહાર લેવામાં આવે તો શરીર માત્ર ફિટ રહેતું નથી, પણ અંદરથી મજબૂત બને છે. આજે આપણે એવી જ બે વસ્તુની વાત કરીશું - અંકુરિત મગ અને ચણા, જે તમારા આરોગ્ય માટે ''પ્રાકૃતિક ટોનિક'' તરીકે કામ કરે છે. મગ અને ચણાના મુખ્ય પોષક તત્વો, પ્રોટીનઃ ચરબી વગરની શક્તિ માટે શ્રેષ્ઠ સ્રોત, ફાઈબરઃ પાચનતંત્ર માટે લાભદાયક વિટામિન્સઃ B6, C, E અને કોલીન, મિનરલ્સઃ આયર્ન, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, ઝિંક, એન્ટી ઓક્સિડન્ટ્સ : સેલ ડેમેજથી બચાવે, સવારના સમયે ઉપયોગ કેમ કરવો જોઈએ? સવાર એ સમય હોય છે જ્યારે શરીર ડિટોક્સ પ્રક્રિયામાં હોય છે અને પોષક તત્વોની જરૂર વધારે હોય છે. મગ અને ચણાના અંકુરિત દાણાઃ પેટ સાફ રાખે છે, લાંબા સમય સુધી ઊર્જા આપે છે, હળવી રહે છે અને પચવામાં સરળ હોય છે. મગ અને ચણાના આરોગ્ય ઈમ્યુનિટી બૂસ્ટ કરે.

# શું તમે ચા પીતી વખતે ધૂમ્રપાન કરો છો? મોંઘી પડશે આ ટેવ..

**શ્વાસની તકલીફો, ફેફસાંમાં અવરોધ, માનસિક તણાવ, હૃદયની ધબકારા વધવું જેવી અનેક દાંત અને પેઢાની સમસ્યાઓનો સામનો કરવો પડી શકે**

આજના સમયમાં ધૂમ્રપાન કરવું ઘણા લોકો માટે સામાન્ય બાબત બની ગઈ છે. કેટલાક લોકો સિગરેટ અને ચા એકસાથે પીવે છે. આ ટેવ તેઓના શરીર પર ગંભીર અસર કરે છે. 'અમે શા માટે ધૂમ્રપાન કરીએ છીએ?' તે જાણ્યા વિના, ઘણા લોકો આ ખોટી આદતને આનંદદાયક માનતા હોય છે. ધૂમ્રપાન જીવલેણ છે તે જાણીને પણ, લોકો પોતાને જ નુકસાન પહોંચાડે છે. ઘણા લોકો ચા સાથે ધૂમ્રપાન કરવાની આદત ધરાવે છે. આ સંપૂર્ણપણે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, એમ ડોકટરો ચેતવણી આપે છે. ''ચા પીતી વખતે ધૂમ્રપાન કરવાથી'' થતા સ્વાસ્થ્યને કેવું નુકસાન થાય છે? આવો જાણીએ. હૃદયરોગઃ ધૂમ્રપાન અને વધુ કેફીન બંને રક્તચાપ વધારી શકે છે. આથી, હૃદયની ધબકારા અનિયમિતતા, ઉચ્ચ રક્તચાપ અને હૃદયરોગ થવાનો ખતરો રહે છે. વધુમાં, નર્વસ સિસ્ટમને પણ અસર થઈ શકે છે. ખોરાકની નળીનો કેન્સર (Esophageal Cancer)ઃ ચા ગરમ હોવાથી ખોરાકની નળીની કોષોને નુકસાન પહોંચે છે. ધૂમ્રપાન પણ આ કોષોને વધુ નુકસાન પહોંચાડે છે. ચા પીતી વખતે ધૂમ્રપાન કરવાથી ખોરાકની નળીના કેન્સર થવાની સંભાવના ૩૦% વધે છે, એમ અભ્યાસો દર્શાવે છે. વ્યંધત્વઃ ચા અને સિગરેટ બંને સાથે મળીને, પુરુષોના સ્પર્મની ગુણવત્તા અને સ્ત્રીઓના ગર્ભાશયના કાર્યને અસર કરે છે. ચામાં રહેલા કેફીન પેટમાં એસિડનું ઉત્પાદન વધારી શકે છે. આ બંને સાથે મળીને પાચન સમસ્યાઓ, એસિડિટી અને કબજિયાત જેવી સમસ્યાઓ સર્જી શકે છે. મોઢા અને ગળાનું કેન્સરઃ ધૂમ્રપાનમાં રહેલા ઝેરી રસાયણો અને ચાની ગરમી મોઢા અને ગળાના કેન્સરનું કારણ બની શકે છે.

# આ શાકભાજી છે કે દવાઓનો ખજાનો! પાનથી લઈને ફળ સુધીમાં ઔષધીય ગુણ

**સરગવો માત્ર સ્વાદિષ્ટ જ નથી, પરંતુ તે પૌષ્ટિક તત્વોથી પણ ભરપૂર, તેમાં આયર્ન અને અનેક પ્રકારના વિટામિન્સ હોય છે**

સરગવો, જેને સામાન્ય ભાષામાં સહજન પણ કહેવામાં આવે છે, એક લોકપ્રિય શાકભાજી છે જે આખું વર્ષ બજારમાં ઉપલબ્ધ રહે છે. આ શાકભાજી આરોગ્ય માટે અનેક ફાયદા ધરાવે છે. તેના ઔષધીય ગુણો જાણીને તમે આશ્ચર્યચકિત થઈ જશો. આયુર્વેદ નિષ્ણાતોનું માનવું છે કે, આ શાકભાજી ગર્ભવતી મહિલાઓ માટે સરગવો જડીબુટ્ટી સમાન છે. સરગવો માત્ર સ્વાદિષ્ટ જ નથી, પરંતુ તે પૌષ્ટિક તત્વોથી પણ ભરપૂર છે. તેમાં આયર્ન અને અનેક પ્રકારના વિટામિન્સ હોય છે, જે શરીરને પૂરતી ઊર્જા આપે છે. સરગવાને શરીરમાં લોહીની ઉણપ (એનિમિયા) દૂર કરવા અને કુપોષણ દૂર કરવા માટે પણ અસરકારક માનવામાં આવે છે. આયુર્વેદમાં સરગવાને સોભાંજનના નામથી પણ ઓળખવામાં આવે છે. તેની મૂળ, ફૂલ, પાંદડા અને છાલ, બધું જ ગુણકારી હોય છે. તેનો ઉપયોગ મુખ્યત્વે પાચન સંબંધિત રોગોમાં થાય છે. સરગવાના ફૂલ, પાંદડા અથવા ફળને શાકભાજી તરીકે ખાઈ શકાય છે. તે નર્વસ સિસ્ટમ સાથે જોડાયેલા રોગો, જેમ કે, લકવાના દર્દીઓ માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. સરગવાની શાકભાજી અને ફળોનું સેવન દુર્બળતા અને રક્ત વ્યાધિમાં થાય છે. તે શ્વાસ સંબંધિત રોગો, જેમ કે શ્વાસ ફૂલવું, વાત અને કફના દર્દીઓ માટે પણ ફાયદાકારક છે. ચર્મ



રોગવાળા વ્યક્તિએ સરગવાના પાંદડાની પેસ્ટ બનાવીને લગાવવી જોઈએ. આગળ તેઓ જણાવે છે કે, સરગવાના વૃક્ષની છાલને કુટીને તેનો રસ કાઢીને નસ્ય રોગોમાં ઉપયોગ થાય છે, જેનાથી અનેક પ્રકારના શિરોરોગ અને સ્પાઈન કોર્ડ જેવી સમસ્યાઓ દૂર થાય છે. તેઓ જણાવે છે કે, સરગવાના ફળોનું સેવન દરેક વ્યક્તિએ કરવું જોઈએ, કારણ કે તેનાથી શરીરને અનેક પ્રકારના વિટામિન્સ મળે છે. સરગવો ગર્ભવતી મહિલાઓ માટે ખાસ કરીને ફાયદાકારક છે કારણ કે તે આયર્ન અને અન્ય જરૂરી પોષક તત્વોથી ભરપૂર હોય છે. તેના સેવનથી એનિમિયા ટળે છે, રોગપ્રતિકારક શક્તિ વધે છે અને શરીર સ્વસ્થ રહે છે.

# મસાલાની આડમાં થઈ રહ્યા છે આરોગ્ય સાથે ખેલ, સરળતાથી કરો અસલી-નકલીની ઓળખ

**ખાદ્ય વિભાગના અધિકારી અમર સિંહે કાળી મરી-હળદરની શુદ્ધતા તપાસવાના ઉપાય બતાવ્યા છે, પાણીમાં નાખવાથી શુદ્ધ કાળી મરી નીચે બેસી જાય છે, જ્યારે ભેળસેળવાળી તરે છે**



ખાદ્ય વિભાગના અધિકારી અમર સિંહે કાળી મરી અને હળદરની શુદ્ધતા તપાસવાના ઉપાય બતાવ્યા છે. પાણીમાં નાખવાથી શુદ્ધ કાળી મરી નીચે બેસી જાય છે, જ્યારે ભેળસેળવાળી તરે છે. હળદર પણ આ રીતે તપાસી શકાય છે. કદાચ જ કોઈ એવું ઘર હશે, જ્યાં કાળી મરીનો ઉપયોગ ન થતો હોય, પરંતુ, ઘણી વખત એવું થાય છે કે ભેળસેળવાળી કાળી મરી આવી જાય છે, જે ખાવાના સ્વાદને બદલી નાખે છે અને આરોગ્ય માટે નુકસાનકારક પણ હોય છે. હવે તમે ખાદ્ય વિભાગના જણાવેલા અ ઉપાયથી કાળી મરીની તપાસ ઘરે જ કરી શકો છો અને જાણી શકો છો કે, તમે જે કાળી મરીનો ઉપયોગ કરો છો તે અસલી છે કે ભેળસેળવાળી. જો તેમાં ભેળસેળવાળી કાળી મરી હશે તો તે પાણીની ઉપરની સપાટી પર તરે છે. આ રીતે તમે ઘરે જ સરળતાથી કાળી મરીની ગુણવત્તા ચકાસી શકો છો. કાળી મરીમાં ભેળસેળની વાત કરીએ તો મોટાભાગે તેમાં પપૈયાના બીજ ભેળવી દેવામાં આવે છે, જે દેખાવમાં બિલકુલ કાળી મરી જેવી લાગે છે. કાળી મરીની શુદ્ધતા તપાસવા માટે ટ્રાન્સપરન્ટ ગ્લાસમાં એક ગ્લાસ પાણીમાં કાળી મરીના થોડા દાણા નાખવા જણાવ્યા છે અને પછી ૧૦થી ૧૫ મિનિટ રાહ જોવાની છે. જો કાળી મરી શુદ્ધ હશે, તો તે ગ્લાસની નીચેની સપાટી પર બેસી જશે. જો તપાસ પછી તમને કાળી મરીમાં ભેળસેળ હોય છે, તો તમે ખાદ્ય વિભાગના અધિકારીઓને તેની ફરિયાદ પણ કરી શકો છો. જેના પર વિભાગ કડક કાર્યવાહી કરે છે. હળદરની તપાસ કરવા માટે તમારે એક ગ્લાસમાં પાણી લેવું પડશે અને પછી તેમાં એક ચમચી હળદર નાખવી પડશે. હળદર શુદ્ધ હશે તો તે નીચેની સપાટી પર બેસી જશે અને રંગ છોડશે નહીં. જો ભેળસેળ હશે તો તે પાણી પીળું થઈ જશે અને થોડો ભાગ ઉપરની સપાટી પર તરે છે. આ રીતે તમે હળદર અને કાળી મરીને સરળતાથી ઘરે જ ચકાસી શકો છો. ભેળસેળવાળી હળદર પણ આરોગ્ય માટે ખૂબ જ હાનિકારક હોય છે. હાલ તો અત્યારે આખા વર્ષના મસાલા ભરવાની સીઝન છે. મોટા ભાગના ઘરોમાં આખા વર્ષના મસાલા ભરી લેતા હોય છે. બજારમાંથી લાવેલા મસાલા આપણે રોજના ખોરાકમાં વાપરતા હોઈએ છીએ. પરંતુ તેમાં ભેળસેળ છે કે નહીં, તે જાણવું મુશ્કેલ છે. પરંતુ તમે ઘરે કેટલાક સરળ ટેસ્ટ કરીને જાણી શકો છો કે મસાલામાં ભેળસેળ છે કે નહીં. આજકાલ બજારમાં મોટાભાગની વસ્તુઓમાં ભેળસેળ જોવા મળે છે. હદ તો ત્યાં સુધી થઈ ગઈ છે કે, આપણા ખાવા-પીવાની વસ્તુઓ પણ શું ખાવું અને શું ન ખાવું તે એક મોટો પ્રશ્ન થઈ ગયો છે. એવામાં હાલ તો અત્યારે આખા વર્ષના મસાલા ભરવાની સીઝન છે. મોટા ભાગના ઘરોમાં આખા વર્ષના મસાલા ભરી લેતા હોય છે. બજારમાંથી લાવેલા મસાલા આપણે રોજના ખોરાકમાં વાપરતા હોઈએ છીએ. પરંતુ તેમાં ભેળસેળ છે કે નહીં, તે જાણવું મુશ્કેલ છે. પરંતુ તમે ઘરે કેટલાક સરળ ટેસ્ટ કરીને જાણી શકો છો કે મસાલામાં ભેળસેળ છે કે નહીં. નીચે કેટલાક સામાન્ય મસાલામાં ભેળસેળ ઓળખવા માટે ઘરગથ્થુ રીતો આપવામાં આવી છે, જેનો ઉપયોગ કરીને તમે આ જાણકારી મેળવી શકો છો.

# શું તમારા પણ યુવાનીમાં જ વાળ ધોળા થવા લાગ્યા છે?

**સરસવના તેલમાં બે વસ્તુઓ મિક્સ કરીને માથા પર માલિશ કરો, વાળ કાળા, જાડા અને નરમ બનશે**

જો તમારા વાળ નાની ઉંમરે સફેદ થઈ રહ્યા છે, તો તેને કલર કરવાને બદલે, આ ઘરેલું ઉપાય અજમાવો. ધીમે ધીમે અને કુદરતી રીતે તમારા વાળ ફરીથી કાળા, જાડા અને નરમ બનશે.આ સમસ્યા તણાવ, ખાવામાં બેદરકારી અને ખરાબ જીવનશૈલીને કારણે ઉદ્ભવી શકે છે. નાની ઉંમરે વાળ સફેદ થવાથી યુવાનોને શરમ લાગતી હોય છે અને તેને છુપાવવા માટે, લોકો ઘણીવાર હેર કલર અથવા કેમિકલથી ભરપૂર કલરનો આશરો લે છે. જેના કારણે કાળા વાળ પણ સફેદ થવા લાગે છે. પરંતુ જો તમે તમારી જીવનશૈલીમાં કેટલીક સ્વસ્થ આદતોનો સમાવેશ કરો છો અને ઘરેલું ઉપચાર અપનાવો છો, તો તમને ઘણા સકારાત્મક ફાયદા મળી શકે છે.

અહીં અમે તમને જણાવી રહ્યા છીએ કે તમે સામાન્ય તેલની મદદથી સફેદ વાળની સમસ્યાથી કેવી રીતે છૂટકારો મેળવી શકો છો. સૌ પ્રથમ, પેનમાં સરસવનું તેલ નાખો અને તેને ગરમ કરો. જ્યારે તે ગરમ થાય,



ત્યારે તેમાં વાટેલા મેથીના દાણા અને આમળાનો પાવડર ઉમેરો. હવે તેને ધીમા તાપે તેલનો રંગ કાળો થાય ત્યાં સુધી રાંધો. લગભગ ૫ મિનિટમાં તેલનો રંગ બદલાઈ જશે. પછી ગેસ બંધ કરી દો અને તેલ ઠંડુ થવા દો. ઠંડુ થયા પછી, તેને ગાળીને કાચની બોટલમાં ભરી લો. વાળ ધોવાના લગભગ બે કલાક પહેલા આ તેલ માથા પર લગાવો અને ૧૦ મિનિટ સુધી સારી રીતે માલિશ કરો. બે કલાક પછી, વાળને માઈલ્ડ શેમ્પૂથી ધોઈ લો. કન્ડિશનર લગાવવાની કોઈ જરૂર નથી. જો તમે અઠવાડિયામાં ૩ વાર આ તેલથી માલિશ કરશો, તો તમારા વાળ પોષણથી ભરપૂર થશે અને ધીમે ધીમે ફરીથી કાળા, જાડા અને નરમ બનશે.

સફેદ વાળ માટે ઘરેલું ઉપાયઃ વાળના સ્વાભાવિક રંગમાં બદલાવ આવવાનો એક મુખ્ય કારણ શરીરમાં પિગ્મેન્ટેશનનું ઘટવું છે, જે સામાન્ય રીતે ડિજેનેરેશન અથવા કાર્ટિકલ મટેરિયલના નુકસાનને કારણે થાય છે. આ સમસ્યા અસામાન્ય રીતે યુવાનોમાં પણ જોવા મળી રહી છે, અને તે આહાર, તણાવ, જીવંત શૈલી, અનુસંધાન અને જેન્સના આધાર પર વધુ પડતી છે. તળિયે, સરસવના તેલ, મેથીના દાણા, અને આમળાનો પાવડર એક પ્રાચીન ઘરેલું ઉપાય છે, જે વાળના સ્વાભાવિક રંગને પુનઃસ્થાપિત કરવા માટે મદદરૂપ બની શકે છે.

સરસવના તેલનું ઉપયોગઃ સરસવના તેલમાં વિટામિન્સ અને એન્ટી-ઓક્સિડેંટ્સ હોય છે, જે વાળના ખોણને પ્રોત્સાહિત કરે છે અને સ્વાસ્થ્યને સુધારે છે. તેલનામાં વિટામિન E, D, અને મગજ માટે જરૂરી ગુણધર્મો હોય છે, જે ખાલી મોટેરીયલના સુધારા માટે ઉપયોગી છે.

મેથીના દાણાં અને આમળાનો પાવડરઃ મેથી અને આમળા બંને સ્વાભાવિક રીતે વિટામિન C અને આયર્નથી ભરપૂર હોય છે, જે ત્વચાની સ્વચ્છતા અને વાળ માટે અત્યંત લાભદાયક છે. આમળામાં એન્ટિ-ઓક્સિડેંટ્સ અને વિટામિન C હોય છે, જે વાળના રંગને વધારવા માટે મદદરૂપ થઈ શકે છે, સરસવના તેલને ગરમ કરો અને તેમાં મેથીના દાણા અને આમળાનો પાવડર ઉમેરો. તેને ૫-૭ મિનિટ સુધી ધીમે તાપે પકાડો, અને તેલનું રંગ કાળો થવા દો. પછી, ઠંડુ થવા માટે ગેસ બંધ કરી દો. ઠંડા થયા પછી, તેને કાચની બોટલમાં સંગ્રહ કરો. આ તેલને વાળમાં ૧૦-૧૫ મિનિટ સુધી યોગ્ય રીતે માલિશ કરો અને ૨ કલાક પછી માઈલ્ડ શેમ્પૂથી ધોઈ દો. અત્યારે, આ રીતને નિયમિત રીતે અનુસરીને, તમારો વાળ ધીમે ધીમે કાળો, જાડો અને નરમ બની શકે છે.

## તંત્રી લેખ...

# જાતિગણનાથી બંધારણીય અને સામાજિક પડકારો પેદા થશે

૧૯૬૫માં પાકિસ્તાની હુમલા વિરુદ્ધ દેશવાસીઓને એકજુટ કરવા માટે વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ એક ટંકના ભોજન ત્યાગની સાથે 'જય જવાન જય કિસાન'નો અમર નારો આપ્યો હતો, પરંતુ પહેલગામમાં પાકિસ્તાની હુમલા બાદ પક્ષ-વિપક્ષના નેતા ધર્મ અને જાતિની વોટબેંકના રાજકારણમાં મગદ્ધ છે. રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગે એપ્રિલ, ૨૦૨૧માં જનગણનામાં જાતિઓનો ડેટા એકત્ર કરવાની વાત સરકારને કહી હતી, પરંતુ જુલાઈ ૨૦૨૧માં કેન્દ્ર સરકારે સંસદમાં જણાવ્યું કે જાતિગત જનગણના કરાવવાનો કોઈ ઈરાદો નથી. ત્યારબાદ નવેમ્બર, ૨૦૨૩માં વિકસિત ભારતની સંકલ્પ યાત્રામાં વડાપ્રધાન મોદીએ ગરીબ, મહિલા, ખેડૂત અને યુવા ચાર જાતિઓનો ઉલ્લેખ કર્યો હતો. પ્રવાસી શ્રમિકો સાથે જોડાયેલા કેસની સુનાવણી દરમ્યાન સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્યકાંતની પીઠે ભારતમાં ગરીબોની વધતી આબાદી પર આશ્ચર્ય વ્યક્ત કર્યું. અંગ્રેજોએ ફૂટ પાડો અને રાજ કરો ની નીતિથી ભારતમાં ધર્મ અને જાતિઓના વિભાજનને ઉત્તેજન આપ્યું હતું. ૧૯૦૧ની જનગણનામાં ૧૬૪૬ અને વર્ષ ૧૯૩૧ની જનગણનામાં કુલ ૪૧૪૭ જાતિઓની સંખ્યા જણાવવામાં આવી હતી. ૧૯૩૧ની જનગણના અનુસાર ૫૨.૪ ટકા ઓબીસી, ૨૨.૬ ટકા અનુસૂચિત જાતિ/જનજાતિ, ૧૭.૬ ટકા અગ્રીમ જાતિઓ અને ૧૬.૨ ટકા અલ્પસંખ્યક સમુદાયના લોકો હતા.

## કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયાએ અરુણાચલ પ્રદેશના કામલે જિલ્લામાં ખેલો ઈન્ડિયા મલ્ટીપર્પઝ હોલનું ઉદ્ઘાટન કર્યું

પૂર્વોત્તરમાં રમતગમતના માળખાને નોંધપાત્ર પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તેમજ શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે અરુણાચલ પ્રદેશના કામલે જિલ્લામાં ખેલો ઈન્ડિયા મલ્ટીપર્પઝ હોલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે રાજ્યના મંત્રીઓ શ્રી કેન્ટો જીની અને શ્રી ન્યાતો ડુકમ તેમજ ૨૫માં રાગના ધારાસભ્ય શ્રી રોટોમ ટેબિન પણ હાજર હતા. કેન્દ્ર સરકાર દ્વારા સંપૂર્ણપણે ભંડોળ આપીને ખેલો ઈન્ડિયા મલ્ટીપર્પઝ હોલ ૮ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ્ય પ્રદેશમાં પાયાના સ્તરની રમતોને પ્રોત્સાહન આપવા માટે અત્યાધુનિક માળખાગત સુવિધાઓ અને તાલીમ સુવિધાઓ પૂરી પાડવાનો છે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ હોલ બોક્સિંગ, બેડમિન્ટન, જુડો, વુશુ, કરાટે, તાઈક્વોન્ડો, વેઈટલિફ્ટિંગ, ટેબલ ટેનિસ અને વોલીબોલ સહિત વિવિધ પ્રકારની ઈન્ડોર રમતોની સુવિધા આપશે, જે પ્રદેશના યુવા ખેલાડીઓને વ્યાવસાયિક રીતે તાલીમ આપવા અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવા સક્ષમ બનાવશે. આ પ્રસંગે બોલતા ડૉ. માંડવિયાએ ખાસ કરીને દૂરના જિલ્લાઓમાં ભારત સરકારની સમાવિષ્ટ રમતગમત વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું, "આ પહેલ દેશના દરેક ખૂણામાંથી પ્રતિભાને ઉછેરવાના આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને પ્રતિબિંબિત કરે છે. અરુણાચલ પ્રદેશમાં અપાર સંભાવનાઓ છે અને આવી સુવિધાઓ દ્વારા, અમારું લક્ષ્ય યુવાનોને રમતગમતમાં ચમકવા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા માટે તકો પૂરી પાડવાનું છે." કેન્દ્રીય મંત્રીએ સ્થાનિક યુવાનો અને ખેલાડીઓ સાથે પણ વાતચીત કરી અને તેમને આ સુવિધાનો સંપૂર્ણ લાભ લેવા પ્રોત્સાહિત કર્યા. તેમણે રોજિંદા જીવનમાં, ખાસ કરીને યુવાનોમાં, ફિટનેસ, રમતગમત અને શિસ્તનો સમાવેશ કરવાના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓ, રાજ્ય સરકારના પ્રતિનિધિઓ અને સ્થાનિક મહાનુભાવો હાજર રહ્યા હતા.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ૨૦૨૫ માટેના નામાંકન આમંત્રિત

ભારત સરકારે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર (PMRBP) ૨૦૨૫ માટે નામાંકન આમંત્રિત કર્યા છે, નોમિનેશન સત્તાવાર રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ દ્વારા ઓનલાઈન સબમિટ કરવાના રહેશે. જે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા દર વર્ષે દેશભરના બાળકોની અસાધારણ સિદ્ધિઓને માન્યતા આપવા માટે આપવામાં આવતો પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સ્તરનો પુરસ્કાર છે. નામાંકન સબમિટ કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૫ છે. બધા નામાંકન સત્તાવાર રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ https://awards.gov.in દ્વારા ઓનલાઈન સબમિટ કરવાના રહેશે. ૫ થી ૧૮ વર્ષના બાળકો માટે નોંધણી ખુલ્લી છે (૩૧ જુલાઈ, ૨૦૨૫ સુધી). કોઈપણ વ્યક્તિ કે સંસ્થા PMRBP માટે અસાધારણ સિદ્ધિઓ ધરાવતા બાળકોને નોમિનેટ કરી શકે છે. બાળકો સ્વ-નોમિનેશન દ્વારા પણ અરજી કરી શકે છે. અરજી કરવા માટે અરજદારોએ પહેલા પહેલું નામ, અંતિમ નામ, જન્મ તારીખ, અરજદારનો પ્રકાર (વ્યક્તિ/સંસ્થા), મોબાઈલ નંબર, ઈમેઈલ આઈડી, આધાર નંબર વગેરે જેવી વિગતો અને કેપ્ચા ચકાસણી આપીને પોર્ટલમાં નોંધણી કરાવવાની અથવા લોગ ઈન કરવાનું રહેશે. એકવાર નોંધણી કરાવ્યા પછી, તેમણે નામાંકન વિભાગ હેઠળ "પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ૨૦૨૫" પસંદ કરવું જોઈએ અને "નોમિનેટ/અરજી કરો" પર ક્લિક કરવું જોઈએ. ત્યારબાદ અરજદારોએ સંબંધિત એવોર્ડ શ્રેણી પસંદ કરવી જોઈએ અને સૂચવવું જોઈએ કે નોમિનેશન તેમના માટે છે કે બીજા કોઈ માટે છે. અરજી ફોર્મમાં નોમિનીની વિગતો, સિદ્ધિ અને તેની અસરનું વર્ણન કરતું સંક્ષિપ્ત વિવરણ (મહત્તમ ૫૦૦ શબ્દો), સહાયક દસ્તાવેજો (PDF ફોર્મેટ, મહત્તમ ૧૦ જોડાણો) અને તાજેતરનો ફોટોગ્રાફ (jpg/jpeg/png ફોર્મેટમાં) અપલોડ કરવાની જરૂર છે. અરજીઓને ડ્રાફ્ટ તરીકે સાચવી શકાય છે અને અંતિમ સબમિશન પહેલાં તેમાં ફેરફાર કરી શકાય છે. સમીક્ષા અને સબમિશન પછી, અરજીની ડાઉનલોડ કરી શકાય તેવી નકલ સંદર્ભ માટે ઉપલબ્ધ થશે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કા ૧૮ વર્ષથી ઓછી ઉંમરના (૩૧ જુલાઈ ૨૦૨૫ સુધીમાં) યુવાનોને સન્માનિત કરે છે જેમણે નીચેની છ શ્રેણીઓ બહાદુરી, સમાજ સેવા, પર્યાવરણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ અને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં શ્રેષ્ઠતા દર્શાવી છે.

**પૂરાં વિશ્વમાં એક સનાતન ધર્મ જ એવો ધર્મ છે, જ્યાં પ્રકૃતિ એટલે નેચર ને પણ ઈશ્વર માનવામાં આવે છે!**

# ચાલો પ્રાકૃતિક પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીને માનવ ધર્મ અદા કરીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**જો પૃથ્વી નામક આ ગ્રહ પર આપણું અસ્તિત્વ ટકાવી રાખવું હોય, એટલે કે માનવ નામની પ્રજાતિ હજી લાંબુ ખેંચી શકે એવું ઇચ્છતા હોઈએ, તો અમુક જવાબદારીઓ આપણે નિભાવવી પડશે, અને આ પંચઘટકોને સંતુલિત કરવા પડશે, સાથોસાથ આંતર પ્રકૃતિમાં પણ સમજપૂર્વક સંતુલન લાવવા પ્રયત્નો કરવા પડશે.**

હાલની પરિસ્થિતિ મુજબ વૈશ્વિક પર્યાવરણ સુધારે એ સૌની ફરજમાં આવે છે. તો મુખ્ય ફરજ રૂપે આપણે જે આંતર બાહ્ય પ્રદૂષણનો સામનો કરવો પડે છે, અને એમાં અસ્તિત્વ ટકાવવા સતત ઝઝૂમવુ પડે છે, એ ચિંતાનો વિષય છે. પર્યાવરણ એટલે આપણી આસપાસનુ વાતાવરણ, દિવસેને દિવસે પર્યાવરણ પ્રદૂષિત થતું જાય છે, પણ આ પ્રદૂષિત પર્યાવરણમાં ઉદ્ભવેલા ઉદ્ઘટકો આપણે જીવન ટકાવી રાખવા કોઈને કોઈ રૂપે ગ્રહણ કરીએ છીએ. એટલે આપણે પણ પ્રદૂષિત થઈએ છીએ, અને એટલે જ આપણી આંતરિક પ્રકૃતિ અત્યંત અસંતુલિત બની ગઈ છે, કે જરા કંઈક થાય એટલે પત્યું! જાણે ભૂકંપ આવ્યો કે પછી વાવાઝોડું, પૂર, સૂનામી, ગ્રહોનો ઉલ્કાપાત અને ઘણીવાર તો જ્વાળામુખી પણ ફાટે! પંચ મહાભૂત રુપે રહેલાં આ પાંચેય તત્વો ભલે જડ છે,પણ એ પાંચેય સંલગ્ન થાય ત્યારે જ પ્રાણી માત્રનું સર્જન શક્ય છે, એટલે કે જે પંચમહાભૂતથી આ સ્થૂળ શરીર બન્યું છે, એની પર બાહ્ય પ્રદૂષિત પંચમહાભૂતનો પ્રભાવ પડ્યા વગર રહેતો નથી. જો પૃથ્વી નામક આ ગ્રહ પર આપણું અસ્તિત્વ ટકાવી રાખવું હોય, એટલે કે માનવ નામની પ્રજાતિ હજી લાંબુ ખેંચી શકે એવું ઈચ્છતા હોઈએ, તો અમુક જવાબદારીઓ આપણે નિભાવવી પડશે, અને આ પંચઘટકોને સંતુલિત કરવા પડશે. સાથોસાથ આંતર પ્રકૃતિમાં પણ સમજપૂર્વક સંતુલન લાવવા પ્રયત્નો કરવા પડશે. એક બીજું ત્રિકોણ એટલે સંસાર! જે સમય, સંજોગ, અને સંબંધથી રચાતો ત્રિકોણ છે, અને એને બેલેન્સ કરવું હોય તો આ ત્રણ મહત્વના ફેક્ટર વિશે વધુ ને વધુ ચિંતન કરી, દરેક પરિસ્થિતિમાં સમ રહેવા માટે પ્રયત્નશીલ રહેવું પડશે! બાકી આજની આપણી દિશાહીન દોડનું પરિણામ ચૂંટણી પરિણામ કરતાં પણ ઘાતક હશે! ખાડો ખોદે એ પડે, એમ આપણે અત્યાર સુધી ખાલી ખાડા ખોદવાનું કામ કર્યું છે! અને જો એમાં દટાઈ જઈશું તો પત્યું! કોઈ ને ખબર પણ નહીં પડે કે અહીં પણ કોઈ સંસ્કૃતિ વસતી હતી! જોકે આપણે હવે સંસ્કૃતિનો ઉંબરો ઓળંગી ચૂકયા છીએ, અને એટલે જ પ્રકૃતિની સાથે સાથે આપણી સ્થૂળ આકૃતિ પણ બગડી છે. પૂરાં વિશ્વમાં એક સનાતન ધર્મ જ એવો ધર્મ છે, જ્યાં પ્રકૃતિ એટલે નેચર ને પણ ઈશ્વર માનવામાં આવે છે! અને વૃક્ષોને ઈશ્વરનાં રુંવાડા માનવામાં આવે છે. આપણે ત્યાં નદી, સમુદ્ર, વૃક્ષ, પર્વત, સૂર્ય, ચંદ્ર, અને ગાય જેવા પ્રાણીને દેવ માનીને પૂજવામાં આવે છે. સૌથી મહત્વનું શ્વાસ માટે ઓક્સિજન જરૂરી છે, એટલે પ્રાણવાયુના દાતા



હનુમાનજીને પવનપુત્ર તરીકે પૂજાય છે. પણ આપણે ખાલી કહેવાનાં જ સનાતની રહ્યાં, અને કદાચ પૂજ્યા તોય એનો મર્મ સમજ્યા વગર પૂજ્યા! અને એને કારણે ઈશ્વરનો દરજ્જો આપ્યો, પણ એનું માન સન્માન એટલે કે એનું સંરક્ષણ કરવાનું ચૂકી ગયા. ઘણીવાર એવું થાય કે આપણે શું કરી શકીએ! પણ ગીતામાં લખ્યું છે કે એક નાનકડો ધર્મ બહુ મોટું પરિણામ આપે છે, એટલે કે દરેક જણ પ્રકૃતિ સંરક્ષણ માટે નાની એવી ફરજ નિભાવે તો બહુ મોટું પરિણામ મળે. પૃથ્વીઃ પૃથ્વી પ્રદૂષણ રોકવા સામાન્ય નાગરિકે શું કરવું? સીધીસાદી એક જ ફરજ, સ્વચ્છતા! આપણે સૌ સ્વચ્છતાના હિમાયતી છીએ, પરંતુ આપણી સ્વચ્છતાની મર્યાદા ઘર સુધી જ છે. ઘર બહાર પણ સ્વચ્છતા રહેવી જોઈએ, કદાચ આંગણું પણ બધા સ્વચ્છ રાખતા હોય છે. પણ આપણે જ્યાં રહેતા હોઈએ ત્યાં ગલી મહોલ્લો અને શહેરના રોડ આ બધું જ સ્વચ્છ રહે, એ માટે થઈને, બીજું કંઈ ન કરીએ તો, ફક્ત આપણા દ્વારા ક્યાંય કચરો ફેકવો નહીં, અને પ્લાસ્ટિક વગેરે બાળવું નહીં, એવો એક નાનો સંકલ્પ પણ ઘણું કામ કરી શકે. જળઃ પાણી આપણા જીવનનો મુખ્ય આધાર છે, અને પીવાના પાણીનો મુખ્ય સ્રોત વરસાદ છે. નિયત માત્રમાં વરસાદ થાય એ માટે વધુ ને વધુ વૃક્ષ વાવવા જોઈએ. બગાડ બાબત આપણે નિયંત્રણ કરી શકીએ! મોટર મૂકી મૂકીને જે પાણી ખેંચીને સ્વચ્છતાના નામે જે બગાડ થાય છે, ત્યાં બ્રેક લગાડવી જરૂરી છે! આ ઉપરાંત જે મીઠા પાણીની નદી, તળાવ કે સરોવર હોય એની સ્વચ્છતા પણ જરૂરી છે, ઔદ્યોગિક કચરો પણ એમાં ઠલવાય નહીં એ જોવું રહ્યું! બીજું કંઈ નહીં તો દરેકે દરેક વ્યક્તિ પોતાનાથી થાય એટલું અવશ્ય કરે, એટલે કે આવા સ્થળે કચરો ફેકીને પાણીને મલીન કરવું નહીં, અને વપરાશ કે સ્વચ્છતાના નામે બગાડ કરવો નહીં. પવનઃ અને આકાશ " પવન એટલે વાયુ ! અને આકાશ એટલે આપણી ઉપર રહેલ વાતાવરણ, જે કેટલી એ પ્રકારના વાયુઓથી બન્યું છે, અને એનું નિશ્ચિત પ્રમાણ બની રહે તો આપણું જીવન આસાન રહે.

ઉપરાંત દરેક પ્રાણી પોતાના શ્વાસમાં જે ઓક્સિજન લે છે એ પણ એક વાયુ જ છે, તો પૃથ્વી પર ઓક્સિજનની કમી ન થાય એ માટે વધુને વધુ વૃક્ષો વાવવા જોઈએ, અને કાર્બન મોનોક્સાઈડનું પ્રમાણ વધે નહીં, એ માટે કચરો કોહવાઈ ન જાય એનું ધ્યાન રાખીશું ! પેટ્રોલ ડીઝલ, કે સીએનજી ગેસનો ઉપયોગ સાચવીને કરીશું. આ ઉપરાંત આકાશ બીજા કેટલાય ગ્રહને પોતાનામાં સમાવીને બેઠું છે, તો એ ગ્રહના સંતુલન માટે આપણે કંઈ કરી શકીએ નહીં, પરંતુ ચિત્તને પણ આકાશ કહ્યું છે, તો ત્યાં કોઈ આગ્રહ ન પ્રવેશી જાય એ જોવું રહ્યું. અગ્નિઃ જે આપણી કાર્યશક્તિનો મુખ્ય સ્રોત છે, એટલે કે આંતર બાહ્ય બધી જગ્યાએ અગ્નિનું હોવું જરૂરી છે. અત્યારે પૂરું વિશ્વ વિકાસના પથ પર દોડી રહ્યું છે, અને એમાં ભારતે પણ પોતાનો મહત્વનો ફાળો નોંધાવ્યો છે, એનું એક કારણ એ છે કે સૂર્ય દ્વારા આપણે એ અગ્નિ ઉર્જા ને કાર્યરત કરી શક્યા છીએ! આપણે ગ્રહણ કરતાં પદાર્થ કુદરતી હોય કે કુત્રિમ બધા જ, કોઈને કોઈ પ્રકારની વીજ કાર્યશક્તિનું પરિણામ છે, તો એનો અતિ ઉપયોગ ટાળીને આ ઉર્જા બચાવી શકીએ. આ ઉપરાંત વીજળીનો ગેરુપયોગ કરીએ નહીં થોડા ચોક્કસ બનીએ!: બાકી આ અગ્નિ આપણને બાળી ન નાખે, એ પણ આપણે જવું રહ્યું! કારણકે દિવસે દિવસે તાપમાન જે રીતે વધી રહ્યું છે તે પણ ચિંતા કરાવે તેવું છે. બસ આવા નાના નાના સંકલ્પોથી આપણે આપણી આંતરબાહ્ય પ્રકૃતિને સંતુલિત કરતા રહીએ! પણ આ કામ સામુહિક રૂપે થશે ત્યારે જ તેનું સુંદર પરિણામ મળશે! કારણ કે જાણીએ તો આપણે બધા જ છીએ પરંતુ કરી શકતા નથી, કારણ કે આપણે તેની ગંભીરતા, જાણતા નથી. દર વર્ષે કોઈને કોઈ રૂપે આવતી કુદરતી આપત્તિ એ અસંતુલિત પર્યાવરણની નિશાની છે, એટલું તો હવે સમજાઈ જ ગયું હશે! આ ઉપરાંત આંતર પ્રકૃતિના અસંતુલનને કારણે થતા યુદ્ધો તેમજ કોરોના જેવી મહામારીનો આપણે ભોગ બની ચૂક્યા છીએ, એ પણ સ્મૃતિમાં રાખીને જે કંઈ થાય તે કરવું ઘટે. ઘરને આગ લાગે ત્યારે ફાયર બ્રિગેડને મિસકોલ કરાય નહીં, અને ફાયર બ્રિગેડ આવે એની રાહ પણ ન જોવાય! એમ હવે આપણા અસ્તિત્વ સુધી જ્યારે વાત આવી ગઈ છે, ત્યારે આપણે જ કરવું પડશે! સત્તા કે સરકારની રાહ જોવી પોસાય તેમ નથી. આમ પણ પૃથ્વીએ આપણને આશરો આપ્યો છે, તો પૃથ્વી જ આપણું મુખ્ય ઘર કે ઘરાનું છે, અને એને બચાવવા આપણાથી જે કંઈ થાય, એ આપણે સૌ કરી છૂટીશું! જય હિન્દ.

**કેટલાં વર્ષથી સાવ કોરાં પડયાં ઘરનાં નેવાં ચૂવાનુંય ભૂલી ગયાં ટપકતો ખાલીપો પૂછતોઃમેઘ ઘનઘોર તે ક્યાં ગયો કોઇ કહેતું નથી**

# દરેક વ્યક્તિ કંઇકને કંઇક બોલે છે, કોઈની 'જીભ' કોઈનો 'સમય' કોઈનો 'પૈસો' કોઈની 'ચાલાકી' અને જીવનના અંતમાં ઈશ્વરના દરબારમાં માણસના "કર્મ" બોલે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સત્ય હકીકતનો સ્વીકાર કરવો જ રહ્યો ત્યારે સરકારના નિયમોનુસાર ખેડૂતોને પોતાના ખેતરમાં ચોતરફ જંગલી રખડતાં ઢોરો જાનવરોથી કૃષિ પાકને બચાવવા લોખંડની કાંટાળી વાડ બનાવવા સહાય મળે છે, આ નિયમ અને સમાચારથી બધા રાજી છે ખેડૂતો આનો લાભ પણ જેવી જેની લાગવગ અને ટુકડો નાખવાની હોશિયારી તેટલો તેને લાભ ઝડપી મળે છે આ લાભ ગમે તે રીતે ભલે મળે તેની સામે કોઇને વિરોધ નથી.**

શાળા કોલેજોમાં ઉનાળું વેકેશન પડ્યું હવામાન નિષ્ણાતો તરફથી આજથી હવામાનમાં પલટો ફેરફાર આવી રહયો છે. ખેડૂતો વેપારીઓ પશુપાલકોએ સાવચેતી રાખવી જરૂરી છે.હવે મુખ્ય વાત પર આવીએ આજે ગુજરાત જ નહીં દેશભરમાં ભૂખનન માફીયાઓ બેફામ બન્યા છે કુદરતી સંપત્તિનો બેરોકટોક ખનન કરી ક્યાંક સરકાર અને સરકારી અધિકારીઓ સાથે લેતીદેતી કે ભાગીદારીમાં ધંધો જોરદાર ચાલે છે કચ્છના એક ધારાસભ્યએ તો પોતાના વિસ્તારમાં ચાલતી આ પ્રવૃતિ બાબતે ઘણું બધું કહી રહયા છે છતાં સરકાર અને સરકારી અધિકારીઓ કંઇ જ સાંભળતા નથી આ સત્ય હકીકતનો સ્વીકાર કરવો જ રહ્યો ત્યારે સરકારના નિયમોનુસાર ખેડૂતોને પોતાના ખેતરમાં ચોતરફ જંગલી રખડતાં ઢોરો જાનવરોથી કૃષિ પાકને બચાવવા લોખંડની કાંટાળી વાડ બનાવવા સહાય મળે છે. આ નિયમ અને સમાચારથી બધા રાજી છે ખેડૂતો આનો લાભ પણ જેવી જેની લાગવગ અને ટુકડો નાખવાની હોશિયારી તેટલો તેને લાભ ઝડપી મળે છે આ લાભ ગમે તે રીતે ભલે મળે તેની સામે કોઈને વિરોધ નથી પણ ખેતરના શેઢેથી અડીખમ યોદ્ધાની જેમ ઉભેલા પશુ પક્ષીઓના આશ્રય સ્થાન સમાં વૃક્ષો આડેધડ કાપીને જે ખેડૂતોએ સીધી રીતે કમાણી કરી પણ સરવાળે પોતાના પગ પર જ કુહાડો માર્યો છે. ખેતરની શોભા વધારતી હરિયાળી ગાયબ કૃષિ પાકનું કીટકોથી રક્ષણ કરતા પક્ષીઓ જતાં રહયા જે સમયે ખેતરમાં કૃષિ પાક વાવણીથી લણવાના સમય સુધી જે કીટકો થતાં તેનો તેનાં બચ્ચાં અને પોતાનો ખોરાક બનાવી નાશ કરતાં શેઢા પરના વૃક્ષો લોખંડની કાંટાળી વાડ થતાં નાશ પામ્યાંતેમ ખેતરના શેઢા પણ નાશ પામ્યા છે. ખેતરના શેઢા હલનચલન અને વાહન વ્યવહાર માટેનો માર્ગ બની રહેતા જેમાં સાપ જેવા કૃષિ પાક નું રક્ષણ કરતા જીવો રહેતા જેને ખેતરપાળ દાદા તરીકે પૂજાતા ખેતરમાં પરિવાર સાથે રહેતા ત્યારે સવાર સાંજ પશુ પક્ષીઓ નો કલરવ કોયલ ,કાળિયો કોશી, મોર મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે,મારાં હૈડાં હારોહાર, મારાં દલડે લેરાલેર જાય,જનાવર જીવતાં ઝાલ્યાં રે,મોર ક્યાં બોલે મારે ટોડલે બેઠો રે,મોર ક્યાં બોલે. મારે કમખે બેઠો રે,મોર ક્યાં બોલે મારી ચુંદડી લેરા લેર,જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર ક્યાં બોલે.. મારે ટોડલે બેઠો રે,મોર ક્યાં બોલે. મારા કડલે બેઠો રે,મોર ક્યાં બોલે મારી કાંબીયું લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે,મોર ક્યાં બોલે.. મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે. એ ગીત હૈયામાં ડંખ મારે છે તો મનોજ ખંડેરિયા ની રચના જોઈએ લાલઘૂમ તાપમાં મ્હોરતો, મસ્તીનો તોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી. આ નગરની વચોવચ હતો એક ગુલમ્હોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી પૂછું છું.બારને- બારીને-ભીંતને લાલ નળિયાં- છજાંને વળી ગોખને રાત દિ' ટોડલે બેસીને મ્હેકતો મોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી કે જ ખૂટ્યું નથી, કૈં ગયું પણ નથી, જરઝવેરાત સહુ એમનું એમ છે! તે છતાં લાગતું સઘળું લૂંટી અને ચોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી સાવ સૂની બપોરે ઘડી આવીને એક ટહુકો કરી, ફળિયું ભરચક ભરી આંખમાં આસું આંજી અચાનક શક્કરખોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી. કેટલાં વર્ષથી સાવ કોરાં પડયાં ઘરનાં નેવાં ચૂવાનુંય ભૂલી ગયાં ટપકતો ખાલીપો પૂછતોઃમેઘ ઘનઘોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી. જિંદગીના રૂપાળા ચહેરા ઉપર ઉઝરડા ઉઝરડા સેંકડો ઉઝરડા કોણ છાના પગે આવી મારી ગયું ન્હોર, તે ક્યાં ગયો કોઈ જીંદગીના કહેતું નથી પાછલી રાતની ખટ ઘડીએ હજીએ તળેટીનેએ દામોદર કૂંડ પણ - ઝૂલણા છંદમાં નિત પલળતો પ્રથમ પ્હોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી.. કાળઝાળ ગરમી વચ્ચે પહેલગામ પર્યટકો પર આતંકવાદી હુમલો બહુ દુઃખદ ઘટના બની ૨૭ નિર્દોષ લોકો હોમાયા જેના પરિવારનો લાડલો લાડલી કે સભ્ય ગયું હોય તેને જ આ વેદના સમજાય. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના જીવનની અત્યંત પ્રેરક એક વાત કરીએ એક માણસ મધરાતે તેમની પાસે રોતો કકળતો મદદ માટે આવ્યો અને કહ્યું કે કાલે કોર્ટમાં પોતે લહેણી રકમ જમા નહીં કરાવે તો પોતાની બધી જ મિલ્કત જપ્ત થઈ જશે. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે તેને બનતી મદદ કરવાનું આશ્વાસન આપી વિદાય કર્યા. બીજે દિવસેએ માણસ કોર્ટમાં પહોંચ્યો તે પહેલાં જ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે તેની બધી જ લહેણી રકમ ભરપાઈ કરી દીધી હતી. ક્યાં છે આજે સમાજમાં આવા ઈશ્વરચંદ્ર વિદ્યા સાગર જેવા પરગજુ માણસો. શિક્ષિત માણસો બહાનાં કાઢવાના બેતાજ બાદશાહનું હોય છે. ઘણીવાર લોકો 'જોઈશું'' કહી માણસને ધક્કા ખવડાવતાં હોય છેએમાં માત્ર તેમનો અહંકાર અને બદદાનત જ કામ કરતી હોય છે. એક પ્રસંગાનુસાર એક માણસ યુધિષ્ઠિર પાસે કોઈ કામ લઈને આવ્યો ત્યારે એમણે તે માણસને કાલે મળવાનું કહ્યું તે વખતે ભીમ ત્યાં હાજર હતો. એણે ધર્મરાજા યુધિષ્ઠિરને કહ્યું 'તમને લાખલાખ અભિનંદન. તમે કાળદેવતાના વિજયી હો એવી વાત કરો છો.' પરોપકારવૃત્તિથી કામ બીજાનું કરવા સમર્પિત તે જ સાચો શિક્ષિત,તે જ વ્યક્તિ સંસ્કૃત. રાજીપા વગરની સ્વીકૃતિ કરતાં મૈત્રીભર્યા સ્વરમાં અસ્વીકૃતિ કરવી એમાં ખાનદાની છે. મનુષ્યના હોઠેથી સરતા શબ્દો તેના પરિશુધ્ધ અંતઃકરણના રંગો ડૂબકી મારી વ્યક્ત થતા હોત તો આ જગત નંદનવન બની જાત સત્તાધીશ કે ઉચ્ચ સ્થાને બેઠેલો માણસ એમ માનીને ચાલતો હોય છેકે પોતે બીજાઓ કરતા વધુ બુદ્ધિમાન છે કામના કરી આપવા ના બહાનાનો ખજાનો તેની પાસે તૈયાર હોય છે ઘણીવાર મૌન ધારણ કરી અપેક્ષાઓનો આત્મા ને થતો હોય છે ઉચ્ચ સ્થાનએ પરમાત્માએ આપેલ સત્ય પણ વર્તન માટે ન્યાય છે સત્તાનો ઉપયોગ રૂવાબ છાંટવા માટે નહીં પણ સંસ્કારીતાનો અત્તર છાંટવા જેમ થવો જોઈએ.આપણે વૃક્ષો ના થઈ રહેલ નાશ બાબતે જાગૃત બનવું જ પડશે. સરકારકે સરકારી ખાતાઓ કર્મચારીઓ કંઈજ નહીં કરે કારણ કે ભ્રષ્ટ અને લાકડાં ખરીદનાર વર્ગ ભૂખનન માફીયા ઓની જેમ રીઢા ગુનેગાર જેવો બની ગયો છે. લાંચિયા અધિકારી ઓ કર્મચારીઓ,સ્વાર્થી સોમીલ માલિકો અને ખેડૂતો સામે વૃક્ષો લાચાર છે. આ વર્ષે જ રેકોર્ડ તોડ ગરમી પડી છે તેમ વરસાદે પડશે કે ખેંચાશે ખેતરના શેઢા કે શેઢા પરના વૃક્ષો તો રહયા નથી હવે ખેતરના રસકસનું રક્ષણ કરવા વાળું કોઇ નથી વરસાદી પાણીમાં ખેતરનો રસકસ ખેંચાઈ જશે અને આપણે ખેડૂત તરીકે બજારમાં ખાતરની દુકાને નીમકોટેડ યુરિયા કે ડીએપીનું ઝેર જમીનમાં વાવેતર કરી કૃષિ પાક મબલક લેવા પ્રયત્ન કરીશું.આ વાત શહેરી વિકાસને ખબર નહી પડે પણ ગામડાનો વયોવૃદ્ધ માણસ જ જાણે છે પણ તેની વેદના સંભાળે કોણ વધુ બોલવા જાય તો ઘરની બહાર ભિખારી બની ભટકે અથવા વૃદ્ધાશ્રમમાં રોટલા ની રાહ જોતો બેઠો હશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે દેશમાં જે ચાલતું હોય તે ચાલ્યે રાખશે. સતત ચૂંટણીલક્ષી ચળવળ ચાલે છે. પ્રજા અને વિસ્તાર જાય ભાડમાં.. લોકશાહીમાં લોકો કરતાં લોક સેવકો માટે જ આ શાસન ચાલતું હોય તેવી સ્પષ્ટ અનુભુતિ થઈ રહી છે.ત્યારે આપણે સલામત રીતે દિવસો પસાર કરવાના બાકી સાચી રજુઆત કરવા ગયા તોય શાસકો કડક છે જેલમાં મોકલી દેતાં અચકાશે નહીં કારણકે અહી કયાં લોકશાહી છે? આપણા રાજયના ગામડાઓમાં ભયંકર પરિસ્થિતિ ઉભી થઈ રહી છે. કાંટાળી વાડના મોહમાં ગામડાની તંદુરસ્ત જિંદગી બગાડી રહયા છીએ. થોડુ સમજો વૃક્ષારોપણ તો સરકારી તિજોરીના પૈસા વાપરવા માટેના એક ઔપચારિક કાર્યક્રમ હોય છે વૃક્ષ ઉછેર ક્યાંય થતો નથી. હવામાન નિષ્ણાતો અને પર્યાવરણ પ્રેમીઓ સતત ચિંતિત છે કે જે પ્રમાણમાં વૃક્ષોનો નાશ થઈ રહયો છે તે અટકાવવા કોઈ ખાતું કે સરકાર ગંભીર નથી. આપણે સંકલ્પ કરીએ અમે અમારા ખેતરના શેઢે મેદાનમાંથી કે આજુબાજુ ક્યાંયથી એક વૃક્ષ કાપવાની જરૂર પડશે તો તેની સામે પાંચ વૃક્ષ વાવીશું અને તેનો ઉછેર પણ અમે કરીશું.. મિત્રો ચોમાસું માથે ઝઝૂમી રહયું છે. મે મહિનાની શરૂઆતમાં આ વખતે માવઠું હચમચાવી મૂકે તેવું થશે ત્યારે એક બે વૃક્ષ વાવી ઉછેર કરજો તમને કુદરતના આશીર્વાદ ચોક્કસ મળશે. મોક્ષ પ્રાપ્તિ પણ થશે.અસ્તુ.



### આપણી સંસ્કૃતિમાં છુપાયેલા વૈજ્ઞાનિક જ્ઞાનની હજુ પણ મજાક ઉડાવવામાં આવે છે : આર માધવન

# શાહરૂખ જ રોમાન્સનો રાજા, પરંતુ સમવયસ્ક હીરોઈન પણ હોવી જોઈએ : માધવન

રોમેન્ટિક હીરો તરીકે કરિયરની શરૂઆત કરનારા આર માધવન ફરી એક વખત આ જોનરમાં પરત ફરી રહ્યા છે. આગામી ફિલ્મ 'આપ જૈસા કોઈ'માં માધવને રોમેન્ટિક રોલ કર્યો છે. આ ફિલ્મનું ટીઝર શેર કરતી વખતે માધવને શાહરૂખનો ઉલ્લેખ કરતા કહ્યુ હતું કે, ઓન સ્ક્રિન શાહરૂખ ખાન કરતાં વધારે સારી રીતે રોમાન્સને રજૂ કરી શકે તેવું કોઈ નથી. કેટલાક વર્ષોથી હિન્દી ફિલ્મોમાં રોમાન્સનું મહત્ત્વ ઘટી રહ્યું છે. આ અંગે વાત કરતાં માધવને કહ્યું હતું કે, મુખ્ય ધારાની હિન્દી ફિલ્મોમાં અત્યારે એક્શન અને થ્રિલર છવાયેલા છે. જેથી રોમાન્સ કે પ્રેમની વાત માટે મોકળાશ ઓછી રહી છે. ખાસ કરીને ઉંમરલાયક હીરોના રોમાન્સની જગ્યા જ રહી નથી. કોરિયન ફિલ્મોમાં રોમાન્સનું વર્ચસ્વ હોય છે પરંતુ ભારતમાં હાર્ડકોર રોમેન્ટિક કહી શકાય તેવી ફિલ્મો જૂજ છે. ૫૫ વર્ષ આસપાસના લોકોની વાત કરીએ તો, તેઓ વિશ્વમાં સૌથી વધારે રોમેન્ટિક હોય છે. જીવનસાથીને કેટલું મહત્ત્વ આપવું તેની તેમને ખબર હોય છે. આ પેઢી એ મારી પેઢી છે. ઓડિયન્સને રોમેન્ટિક સ્ટોરી ગમે છે, પરંતુ આ જોનરમાં અર્થસભર ફિલ્મો આપી શકે તેવા રાઈટરની અછત હોવાનું માધવન માને છે. હોલિવૂડ ફિલ્મ 'એઝ ગુડ એઝ ઈટ ગેટ્સ'નું ઉદાહરણ આપીને માધવને આ પ્રકારની ફિલ્મો બનાવવાની સંભાવના વ્યક્ત કરી હતી. ફિલ્મમાં પ્રોફિટની સંભાવના કરતાં વધારે મોટી સમસ્યા



સ્ટોરીટેલિંગની છે. સારી સ્ટોરી હોય તો નાણાં આવી જશે. શાહરૂખ જેવો રોમાન્સ કરી શકે તેવું કોઈ નથી, પરંતુ તેના માટે સમવયસ્ક હીરોઈન પણ હોવી જોઈએ. જો કે આ કામ કરવાનું અઘરું છે. 'આપ જૈસા કોઈ'માં માધવન સાથે ફાતિમા સના શેખ લીડ રોલમાં છે. રોમેન્ટિક સ્ટોરી ધરાવતી આ ફિલ્મ ધર્મેટિક એન્ટરટેઈનમેન્ટે પ્રોડ્યુસ કરી છે અને ઓટીટી પર તે રિલીઝ થવાની છે.

## આર માધવને NCERTના અભ્યાસક્રમ પર ઉઠાવ્યા સવાલ

આર માધવને તાજેતરના એક ઇન્ટરવ્યુમાં એનસીઈઆરટીના અભ્યાસક્રમ પર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેણે કહ્યું કે આ બધું કહ્યા પછી તે મુશ્કેલીમાં મુકાઈ શકે છે, પણ તે હજુ પણ બોલશે, અહી અટકશે નહી.'કેસરી ૨' ફેમ આર માધવને બાળકોને ભણાવવામાં આવી રહેલા ઇતિહાસ પર સવાલ ઉઠાવ્યા છે. તાજેતરના એક ઇન્ટરવ્યુમાં, આર માધવને પૂછ્યું કે આ અભ્યાસક્રમ કોણે નક્કી કર્યો? એટલું જ નહીં, તેમણે એ પણ પૂછ્યું કે મુઘલો પર આઠ પ્રકરણો શા માટે છે અને ચોલ સામ્રાજ્યના વારસાનું વર્ણન ફક્ત એક જ પ્રકરણમાં કરવામાં આવ્યું છે.આર માધવને ઇન્ટરવ્યુમાં કહ્યું, "મને ખબર છે કે જો હું આ કહું તો ભવિષ્યમાં મને મુશ્કેલીનો સામનો કરવો પડશે, પરંતુ હું હજી પણ તે કહીશ. જ્યારે મેં શાળામાં ઇતિહાસનો અભ્યાસ કર્યો હતો, ત્યારે મુઘલો પર આઠ પ્રકરણો, હડપ્પા અને મોહેંજોદડો સભ્યતા પર બે પ્રકરણો, બ્રિટિશ શાસન અને સ્વતંત્રતા સંગ્રામ પર ચાર પ્રકરણો અને દક્ષિણ રાજ્યો - ચોલ, પાંડ્ય, પલ્લવ અને ચેરા પર ફક્ત એક પ્રકરણ હતાઆર માધવને આગળ કહ્યું, "બ્રિટિશ અને મુઘલોએ લગભગ ૮૦૦ વર્ષ સુધી આપણા પર શાસન કર્યું, પરંતુ ચોલ સામ્રાજ્યનો વારસો ૨૪૦૦ વર્ષ જૂનો છે. ચોલ રાજવંશ દરિયાઈ મુસાફરી અને નૌકાદળ શક્તિની દ્રષ્ટિએ મોખરે હતો. તેમનો વેપાર રોમ સુધી વિસ્તર્યો હતો અને તેમણે તેમના દરિયાઈ કાફલા દ્વારા અંગકોર વાટ (કંબોડિયા) સુધી મંદિરો બનાવ્યા હતા. જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ અને હિન્દુ ધર્મ ચીનમાં ફેલાયો હતો. કોરિયામાં હજુ પણ તમિલ ભાષાના ઘણા શબ્દો વપરાય છે, જે દર્શાવે છે કે તમિલ સંસ્કૃતિ ત્યાં પહોંચી હતી, પરંતુ આટલો મહાન અને સમૃદ્ધ વારસો આપણા પુસ્તકોમાં ફક્ત એક પ્રકરણ સુધી મર્યાદિત હતો? આર માધવન એ કહીને સમાપન કર્યુ, "આ અભ્યાસક્રમ કોણે નક્કી કર્યો? તમિલ વિશ્વની સૌથી જૂની ભાષા છે, પરંતુ તેના વિશે કોઈ જાણતું નથી. આપણી સંસ્કૃતિમાં છુપાયેલા વૈજ્ઞાનિક જ્ઞાનની હજુ પણ મજાક ઉડાવવામાં આવે છે.

### સલમાન પાસે અન્ય ઘણી ફિલ્મો છે

## આર્મી ઓફિસરના રોલમાં સલમાન, ચીનનો મુકાબલો કરશે




### નોવેલ 'ઈન્ડિયાઝ મોસ્ટ ફિયરલેસ ૩' આધારિત ફિલ્મ, ગલવાન વેલીમાં ભારતીય સૈનિકોની વીરતા દર્શાવવામાં આવશે

સલમાન ખાનની છેલ્લી ફિલ્મ 'સિકંદર'ને બોક્સ ઓફિસ પર ઠીકઠાક રિસ્પોન્સ મળ્યો પછી પણ ફિલ્મ મેકર્સ અને ઓડિયન્સનો સલમાન પરનો વિશ્વાસ ડગ્યો નથી. ૨૦૨૦માં ગલવાન વેલીમાં ભારત-ચીન વચ્ચે થયેલા ઘર્ષણ આધારિત ફિલ્મનું આયોજન થયું છે, જેમાં સલમાન ખાનને ભારતીય આર્મી ઓફિસરનો રોલ ઓફર થયો છે. 'ઈન્ડિયાઝ મોસ્ટ ફિયરલેસ ૩' નામના પુસ્તક આધારિત ફિલ્મનું ડાયરેક્શન અપૂર્વ લાખિયા કરવાના છે. અપૂર્વ લાખિયાનુ ડાયરેક્શન ધરાવતી જાણતી ફિલ્મોમાં 'શૂટઆઉટ એટ લોખંડવાલા'નો સમાવેશ થાય છે, જે સત્યઘટના આધારિત ફિલ્મ હતી. અપૂર્વ લાખિયા લાંબા સમયથી ગલવાન વેલીમાં ભારત-ચીન ઘર્ષણ પર ફિલ્મ બનાવવા માગતા હતા. આ ફિલ્મની સ્ટોરી અને કેરેક્ટર અંગે સલમાન તથા અપૂર્વ વચ્ચે વાતચીત થઈ હતી. 'ઈન્ડિયાઝ મોસ્ટ ફિયરલેસ ૩' નોવેલનું નેરેશન સાંભળ્યા પછી સલમાન પણ અપૂર્વની ઓફર સ્વીકારવાનું વિચારી રહ્યા છે અને ટૂંક સમયમાં આ અંગે જાહેરાત થઈ શકે છે. શિવ અરુર અને રાહુલસિંગે લખેલા પુસ્તકમાં ભારતીય સૈનિકોની વીરતા દર્શાવવામાં આવી છે. પુસ્તકમાં ગલવાન વેલીને લગતું પ્રકરણ સલમાનને ખૂબ પસંદ આવ્યું છે. સલમાન ખાનના હાથ પર ઘણી ફિલ્મો છે, પરંતુ તેઓ આ ફિલ્મનું શૂટિંગ ઝડપથી શરૂ કરવા માગે છે. સલમાન અને ફિલ્મ મેકર્સ દ્વારા આ પ્રોજેક્ટની ઓફિશિયલ એનાઉન્સમેન્ટ થયા પછી ત્રણ-ચાર મહિનામાં જ શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે. સલમાન ખાન પાસે અન્ય ઘણી ફિલ્મો છે અને શાહરૂખની જેમ ધમાકેદાર કમબેક કરવા સલમાન તત્પર છે. સલમાન ખાન સાથે 'સુલતાન', 'ટાઈગર ઝિંદા હૈ' અને 'ભારત' બનાવનારા અલી અબ્બાસ ઝફર એક એક્શન એન્ટરટેઈનર બનાવવા માગે છે. 'બજરંગી ભાઈજાન'ના ડાયરેક્ટર કબીર ખાન પણ સલમાન સાથે ફિલ્મ બનાવવા માગે છે. સૂરજ બરજાત્યાએ સલમાનને ફેમિલી ફિલ્મ ઓફર કરેલી છે. આમ, આગામી સમયમાં સલમાન ખાન વધુ જોમ સાથે આગળ વધવા કમર કસી રહ્યા છે. એક્શન અને ઈમોશનની સાથે એન્ટરટેઈનમેન્ટ આપવા સલમાન સજ્જ હોય તેમ જણાય છે.

# ૧૭ વર્ષ બાદ ખિલાડી અને અનાડી સાથે જોવા મળશે

### એક્શન-કોમેડીમાં યાદગાર પરફોર્મન્સ આપનારી અક્ષય-સૈફની બેલડીએ આ વખતે થ્રિલર પર હાથ અજમાવવાનું વિચાર્યું છે

અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની કરિયર લગભગ સમાન સમયમાં શરૂ થઈ હતી. અક્ષય અને સૈફે સાથે મળીને એક્શન-કોમેડીથી ભરપૂર ફિલ્મો આપી હતી અને ઓડિયન્સને પણ ખૂબ પસંદ આવી હતી. ૧૯૯૪માં 'મૈં ખિલાડી તુ અનાડી' ફિલ્મ સાથે આ જોડીએ ધમાકેદાર શરૂઆત કરી હતી અને બાદમાં ઘણી હિટ ફિલ્મો આપી હતી. છેલ્લે તેઓ વર્ષ ૨૦૦૮માં 'ટશન'માં સાથે જોવા મળ્યા હતા. ૧૭ વર્ષ બાદ ફરી તેઓ કોઈ ફિલ્મમાં સાથે જોવા મળશે. એક્શન-કોમેડીમાં યાદગાર પરફોર્મન્સ આપનારી અક્ષય-સૈફની બેલડીએ આ વખતે થ્રિલર પર હાથ અજમાવવાનું વિચાર્યું છે. જાણીતા ડાયરેક્ટર પ્રિયદર્શને થ્રિલર સ્ક્રિપ્ટ ફાઈનલ કરી છે. તેમણે આ ફિલ્મમાં અક્ષય અને સૈફની જોડીને ફરી અજમાવવાનું વિચાર્યું હતું. એકબીજા સાથે કામ કરવાની મજા આવતી હોવાનું અક્ષય અને સૈફ બંનેએ ઘણી વખત સ્વીકારેલું છે. તેઓ એકબીજાના પ્રશંસક પણ રહ્યા છે. આમ, પહેલેથી જ આ બંને સ્ટાર્સ વચ્ચે સારા સંબંધો રહ્યા છે. પ્રિયદર્શને



આગામી ફિલ્મની સ્ક્રિપ્ટ સંભળાવી ત્યારે બંનેએ એક ઝાટકે તૈયારી બતાવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પ્રિયદર્શનની આગામી ફિલ્મ થ્રિલર એન્ટરટેઈનર રહેવાની છે. બદલાયેલા સમય અને ટેકનોલોજી સાથે તેઓ અપડેટેડ ફિલ્મ બનાવવા માગે છે અને ઓડિયન્સ મોઢામાં આંગળા નાખી જાય તેવી ફિલ્મ બનાવવાની પ્રિયદર્શનની ઈચ્છા છે. ફિલ્મનું નામ હજુ જાહેર થયું નથી, પરંતુ તેને ઓગસ્ટ ૨૦૨૬માં રિલીઝ કરવાનું આયોજન છે. અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની બે ફિલ્મો ૧૯૯૪માં રિલીઝ થઈ હતી. જેમાં 'મૈં ખિલાડી તુ અનાડી' અને 'યેહ દિલ્લગી'નો સમાવેશ થાય છે. ત્યારબાદ ૧૯૯૬માં 'તુ ચોર મૈં સિપાહી' અને ૧૯૯૮માં 'કિમત' આવી હતી. ૧૦ વર્ષ બાદ તેમની 'ટશન' આવી હતી. હવે વર્ષો બાદ પ્રિયદર્શનની ફિલ્મમાં તેઓ સાથે કામ કરવાના છે. પ્રિયદર્શને અગાઉ ઘણી વાર અક્ષય કુમારને પોતાનો માનીતો એક્ટર કહ્યો છે. જો કે ૧૪ વર્ષના ગેપ પછી તેઓ 'ભૂત બંગલા'માં સાથે કામ કરી રહ્યા છે. 'હેરાફેરી ૩'માં પણ એક્ટર-ડાયરેક્ટરની આ જોડી કમાલ કરી રહી છે. જાન્યુઆરી મહિનાથી 'હેરાફેરી ૩'નું શૂટિંગ શરૂ થયું છે. આમ, અક્ષય અને પ્રિયદર્શન સાથે કામ કરી રહ્યા હોય તેવી ત્રણ ફિલ્મો હાલ પાઈપલાઈનમાં છે.

### ડાયરેક્ટર તરીકે દેવની પહેલી ફિલ્મ મંકી મેન હતી

# 'ધ પીઝન્ટ'માં એક્ટર દેવ પટેલ રજુ કરશે મધ્યકાલીન ભારતની યુદ્ધ કથા

### પશુપાલકો-ભાડૂતી યોદ્ધાઓની લડાઈ, હોલિવૂડ ફિલ્મમાં ભારતીય કલાકારોને તક

સ્લમ ડોગ મિલિયોનર ફિલ્મથી દેશ-વિદેશમાં જાણીતા બનેલા એક્ટર દેવ પટેલે ફરી એક વાર ડાયરેક્ટર તરીકે કામ કરવાનું વિચાર્યું છે. પશુપાલકો અને ભાડૂતી યોદ્ધાઓની લડાઈ, હોલિવૂડ ફિલ્મમાં ભારતીય કલાકારોને તક મળશે. મધ્યયુગન ભારતની યુદ્ધ કથાને દર્શાવતી આ ફિલ્મમાં ડાયરેક્ટર ઉપરાંત રાઈટર અને એક્ટર તરીકે પણ દેવ પટેલ જોવા મળશે. ડાયરેક્ટર તરીકે દેવ બીજી ફિલ્મ બનાવી રહ્યા છે. ડાયરેક્ટર તરીકે દેવની પહેલી ફિલ્મ મંકી મેન હતી. આ ફિલ્મ બનાવનારી કંપની થંડર રોડ પિક્ચર્સ અને દેવ પટેલ ફરી સાથે કામ કરી રહ્યા છે. દેવની આગામી ફિલ્મ 'ધ પીઝન્ટ'ને રીવેન્જ એક્શન ડ્રામા કહેવામાં આવે છે. તેમાં 'બ્રેવહાર્ટ' અને 'જોન વિક' જેવી ફિલ્મોના મિશ્રણ સાથે 'કિંગ આર્થર'ની ઝલક જોવા મળશે. ૧૩મી સદીના ભારતની કથા દર્શાવતી આ ફિલ્મમાં પશુપાલકો કેન્દ્ર સ્થાને છે. ભાડૂતી યોદ્ધાઓએ પશુપાલકોના સમાજ પર ખૂબ અત્યાચાર કર્યા હતા. અત્યાચારનો બદલો લેવા માટે પશુપાલકો હાથમાં હથિયાર ઉપાડે છે અને સામાન્ય નાગરિકો ખૂંખાર



લડવૈયા બને છે. 'ધ પીઝન્ટ'ને ફિફ્થ સિઝન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. અગાઉ પ્રોડક્શન હાઉસે સ્ક્રિન રાઈટર વિલ ડુન સાથે જોડાણ કર્યુ હતું, જેઓ એમએસ માર્વેલમાં કામ કરી ચૂક્યા છે. ઈટાલિયન બેકગ્રાઉન્ડમાં ફિલ્મની સ્ટોરી તૈયાર થઈ હતી. ૨૦૨૩ના વર્ષમાં બ્લેકલિસ્ટ યાદીમાં આ ફિલ્મનો ઉલ્લેખ થયો હતો. 'બ્લેકલિસ્ટ' એ પ્રોડ્યુસ નહીં થયેલા લોકપ્રિય સ્ક્રિનપ્લેની યાદી છે. દેવ પટેલના આગમન બાદ ફિલ્મની દિશા બદલાઈ છે. ભારતીય સંસ્કૃતિની ભવ્યતા અને સમૃદ્ધિને જોતાં તેની સ્ટોરી ઈટાલીના બદલે ભારતમાં રખાઈ છે. ભારતની રહસ્યમયી રોમાંચક કથાઓ આ ફિલ્મને વધારે રસપ્રદ બનાવશે, તેવું દેવ માને છે. 'ધ પીઝન્ટ'ને ફ્રેન્ચાઈઝી સ્વરૂપે વિકસાવવાનું પણ પ્રોડ્યુસરનું આયોજન છે. ડાયરેક્ટર તરીકે દેવ પટેલની પહેલી ફિલ્મ 'મંકી મેન'માં શાર્લ્ટો કોપ્લી, પિટોબેશ, વિપિન શર્મા, સિકંદર ખેર, શોભિતા ધૂલીપાલા, અશ્વિની કાલેસકર, અદિતી કાલકુંથે અને મકરંદ દેશપાંડે મહત્ત્વના રોલમાં હતા. 'ધ પીઝન્ટ'માં દેવની સાથે અન્ય કયા કલાકારો છે? તેનો ખુલાસો થયો નથી. જો કે હોલિવૂડ પ્રોડક્શનની આ ફિલ્મમાં ઘણાં ભારતીય કલાકારોને તક મળવાની શક્યતા છે.

### આ સીઝનમાં પંકજ ત્રિપાઠી સાથે ઘણા મોટા સ્ટાર્સ જોવા મળશે

## ફરી એક મુશ્કેલ કેસ ઉકેલવા કોર્ટ રૂમમાં પાછા ફર્યા 'માધવ મિશ્રા' (પંકજ ત્રિપાઠી)




### આ સિરીઝનું દિગ્દર્શન રોહન સિપ્પી દ્વારા કરવામાં આવ્યું છે, જેમણે તેની બધી સીઝનનું દિગ્દર્શન કર્યું છે

દેખાવમાં સીધા અને સરળ પરંતુ મગજથી તેજ એવા વકીલ માધવ મિશ્રા (પંકજ ત્રિપાઠી) OTT પર વાપસી કરી રહ્યા છે. પંકજ ત્રિપાઠી આવતા મહિને તેમની સૌથી લોકપ્રિય વેબ સિરીઝ 'ક્રિમિનલ જસ્ટિસ'ની ચોથી સીઝન લઈને આવવાના છે. આ વખતે તેઓ 'ફેમિલી મેટર'નો ઉકેલ લાવવા જઈ રહ્યા છે. તેઓ કહે છે કે, 'કહાની કે દો પહેલુ હોતે હૈ, પર સચ કા સિર્ફ એક હોતા હૈ.' અને આ વખતે પણ એવું જ છે. નિર્માતાઓએ મંગળવારે 'ક્રિમિનલ જસ્ટિસ ૪- અ ફેમિલી મેટર'નું ટીઝર રિલીઝ કર્યુ હતું. નિર્માતાઓએ રિલીઝ ડેટ પણ જાહેર કરી છે. 'ક્રિમિનલ જસ્ટિસ ૪' ૨૨ મે ૨૦૨૫થી જિયોહોટસ્ટાર પર સ્ટ્રીમ થશે. પંકજ ત્રિપાઠીએ કહ્યું કે, જેમ તમે કોઈ જૂના મિત્ર પાસે પાછા ફરો છો, એવી જ રીતે હું માધવ પાસે પાછો ફરી રહ્યો છું.' આ સીઝનમાં પંકજ ત્રિપાઠી સાથે ઘણા મોટા સ્ટાર્સ જોવા મળશે. મોહમ્મદ ઝીશાન અયુબ, સુરવીન ચાવલા, મીતા વશિષ્ઠ, આશા નેગી, શ્વેતા બાસુ પ્રસાદ, ખુશ્બુ અત્રે અને બરખા સિંહ પણ આ સિરીઝમાં મહત્વના રોલમાં છે. આ સિરીઝનું દિગ્દર્શન રોહન સિપ્પી દ્વારા કરવામાં આવ્યું છે, જેમણે તેની બધી સીઝનનું દિગ્દર્શન કર્યું છે. આને એપ્લોઝ એન્ટરટેઈનમેન્ટ અને બીબીસી સ્ટુડિયો ઈન્ડિયા દ્વારા સંયુક્ત રીતે પ્રોડ્યુસ કરવામાં આવી છે.આ વખતે માધવ મિશ્રાએ પ્રેમ પ્રકરણ અને એક ચોંકાવનારી હત્યાનું રહસ્ય ઉકેલવાનું છે. 'ક્રિમિનલ જસ્ટિસ ૪' નું ટીઝર ખૂબ જ દમદાર છે. જે દર્શકોને જકડી રાખશે. તે સુરવીન ચાવલાના એક દૃશ્યથી શરૂ થાય છે જેમાં તે માધવ મિશ્રાના દરવાજે મદદ માંગતી હોય છે. તે કહે છે કે 'મને વકીલની જરૂર છે'. આ પછી પંકજ ત્રિપાઠી કહે છે, 'આ કેસ એટલો સરળ નથી જેટલો લાગે છે, નહીંતર તે મારી પાસે ન આવ્યો હોત.'

# 'મુજસે શાદી કરોગી ૨'માં વરુણ અને કાર્તિક ફાઈનલ થઈ શકે

### સલમાન ખાન, અક્ષય કુમાર અને પ્રિયંકા ચોપરાની 'મુજસે શાદી કરોગી'ને કલ્ટ રોમેન્ટિક કોમેડી કહેવામાં આવે છે





સલમાન ખાન, અક્ષય કુમાર અને પ્રિયંકા ચોપરાની 'મુજસે શાદી કરોગી'ને કલ્ટ રોમેન્ટિક કોમેડી કહેવામાં આવે છે. તાજેતરમાં આ ફિલ્મની સીક્વલ બનાવવાની કવાયત શરૂ થઈ છે. ૨૦ વર્ષ બાદ સીક્વલનું આયોજન થઈ રહ્યું હોવાથી અક્ષય અને સલમાનને રીપિટ કરવાની મેકર્સની ઈચ્છા ન હોતી. રિપોર્ટ્સ મુજબ, 'મુજસે શાદી કરોગી ૨'માં લીડ રોલ માટે વરુણ ધવન અને કાર્તિક આર્યન ફાઈનલ થઈ શકે છે. પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલા બે દાયકા પછી 'મુજસે શાદી કરોગી'ની સીક્વલ બનાવવાનું વિચાર્યું છે. તેઓ આગામી ફિલ્મમાં વર્તમાન સ્થિતિ મુજબની કોમેડી અને ધમાલ દર્શાવવા માગે છે. કાર્તિક આર્યન અને વરુણ ધવને નવી પેઢીના કોમેડી એક્ટર્સમાં મોખરાનું નામ મેળવ્યું છે. કોમિક ટાઈમિંગના કારણે આ બંને એક્ટર્સ સાજિદ નડિયાદવાલાની પહેલી ચોઈસ છે. ફિલ્મની સ્ક્રિપ્ટ હજુ લખાઈ નથી, પરંતુ સાજિદ ખાને કાસ્ટ ફાઈનલ કરવા કવાયત શરૂ કરી દીધી છે. સાજિદ નડિયાદવાલાએ સ્ટોરી વિચારેલી છે અને તેમણે કાર્તિક-વરુણ સાથે વાત કરેલી છે. ફિલ્મને આગામી વર્ષે રિલીઝ કરવાનું આયોજન છે. એક જ સમયગાળામાં કાર્તિક અને વરુણની ડેટ્સ મેળવવાનું અઘરું હોવાથી કાસ્ટમાં ફેરફારની શક્યતા પણ નકારી શકાય તેમ નથી. સાજિદે 'મુજસે શાદી કરોગે'ની સીક્વલ અંગે અગાઉ કહ્યું હતું કે, સારી સ્ક્રિપ્ટ મળશે તો જ તેઓ ફિલ્મ બનાવશે. સ્ક્રિપ્ટ ફાઈનલ થયા પછી જ તેઓ કાસ્ટિંગ ફાઈનલ કરશે. સ્ક્રિપ્ટ અને કાસ્ટિંગ અંગે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત થઈ શકે છે. સાજિદે અક્ષય અને સલમાનના ઓપ્શન તરીકે વરુણ-કાર્તિકને અજમાવવાનું વિચાર્યું છે, પરંતુ પ્રિયંકા ચોપરાના રીપ્લેસમેન્ટ માટે ચાલી રહેલી શોધ હજુ પૂરી થઈ હોય તેમ જણાતુ નથી.

# રાજ્યના નાગરીકો ઉનાળામાં વેકેશનની મજા માણી શકે તે માટે એસ. ટી નિગમ દ્વારા એક્સ્ટ્રા બસો કાર્યરત

## પ્રવાસીઓ માટે રાજ્યના મુખ્ય શહેરોને જોડતી દૈનિક ૧૪૦૦થી વધુ એક્સ્ટ્રા એક્સપ્રેસ બસોની સુવિધા

। બંદરો અને પરિવહન વિભાગ, તા.૩ ।

રાજ્યના નાગરીકો ઉનાળાના વેકેશનમાં ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં પ્રવાસ કરી શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત એસ.ટી દ્વારા વધુ સેવાઓ આપવાનું સફળ આયોજન કરાયું છે. જે અંતર્ગત એસ.ટી નિગમ દ્વારા મુસાફરોની માંગણીનુસાર રાજ્યના જુદા જુદા અને મોટા શહેરોને જોડતી દૈનિક ૧૪૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવાનું સફળ આયોજન કરવામાં આવી રહ્યું છે એમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર નિગમના દરેક વિભાગો ખાતે વેકેશન સમયે મુસાફરોને સલામત અને સમયબદ્ધ મુસાફરીની પુરતી સુવિધા મળી રહે તે માટે આગોતરું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઉનાળા વેકેશન સમયગાળા દરમિયાન એસ.ટી નિગમ દ્વારા સુરતથી સૌરાષ્ટ્ર- તરફ અંદાજે ૫૦૦ ટ્રીપો, સૌરાષ્ટ્રથી ઉત્તર ગુજરાત તરફ અંદાજે ૨૧૦, દક્ષિણ ગુજરાતથી ઉત્તર ગુજરાત તરફ અંદાજિત ૩૦૦ અને સૌરાષ્ટ્ર તરફ ૩૦૦ ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત એસ.ટી નિગમ દ્વારા ગુજરાતમાંથી પાડોશી રાજ્ય મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પણ આંતરરાજ્ય સેવાઓ સંચાલિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના નાગરીકો ઉનાળા વેકેશન દરમિયાન વિવિધ પ્રવાસન સ્થળોની સાથે સાથે ધાર્મિક સ્થળોના દર્શને પણ જઈ શકે તે માટે નવી ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદથી અંબાજી, સોમનાથ, દ્વારકા માટે રોજની ૧૦ ટ્રીપ અને ડાકોર, પાવાગઢ, ગીરનાર માટે રોજની ૫ ટ્રીપ તથા પ્રવાસન સ્થળો જેવા કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાસણગીર, સાપુતારા માટે અમદાવાદથી રોજની ૫ ટ્રીપ તેમજ દીવ અને કચ્છનાં પ્રવાસ માટે અમદાવાદથી રોજની ૧૦ બસોની ટ્રીપોનો આયોજન એસ, ટી નિગમ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત આંતર રાજ્ય પ્રવાસ માટે રાજસ્થાનના માઉન્ટ આબુ અને સુન્ધામાતા જવા માટે અમદાવાદથી રોજની બે ટ્રીપ તેમજ મહારાષ્ટ્રના શિરડી, નાશિક, ધુલીયા જેવા આંતરરાજ્ય સ્થળોએ મુસાફરી માટે અમદાવાદના ગીતા મંદિરેથી બે રોજની બે ટ્રીપોનું આયોજન કરવામાં આવે છે.

# ઝાલોદ લાયન્સ ક્લબ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં ધોરણ નવમાં ભણતો અરમાન પ્રથમ નંબરે પાસ થતા પરિવારમાં ખુશી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ હનુમાન મંદિર પાસે આવેલ શ્રી કૃષ્ણાદાસ પનાલાલ મેહતા. બ્રાઈટ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં આજે તારીખ ૦૩/૦૫/૨૦૨૫ ના રોજ ધોરણ ૧ થી ૯ ગુજરાતી અને ઈંગ્લીશ મીડિયમનું પરિમાણ જાહેર કરી આપવામાં આવ્યું. તેમાં દરેક વર્ગ ના વિધાર્થીઓને પ્રથમ અને દ્રિતીય ક્રમ આપવામાં આવ્યો જે માં ધોરણ ૯ ઈંગ્લિશ મીડિયમમાં અભ્યાસ કરતો વિધાર્થી પટેલ અરમાન વસીમભાઈ પ્રથમ નંબરે આવતા સ્કૂલના પ્રમુખ અને શિક્ષકોએ અરમાન ને પ્રથમ નંબર આવતા ગિફ્ટ અભિનંદન પાઠવ્યા તેની સાથે પરિવારમાં પણ ખુશી માહોલ છવાયો હતો.

# ઝાલોદ ધારાસભ્ય મહેશ ભુરીયા દ્વારા સમગ્ર શિક્ષા અંતર્ગત રૂ. ૫૧૭ લાખના માતબર ખર્ચે ૪૭ ઓરડાઓ ત ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ કરવામાં આવ્યું

## ડુંગરી, પીપળીયા, થાળા, સીમળયા, સારમારિયા, પાણીવેડ અને કદવાળ પ્રાથમિક શાળાઓનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ મહેશભાઈ ભુરીયા દ્વારા કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ વિવિધ ગામ ખાતે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને વધુ સારી સુવિધા મળી રહે તે હેતુથી સમગ્ર શિક્ષા અંતર્ગત રૂ. ૫૧૭ લાખના માતબર ખર્ચે ૪૭ ઓરડાઓ તથા ૩૬ લાખના ખર્ચે કમ્પાઉન્ડ વોલ, ટોઈલેટ,પેવર બ્લોક અને સી.સી.રોડનું ખાતમુહૂર્ત કર્યું.

આ નવીન ઓરડાઓનું સકારાત્મક અને ઉર્જાસભર વાતાવરણ વિદ્યાર્થીઓના ભણતરને વધું સુદ્રઢ બનાવશે.

ડુંગરી ગામે ડુંગરી પ્રાથમિક શાળામાં ૬૬ લાખના ખર્ચે નવીન ૬ ઓરડાઓનું ખાતમૂહુર્ત કર્યું, પીપળીયા ગામે પીપળીયા પ્રાથમિક શાળામાં ૬૬ લાખના ખર્ચે નવીન ૬ ઓરડાઓનું ખાતમૂહુર્ત કર્યું, થાળા(લીમડી) ગામે થાળા(લીમડી) પ્રાથમિક શાળામાં ૯૯ લાખના ખર્ચે નવીન ૯ ઓરડાઓનું ખાતમૂહુર્ત + ૩૬ લાખના ખર્ચે કમ્પાઉન્ડવોલ,ટોઈલેટ,પેવરબ્લોકઅનેસી.સી.રોડ ખાતમુહુર્તકર્યું.,સીમલીયાગામેસીમલીયાપ્રાથમિક શાળામાં ૮૮ લાખના ખર્ચે નવીન ૮ ઓરડાઓનું ખાતમૂહુર્ત કર્યું, સારમારીયા ગામે સારમારીયા પ્રાથમિક શાળામાં ૪૪ લાખના ખર્ચે નવીન ૪ ઓરડાઓનું લોકાપર્ણ , પાણીવેડ ગામે પાણીવેડ પ્રાથમિક શાળામાં ૮૮ લાખના ખર્ચે નવીન ૮ ઓરડાઓનું ખાતમૂહુર્ત, કદવાળ ગામે કદવાળ પ્રાથમિક શાળામાં ૬૬ લાખના ખર્ચે નવીન ૬ ઓરડાઓનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. ઓરડાઓની કુલ રકમ : ૫૧૭ લાખ (૪૭ ઓરડા,

૩૬ લાખના ખર્ચે કમ્પાઉન્ડ વોલ, ટોઈલેટ, પેવર બ્લોક અને સી.સી.રોડ ખાતમૂહુર્ત, આ પ્રસંગે જિલ્લા સદસ્ય સુનિલ હઠીલા, કૃષ્ણરાજ ભુરીયા, ઉષાબેન વહોનીયા,તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, તાલુકા સદસ્ય, સરપંચ, શાળાના આચાર્ય અને સ્ટાફગણ તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા.

# નવસારી જિલ્લાના ૨૯ ખેડૂતોને પ્રાકૃતિક ખેતપેદાશોના વેચાણ માટે ફોલ્ડેબલ કેનોપીનું વિતરણ કરવામાં આવ્યું

## નવસારી જિલ્લા સ્વભંડોળ યોજના હેઠળના ફ્લેગશીપ પ્રોજેક્ટ "રસાયણમુક્ત નવસારી" અંતર્ગત ખેડૂતોને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતાના વરદ હસ્તે મોબાઈલ ફોલ્ડેબલ કેનોપીનું વિતરણ કરવામાં આવ્યું



। (માહિતી) નવસારી, તા.૩ ।

ભારત એ ખેતીપ્રધાન દેશ છે એ હકીકત સર્વવિદિત છે પરંતુ આજે ખેતી કરનારા ખેડૂતોને જે પ્રશ્ન મુખ્યત્વે નડે છે તે છે ઉત્કૃષ્ઠ ઉત્પાદનનો. આજે મોંઘા રાસાયણિક ખાતરો અને દવાઓનાં આડેધડ વપરાશ છતાં ખેતીમાં ધાર્યું ઉત્પાદન મળતું નથી. વળી, જમીનનો કસ પણ બગડે છે અને રાસાયણિક ઉત્પાદોના ઉપયોગથી માનવજાતમાં અનેક અસાધ્ય બીમારીઓ વધવા માંડી છે. આને નિવારવાનો એકમાત્ર ઉપાય છે પ્રકૃતિ અને પ્રાકૃતિક ખેતપેદાશો તરફ વળવાનો.

આજે જ્યારે ભારતના વડાપ્રધાનશ્રી તેમજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી તેમજ રાજ્યપ ાલશ્રીના સતત પ્રયત્નો રહે છે કે ભારતના ખેડૂતો મોંઘા તેમજ વિદેશથી આયાત થતાં રાસાયણિક ખાતારો તેમજ રાસાયણીક દવાઓનો વપરાશ નિમ્ન કરી પ્રાકૃતિક ખેતી તરફ અગ્રેસર થાય જેથી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મળી રહે, પ્રાકૃતિક ખેતપેદાશોના ભાવો વધુ મળી રહે અને વળી જમીન તેમજ મનુષ્ય સહિત તમામ સજીવ પ્રજાતિઓનું સ્વાસ્થ્ય સુધરે અને એમાં સમગ્ર તંત્ર સતત પ્રયાસરત છે. આ પ્રયાસોને સફળ બનાવવા નવસારી જિલ્લા વહીવટી તંત્રે પણ કમર કસી છે, અને નવસારી શહેરના તથા સમગ્ર નવસારી જિલ્લાના ગામોને સ્વસ્થ તથા ઝેરમુક્ત ખોરાક મુક્ત રીતે મળી રહે એ માટે નવસારી જિલ્લા પંચાયત સ્વભંડોળ યોજના હેઠળ આયોજનો હાથ ધર્યા છે. જેમાં પ્રથમ પગલારૂપે નવસારી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને વરેલા ખેડૂતોને પોતાની ખેતપેદાશોના વેચાણ માટે પ્લેટફોર્મ પુરૂ પાડવું મુખ્ય હતું. ગત વર્ષે વહીવટી તંત્ર દ્વારા નવસારી જિલ્લાના વિવિધ સ્થળોએ વેચાણ બજાર શરૂ કરી આ દિશામાં મક્કમ શરૂઆત કરવામાં આવી હતી. હવે આ પ્રયાસોમાં એક ડગલું આગળ વધતાં ખેડૂતોને પોતાની ખેત પેદાશોનું વેચાણ એક કરતાં વધુ જગ્યાએ કરવા માટે સરળતા રહે એ માટે નવસારી જિલ્લા સ્વભંડોળ યોજના હેઠળના ફ્લેગશીપ પ્રોજેક્ટ "રસાયણમુક્ત નવસારી" અંતર્ગત ખેડૂતોને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતાના વરદ હસ્તે જિલ્લાના ૨૯ ખેડૂતોને મોબાઈલ ફોલ્ડેબલ કેનોપીનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવસારી જિલ્લા પંચાયત વહીવટી તંત્ર તેમજ ખેતીવાડી શાખા, નવસારીનાં સંયુક્ત પ્રયાસરૂપી આ મોબાઈલ કેનોપી વજનમાં તેમજ વપરાશમાં ખુબ જ સહેલી હોવાથી ખેડૂતો આને ક્યાંય પણ આસાનીથી લઈ જઈ શકાશે તેમજ પોતાના તાલુકા સિવાય અન્ય તાલુકા કે જિલ્લામાં પણ પોતાની ખેતપેદાશોનું વેચાણ કરી શકશે. આમ, આ ફોલ્ડેબલ મોબાઈલ કેનોપી જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને કમાણીનાં નવા સ્ત્રોત પુરા પાડશે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા બદલ તમામ ખેડૂતોનો આભાર માન્યો હતો તથા ઉત્સાહવર્ધક પ્રવચન આપ્યું હતું. તેમણે મુખ્યત્વે ખેડૂતોને અનુરોધ કર્યો હતો કે આ ફોલ્ડેબલ કેનોપીનો વિવેકપૂર્વક ઉપયોગ કરે તેમજ ગ્રાહકોને પ્લાસ્ટિકની કોથળીઓનો ઉપયોગ ટાળી જિલ્લા પંચાયત દ્વારા વિતરણ કરવામાં આવેલ કાપ ડની થેલીઓનો ઉપયોગ કરે.

# ઇલેક્ટ્રિક લોકો શેડ વટવા ખાતે આંતરરાષ્ટ્રીય મજૂર દિવસની સફળતાપૂર્વક ઉજવણી કરવામાં આવી



। અમદાવાદ, તા.૩ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનના વટવા સ્થિત ઈલેક્ટ્રિક લોકો શેડ ખાતે વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ૦૧ મે ૨૦૨૫ ના રોજ પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો.

આંતરરાષ્ટ્રીય મજૂર દિવસના શુભ અવસર પર, ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ શેડના અધિકારીઓ અને કર્મચારીઓની પ્રશંસા કરી અને તેમને શુભેચ્છાઓ પાઠવી. આ પ્રસંગે સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર વટવા, શ્રી એસ. પી. ગુપ્તાએ મે મહિનામાં સેવાનિવૃત્ત થઈ રહેલા ૦૭ કર્મચારીઓને શાલ ભેટમાં આપીને સન્માનિત કરવામાં આવ્યા.

# કેવિકે, નવસારી ખાતે હળદર અને મરી મસાલા પાકો અંગે બે દિવસીય ખેડૂત પરિસંવાદ યોજાયો

। નવસારી, તા.૩ ।

ભારત સરકારની મિશન ફોર ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર યોજના અંતર્ગત નોડલ ઓફિસર(મેગાસીડ) અને યુનિટ હેડ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારીના સંયુક્ત પ્રયાસથી અને નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના કુલપતિ ડૉ.ઝેડ.પી.પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી જિલ્લા કક્ષાનો બે દિવસીય ખેડૂત પરિસંવાદ કેવિકે, નવસારી ખાતે યોજાયો હતો. આ પરિસંવાદના ઉદ્દઘાટન પ્રસંગે મેગાસીડ ઓફિસ, નવસારીના હર્ષલ પટેલે ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યુ હતં. આ પ્રસંગે નોડલ ઓફિસ (મેગાસીડ) ના વડા ડૉ.ડી.એ.ચૌહાણે હળદર અને અન્ય મરી મસાલા પાકોની જાતો વિકસાવવા માટે ૧૦ થી ૧૨ વર્ષના સમયગાળો લાગે છે તથા અન્ય પાકોની જેમ હળદર અને મરી મસાલા પાકોમાં પણ જાત ખૂબ જ અગત્યતા છે તેમ જણાવ્યું હતું. વધુમાં તેઓ ખેડૂતોને મેગાસીડ ખાતેથી કઠોળ, ધાન્ય વર્ગ અને અન્ય પાકોની વિવિધ જાતો વિકસાવવામાં પાયારૂપ ભૂમિકા ભજવીને ખેડૂતોને હંમેશ મદદરૂપ થવા માટે યુનિવર્સિટી દ્વારા તત્પરતા દાખવી છે. આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી નકૃયુ, નવસારીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ડૉ. હેમંત શર્માએ ઉપસ્થિત ખેડૂતોને યુનિવર્સિટીની વિવિધ ટેકનોલોજીનો વધુ લાભ લઈને એકમ વિસ્તાર દીઠ વધુ ઉત્પાદન મેળવવા અને ઉત્પન્ન થયેલ ખેતપેદાશમાં મૂલ્યવૃધ્ધિ કરી સ્માર્ટ ખેતી તરફ આગળ વધવા અનુરોધ કર્યો હતો. આ પરિસંવાદમાં જનીન વિદ્યાવિભાગના ડૉ. રીતેશ પટેલે ખેડૂતો માટે વહેલી અને ઓછા પાણીએ પાકતી હળદરની નવી જાત ગુજરાત નવસારી હળદુર-૪ તથા અન્ય જાતોની લાક્ષણિકતાઓ વિશે ઉંડાણપૂર્વક સમજણ આપી હતી.

## "પ્રાકૃતિક ખેતીથી શાકભાજી પાકમાં મેળવી સારી કમાણી": રીટાબેન પ્રમોદભાઇ પટેલ

# પ્રાકૃતિક ખેતી થકી શાકભાજીમાં સારો નફો મેળવતા નવસારી તાલુકાના ઉન ગામના રીટાબેન પટેલ



। (માહિતી) નવસારી, તા.૩ ।

ખેડૂતો દ્વારા ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોની ગુણવત્તા જળવાઈ રહે તેમજ ખેત પેદાશોના વેચાણ દરમિયાન ખેડૂતોને અનુકૂળ માહોલ મળે તે માટે નવસારી જિલ્લા પંચાયત દ્વારા જુનાથાણા પર દર અઠવાડીયાના સોમવાર અને ગુરુવારે પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદનોની વેચાણ કેન્દ્રની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. રાજ્ય સરકાર ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે પ્રોત્સાહન આપી રહી છે ત્યારે પ્રાકૃતિક ખેતીના ફાયદાથી પ્રેરાઈને પ્રાકૃતિક ખેતી તરફ વળનાર નવસારી તાલુકાના ઉન ગામના રીટાબેન પ્રમોદભાઈ પટેલ પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કરી સ્થાનિકોને એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું છે. પ્રાકૃતિક ખેડૂતમિત્ર રીટાબેન પ્રમોદભાઈ પટેલ સાથેની વાતચિતમાં જણાવ્યું હતું કે, આત્મા પ્રોજેક્ટ દ્વારા કૃષિ લગતી તાલિમો મેળવી તેમની પ્રેરણા થકી ખર્ચાળ ખેતી સરળ બની છે. આજે ઘર આંગણે જ એક આવકનું માધ્યમ ઊભુ થવાના કારણે આર્થિક પરિસ્થિતિમાં ઘણો સુધારો જોવા મળ્યો છે. ખેતરમાં મિશ્રપાકવાળી પધ્ધતિ અપનાવી કેરી, તુવેર, પાપડી, ચોરી, ગુવાર, રિંગણ, એલચી કેળા, પપૈયા, ફુદીનો જેવા શાકભાજી ઉગાડીને સારી કમાણી કરી રહ્યા છે. સાથે અઠવાડિયાના ચાર દિવસ નવસારી જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા નક્કી કરેલ વેચાણ કેન્દ્ર પર શાકભાજીનું વેચાણ કરી સારામાં સારો નફો મેળવી રહ્યા છે. વધુમાં, વર્તમાન સમયમાં પ્રાકૃતિક ખેતી દ્વારા પાકનું વર્ષભર વાવેતર કરી નોંધપાત્ર નફો કમાતા રીટાબેન પટેલ જણાવે છે કે, તેઓ પોતાના જ ખેતરમાં પોતે જ પ્રાકૃતિક ખાતર બનાવે છે.

# જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પ લતાની અધ્યક્ષતામાં યોજાયો જિલ્લા સ્વાગત કાર્યક્રમ

। (માહિતી) નવસારી, તા.૩ ।

લોકપ્રશ્નોના નિરાકરણ માટે પ્રતિમાસ યોજાતા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારો દ્વારા પ્રસ્તુત થયેલા પ્રશ્નો પૈકી મોટા ભાગના પ્રશ્નોનું નિવારણ લાવવામાં આવ્યું હતું. કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલમાં આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પ લતાની અધ્યક્ષતામાં યોજાયેલા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારોની રજૂઆત સાંભળ્યા બાદ ડી.ડી.ઓશ્રીએ સંબંધિત અધિકારીઓને અરજદારના પ્રશ્નોને પ્રાથમિકતા આપી તાત્કાલિક ઉકેલ લાવવા જણાવ્યું હતું તથા સંબંધિત અધિકારીશ્રીઓ સાથે વિગતે ચર્ચા કરી હતી. તેમજ આ સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને અરજદારોની રજૂઆતોને વિગતે સાંભળી નિશ્ચિત સમયમર્યાદામાં નિરાકરણ લાવવા સૂચના સહ માર્ગદર્શન આપ્યું હતું. આજે યોજાયેલા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં આસીસ્ટન્ટ કલેકટરશ્રી વૈશાલી આર, નિવાસી અધિક કલેક્ટરશ્રી વાય.બી.ઝાલા, પ્રાંત અધિકારીશ્રીઓ , નાયબ કલેકટર સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. રહેવાના સ્થળમાં પરિવર્તન ખાસ્સું મંગલકારી પુરવાર થશે. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો. આજે તમે નવા વિચારોથી તરબતર હશો તથા પ્રવૃત્તિની તમારી પસંદગી તમારી અપેક્ષા કરતાં અનેક ગણો વધારે લાભ અપાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય. સમય ની નાજુકતા ને સમજી ને, આજે તમે બધા થી અંતર રાખી ને એકાંત માં સમય પસાર કરવા નું પસંદ કરશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? કોઈક ધાર્મિક સ્થળ અથવા સંતપુરૂષની મુલાકાત લો અને તમારા મગજને આશ્વાસન અને શાંતિ મળશે. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.

### અરજીમાં કોઇ પણ તબક્કે સુધારો કરી રાહત માંગી શકાય

# કાયદો કાયમ જાગૃત લોકોને મદદ કરે છે, ઊંઘતા લોકોને નહીં: સુપ્રીમ કોર્ટ

### આ મામલો જુલાઈ ૨૦૦૭માં પ્રોપર્ટીના વેચાણ કરાર સંબંધિત હતો, પ્રોપર્ટી કુલ રૂ.૫૫.૨૦ લાખમાં વેચવાનો કરાર થયો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

બેંગલુરુમાં મિલકત સંબંધિત વિવાદ પર હાઈકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવીને સુપ્રીમ કોર્ટે શુક્રવારે મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યું હતું કે કાયદો હંમેશા જાગૃત લોકોને મદદ કરે છે, પોતાના અધિકારો માટે ઊંઘતા લોકોને નહીં. જસ્ટિસ જે બી પારડીવાલા અને આર મહાદેવનની બનેલી ખંડપીઠ મિલકતના કુલ વેચાણના પ્રથમ હપ્તા તરીકે ચૂકવવામાં આવેલા રૂ.૨૦ લાખની જપ્તી અંગેના મુદ્દા પર સુનાવણી કરી રહી હતી.આ મામલે સુસંગત અર્નેસ્ટ મની અને એડવાન્સ મની પર વિગતવાર ચર્ચા કરી ખંડપીઠે જણાવ્યું હતું કે કર્ણાટક હાઈકોર્ટે અરજદારને એડવાન્સ મની રિફંડની રાહતનો ઈનકાર કર્યો હતો, કારણ કે તેને કાનૂની દાવામાં રિફંડ માટે વૈકલ્પિક અરજી કરી ન હતી. કાયદામાં સ્થાપિત છે કે અરજીમાં કોર્ટની કાર્યવાહી દરમિયાન કોઈ પણ તબક્કે સુધારો કરી શકાય છે, જેથી



ફરિયાદી બાનાની રકમના રિફંડ સહિતની વૈકલ્પિક રાહત માંગી શકે. અદાલતોને આવા સુધારાઓને મંજૂરી આપવા માટે વ્યાપક ન્યાયિક મુનસફી આપવામાં આવેલી છે. કોર્ટે સુઓ મોટો ધોરણે આવી રાહત આપી શકે નહીં. સ્પેસિફિક રિલિફ એક્ટ ૧૯૬૩ની જોગવાઈનો ઉલ્લેખ કરીને સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે કાયદાની આ જોગવાઈ પૂરતી વ્યાપક અને વ્યવહારુ છે, જેથી અપીલકર્તાને અપીલના તબક્કે પણ ઉપરોક્ત રાહત માટે ફરિયાદમાં સુધારો કરવાની મંજૂરી મળી શકે. જોકે ફરિયાદમાં સુધારા માટે આવી કોઈ અરજી ટ્રાયલ કોર્ટ સમક્ષ કે હાઈકોર્ટ સમક્ષ પ્રથમ અપીલ દરમિયાન દાખલ કરવામાં આવી ન હતી. આનો અર્થ એવો થાય છે કે અરજદારે ક્યારેય એડવાન્સ પૈસા પરત કરવા માટે અરજી કરી ન હતી. આ પછી કોર્ટે જણાવ્યું હતું કે અહીં, એ કહેવું બિનજરૂરી રહેશે કે કાયદો જાગૃત લોકોને મદદ કરે છે, ઉંઘતા લોકોને નહીં.આ મામલો જુલાઈ ૨૦૦૭માં પ્રોપર્ટીના વેચાણ કરાર સંબંધિત હતો. પ્રોપર્ટી કુલ રૂ.૫૫.૨૦ લાખમાં વેચવાનો કરાર થયો હતો. પાર્ટ પેમેન્ટ તરીકે રૂ.૨૦ લાખ ચુકવાયા હતાં અને કરાર મુજબ ચાર મહિનામાં બાકી રકમ ચુકવવાની હતી. જોકે ખરીદદારે આ નિર્ધારિત સમયગાળામાં બાકીની રકમ ચુકવી ન હતી, તેથી પ્રોપર્ટીનું પઝેશન મળ્યું ન હતું. ખંડપીઠે જણાવ્યું હતું કે કરારમાં જોગવાઈ હતી કે ખરીદનાર કરારની શરતો પૂરી કરવામાં નિષ્ફળ રહેશે તો ચૂકવવામાં આવેલા એડવાન્સ પૈસા જપ્ત કરવામાં આવશે.

## ભારત સાથે ટૂંક સમયમાં વેપાર કરાર થશે: વેન્સ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ ।

અમેરિકાના વાઈસ પ્રેસિડન્ટ જે ડી વેન્સે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'ટફ નેગોશિએટર' ગણાવી જણાવ્યું હતું કે ભારત સાથે ટૂંક સમયમાં વેપાર કરાર થવાની ધારણા છે. ભારત વેપાર કરાર કરનારા પ્રથમ દેશોમાં સામેલ થઈ શકે છે. જોકે, વેન્સે ભારત સામે લાંબા સમય સુધી અમેરિકાનો લાભ લેવાનો પણ આક્ષેપ કર્યો હતો. ફોક્સ ન્યૂઝને ગુરુવારે આપેલા એક ઈન્ટરવ્યૂમાં વેન્સે જણાવ્યું હતું કે ટેરિફના મુદ્દે ભારત સાથે હાલમાં સારી વાટાઘાટો ચાલી રહી છે. ટ્રમ્પની ઊંચી ટેરિફ ટાળવા માટે ભારત સહિત ઘણા દેશો અમેરિકા સાથે હાલમાં મંત્રણા કરી રહ્યાં છે. વડાપ્રધાન મોદી કઠોર વિષ્ટિકાર છે, પરંતુ અમે તે સંબંધોને પુનઃસંતુલિત કરી રહ્યાં છીએ. તેથી પ્રેસિડન્ટ ટ્રમ્પ જરૂરી પગલાં લઈ રહ્યાં છે. અમેરિકા સાથે ભારત સૌ પ્રથમ કરાર કરશે કે નહીં તેવા સવાલના જવાબમાં વેન્સે જણાવ્યું હતું કે મને ખબર નથી કે આ પહેલી સમજૂતી હશે કે નહીં, પરંતુ તે ચોક્કસપણે પહેલા સોદાઓમાંનો એક હશે. જાપાન, કોરિયા સાથે વાટાઘાટો ચાલી રહી છે.

### મંત્રણા શરૂ કરવા અમેરિકા એકપક્ષીય ટેરિફ પગલામાં સુધારો કરે તે જરૂરી

# અમેરિકા સાથે વેપારમંત્રણાની શક્યતા ચકાસી રહ્યાં છીએ: ચીન

### અમેરિકાના પ્રેસિડન્ટ ટ્રમ્પે ૨ એપ્રિલે ભારત અને ચીન સહિત અનેક દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી

। (એજન્સી) બેઇજિંગ, તા.૩ ।

વિશ્વના બે સૌથી મોટા અર્થતંત્ર અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ વોર હળવું થવાના સંકેત મળી રહ્યાં છે. ટેરિફમાં ઘટાડામાં માટે વોશિંગ્ટન કરેલી કરેલી દરખાસ્ત પછી અમેરિકા સાથે વેપાર કરારની મંત્રણા ચાલુ કરવી કે નહીં તે અંગે ચીન વિચારણા કરી રહ્યું છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકાએ ટેરિફના મુદ્દે ચીન સાથે વાટાઘાટો કરવાના ઘણી વખત સંબંધિત પક્ષકારો મારફત સંદેશ પહોંચાડ્યા છે. ચીન હવે તેનું મૂલ્યાંકન કરી રહ્યું છે. ટેરિફ અને ટ્રેડવોર અમેરિકાએ એકપક્ષીય રીતે શરૂ કર્યું હતું. જો યુએસ વાટાઘાટો કરવા માંગે છે, તો તેને પ્રામાણિકતા દર્શાવવી જોઈએ તથા તેની ભૂલભરેલી પ્રથાઓ સુધારવા અને એકપક્ષીય ટેરિફ હટાવવા જેવા મુદ્દાઓ પર તૈયારીઓ કરવી જોઈએ અને નક્કર પગલાં લેવા જોઈએ. નિવેદનમાં વધુમાં જણાવાયું



હતું કે અમેરિકા ટેરિફ પગલાં ફેરફારો અંગે સતત વાતો કરી રહ્યું છે. જો અમેરિકા તેના ભૂલભરેલા એકપક્ષીય ટેરિફ પગલાંમાં સુધારો ન કરે તો કોઈ પણ સંભવિત વાટાઘાટોનો અર્થ એવો થાય છે કે અમેરિકામાં પ્રામાણિકતાનો સંપૂર્ણ અભાવ છે અને તે પરસ્પરના વિશ્વાસને નબળો પાડે છે. વાણી અને વર્તનમાં ફેરફાર અથવા તો બળજબરી અને બ્લેકમેલ કરવાના કવર તરીકે વાતચીતનો ઉપયોગ કરવાનો કોઈપણ પ્રયાસ ચીન સાથે સફળ થશે નહીં. અમેરિકાના પ્રેસિડન્ટ ટ્રમ્પે ૨ એપ્રિલે ભારત અને ચીન સહિત અનેક દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. જોકે ૯ એપ્રિલે તેમણે આ વર્ષે ૯ જુલાઈ સુધી આ ટેરિફ ૯૦ દિવસ માટે સ્થગિત કરવાની જાહેરાત કરી હતી. જોકે ટ્રમ્પે ચીનને કોઈ રાહત આપી ન હતી. તેનાથી હાલમાં દુનિયામાં એકમાત્ર ચીન પર અમેરિકાની ઊંચી ટેરિફ છે અને ચીન એકલું પડી ગયું છે. ટ્રમ્પે ચીની પ્રોડક્ટ્સ પર ૧૪૫ ટકા જેટલી ઊંચી ટેરિફ લાદી છે. બેઈજિંગે પણ અમેરિકાની પ્રોડક્ટ્સ પર ૧૨૫ ટકા ટેરિફ લાદેલી છે. ચીન અમેરિકા સાથે ટેરિફ પર કોઈપણ વાટાઘાટોનો ઈનકાર કરી રહ્યું છે.

### હવે ૫૧૦૦ કરોડનો દંડ કરાયો

# ટિકટોકે યુરોપિયન યુનિયનના નાગરિકોનો ડેટા ચીનને આપી દીધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

યુરોપિયન યુનિયનના પ્રાઈવસી નિયમનકારે ટિકટોકને ૬૦ કરોડ ડોલર (રુ. ૫૧૦૦ કરોડ)નો દંડ ફટકાર્યો છે. નિયમનકારે ટિકટોક સામે ચાર વર્ષની તપાસ પછી આ દંડ ફટકાર્યો છે. તેનું તારણ છે કે વીડિયો શેરિંગ એપ ડેટા ચીન ટ્રાન્સફર કરે છે. આ ઈયુના ડેટા પ્રાઈવસીના ચુસ્ત નિયમોનો ભંગ કરે છે. આયરલેન્ડ ડેટા પ્રોટેકશન કમિશને ટિકટોકને યુઝર્સ અંગે પારદર્શક રહ્યું નથી તેમ જણાવ્યું હતું.આયરલેન્ડ ડેટા પ્રોટેકશન કમિશને આયરલેન્ડમાં ટિકટોક સામેની તપાસની આગેવાની સંભાળી હતી. ૨૭ દેશોના ઈયુ બ્લોકમાં આયરલેન્ડમાં આઈરિશ નેશનલ વોચડોગ યુરોપીયન નિયમનકારના નેજા હેઠળ કામગીરી કરે છે. ટિકટોકનું યુરોપીયન હેડક્વાર્ટર આયરલેન્ડના ડબ્લિનમાં છે.ડેપ્યુટી કમિશ્નર ગ્રેહામ ડોઈલે જણાવ્યું હતું કે ટિકટોક યુરોપીયન યુઝર્સના ડેટાની ચકાસણી, ગેરંટી દર્શાવવામાં નિષ્ફળ ગયું હતું. તેના યુરોપીયન ગ્રાહકોનો ડેટા ચીનમાં રહેતો તેનો સ્ટાફ રિમોટલી મેળવી શકે છે. ટિકટોકે જણાવ્યું હતું કે તે આ નિર્ણય સાથે સંમત નથી અને તેની સામે અપીલમા જવાનુ આયોજન ધરાવે છે. કંપનીએ જણાવ્યું હતું કે આ નિર્ણય મે ૨૦૨૩ના પૂરા થયેલા પસંદગીના સમયગાળાને ધ્યાનમાં લઈ લેવાયો છે અને તેના પછી ડેટા લોકલાઈઝેશન પ્રોજેક્ટ પર ભાર મૂકવામાં આવ્યો હતો. કંપનીએ જણાવ્યું હતું કે આ હકીકત એ છે કે ઉદ્યોગમાં બીજે ક્યાંય ન હોય તેવા આકરા ડેટા પ્રોટેકશન કાયદા છે.

તેમા અગ્રણી યુરોપીયન સાઈબર સિક્યોરિટી ફર્મ એનસીસી ગ્રુપના ટિકટોકના પબ્લિક પોલિસીના યુરોપીયન હેડ ક્રિસ્ટિન ગ્રાહને જણાવ્યું હતું કે આ નિર્ણય ડેટા સિક્યોરિટીના પગલાને પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય છે.ટિકટોકની પેરેન્ટ કંપની બાઈટડાન્સ ચીનમાં છે. તે યુરોપમાં છેલ્લા કેટલાક સમયથી યુઝર્સન સંપત્તિઓની માહિતી અને ડેટા પહોંચાડતા હોવાથી ચીનમાં આ વિવાદ વકરે તેમ છે.

# પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ : ૧૮૦ દેશોમાં ભારત ૧૫૧મા સ્થાને

### ભૂતાન, પાકિસ્તાન, તુર્કીયે, પેલેસ્ટાઈન, ચીન, રશિયા, અફઘાનિસ્તાન, સીરિયા અને ઉત્તર કોરિયાનું રેન્કિંગ ભારત કરતાં નીચું છે

। (એજન્સી) પેરિસ, તા.૩ ।

પેરિસ સ્થિત ઈન્ટરનેશનલ એનજીઓ રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સના ૨૦૨૫ના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારતને ૧૮૦ દેશોમાંથી ૧૫૧મું સ્થાન સાંપડ્યું છે. આ રેન્કિંગમાં ગત વર્ષે ભારતનું સ્થાન ૧૫૯મું હતું. એટલે આ વર્ષના ભારતના રેન્કિંગમાં નજીવો સુધારો થયો છે. જોકે એકરીતે આ સ્થિતિ સારી ન ગણાય. ઈન્ડેક્સમાં ઈરીટ્રિયા સૌથી નીચલા ક્રમે છે, જ્યારે નોર્વે પ્રથમ સ્થાન પર છે.

ભૂતાન, પાકિસ્તાન, તુર્કીયે, પેલેસ્ટાઈન, ચીન, રશિયા, અફઘાનિસ્તાન, સીરિયા અને ઉત્તર કોરિયાનું રેન્કિંગ ભારત કરતાં નીચું છે. રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સના આજ સુધીના ઈતિહાસમાં ઈકોનોમિક ઈન્ડિકેટર સૌથી નીચલા સ્તર પર છે. વિશ્વભરના મીડિયા હાઉસ આર્થિક મુશ્કેલીનો સામનો સામનો કરી રહ્યા છે. ઈન્ફર્મેશનના સંસાધનો પર ગૂગલ, એપલ, ફેસબુક, એમેઝોન અને માઈક્રોસોફ્ટ જેવી ટેક કંપનીઓના દબદબાને લીધે મીડિયાને વધુ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પહેલા જે જાહેરાત મીડિયા આઉટલેટ્સને મળતી હતી, હવે એ જાહેરાતનો મોટો હિસ્સો ટેક પ્લેટફોર્મ્સને મળી રહ્યો છે.

આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, કેટલાક દેશોમાં મીડિયા પર રાજકીય નેતાઓનો કંટ્રોલ છે. લેબનોન, ભારત અને આર્મેનિયા જેવા દેશોમાં મીડિયા આઉટ્લેટ્સ નેતાઓ અને બિઝનેસમેનોથી મળતી શરતોને આધિન ફંડિંગને લીધે પોતાનું અસ્તિત્વ જાળવી શક્યા છે. રિપોર્ટમાં એમ પણ દર્શાવવામાં આવ્યું છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવ્યા પછી અમેરિકામાં પ્રેસની સ્થિતિમાં નબળી થઈ છે. આ ઈન્ડેક્સમાં અમેરિકા ૫૭મા સ્થાન પર છે.

જે ગત વર્ષે ૫૫ ક્રમે હતું. જે ૪૨ દેશોમાં વિશ્વની અડધી વધુ વસ્તી રહે છે, ત્યાં પ્રેસની સ્થિતિ ખૂબ ગંભીર છે. એ દેશોમાં પ્રેસને લગભગ ન બરાબર આઝાદી છે.

ત્યાં પત્રકારત્વ કરવું અત્યંત જોખમી છે. આ રિપોર્ટમાં છેલ્લા ૧૮ મહિનાથી યુદ્ધનો સામનો કરી રહેલા પેલેસ્ટાઈનને ૧૬૩ ક્રમે રાખવામાં આવ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ગાઝામાં ઈઝરાયેલની સેનાએ કેટલાય ન્યૂઝરૂમોને તબાહ કરી નાખ્યા છે. ૨૦૨૩માં લડાઈ શરુ થયા પછી હમણા સુધી ગાઝામાં ૨૦૦થી વધુ પત્રકારો માર્યા ગયા છે. બીજી તરફ ચીન અને વિએતનામ જેવા દેશોમાં મીડિયા પર સરકાર કે પછી સરકાર સાથે જોડાયેલા સંગઠનોનો કંટ્રોલ છે. જે લોકો સ્વતંત્ર પત્રકારત્વ કરે છે તેમને સતત ખતરાનો સામનો કરવો પડે છે. બીજી તરફ વિદેશી મીડિયા સંસ્થાઓને પણ બ્લેકલિસ્ટ કરવામાં આવે છે.

**વિશેષ** | સ્પીડ પોસ્ટ, રજિસ્ટર્ડ પોસ્ટની જેમ જ ઝડપી અને ટ્રેક કરી શકાય એવી ટપાલ સેવા એટલે 'જ્ઞાન પોસ્ટ' : ૧ મે ૨૦૨૫થી રાજ્યભરમાં સેવાનો થયો પ્રારંભ

# આખા ગુજરાતમાં શૈક્ષણિક સામગ્રી મોકલવી બની વધુ સરળ અને સસ્તી: ભારત સરકારના ટપાલ વિભાગની નવી સેવા 'જ્ઞાન પોસ્ટ'







। (પ્રાદેશિક માહિતી કચેરી) અમદાવાદ ।

ભારતીય ટપાલ વિભાગે શિક્ષણ અને જ્ઞાનના પ્રસારને વેગ આપવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. તારીખ ૧લી મે, ૨૦૨૫થી દેશભરની તમામ વિભાગીય પોસ્ટ ઓફિસોમાં 'જ્ઞાન પોસ્ટ' નામની નવી મેલ પ્રોડક્ટ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો છે. સ્પીડ પોસ્ટ, રજિસ્ટર્ડ પોસ્ટની જેમ જ ઝડપી અને ટ્રેક કરી શકાય એવી ટપાલ સેવા 'જ્ઞાન પોસ્ટ' રાજ્યની તમામ પોસ્ટ પરથી મેળવી શકાશે.

આ સેવાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાન્ય નાગરિકો માટે પુસ્તકો, અભ્યાસ સામગ્રી અને અન્ય માન્ય શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક સાહિત્યને અત્યંત ઓછા ખર્ચે દેશના ખૂણે ખૂણે પહોંચાડવાનો છે.

અમદાવાદ જનરલ પોસ્ટ ઓફિસના ડેપ્યુટી ચીફ પોસ્ટમાસ્ટર શ્રી એ. આર. શાહે જણાવ્યું હતું કે 'જ્ઞાન પોસ્ટ' એ 'હર ઘર જ્ઞાન, હર સપને કો ઉડાન'ની સંકલ્પનાને સાકાર કરવાની દિશામાં એક પગલું છે. ભૌગોલિક અંતર કે આર્થિક મર્યાદાઓ જ્ઞાનપ્રાપ્તિમાં અવરોધ ન બને એ માટેનું આ પગલું છે. આ સેવાથી વાર્ષિક અંદાજે ૭૦ લાખ શિપમેન્ટની ડિલિવરી થવાની અપેક્ષા છે.

'જ્ઞાન પોસ્ટ' સેવાની મુખ્ય વિશેષતા એ છે કે, શૈક્ષણિક સામગ્રીના પેકેટોને ઓનલાઈન ટ્રેક કરી શકાશે, જેથી પ્રેષક અને પ્રાપ્તકર્તા વસ્તુની સ્થિતિ જાણી શકે. ખર્ચને નિયંત્રણમાં રાખવા અને સેવાને પોસાય તેવી બનાવવા માટે પેકેટોનું પરિવહન મુખ્યત્વે જમીન માર્ગે (સરફેસ મોડ) કરવામાં આવશે. બુકિંગ સમયે ગ્રાહકને માન્ય રસીદ આપવામાં આવશે. વધારાની નિર્ધારિત ફી ચૂકવીને પ્રેષક સહી સાથે ડિલિવરીનો પુરાવો (Proof of Delivery) મેળવી શકે છે.

'જ્ઞાન પોસ્ટ' સેવા ખાસ કરીને તેના અત્યંત ઓછા શુલ્ક માટે લોકપ્રિય બનશે તેવો તજ્જ્ઞોનો મત છે. લાગુ પડતા કરવેરા સિવાયના દર નીચે મુજબ છે:

- ૩૦૦ ગ્રામ સુધી: રૂા.૨૦
- ૩૦૧ ગ્રામથી ૫૦૦ ગ્રામ સુધી: રૂા.૨૫
- ૫૦૧ ગ્રામથી ૧૦૦૦ ગ્રામ સુધી: રૂા.૩૫
- ૧૦૦૧ ગ્રામથી ૨૦૦૦ ગ્રામ સુધી: રૂા.૫૦
- ૨૦૦૧ ગ્રામથી ૩૦૦૦ ગ્રામ સુધી: રૂા.૬૫
- ૩૦૦૧ ગ્રામથી ૪૦૦૦ ગ્રામ સુધી: રૂા.૮૦
- ૪૦૦૧ ગ્રામથી ૫૦૦૦ ગ્રામ સુધી: રૂા.૧૦૦

'જ્ઞાન પોસ્ટ' સેવા હેઠળ બુકિંગ માટે ન્યૂનતમ વજન ૩૦૦ ગ્રામ અને મહત્તમ વજન ૫ કિલોગ્રામ નક્કી કરવામાં આવ્યું છે.

'જ્ઞાન પોસ્ટ' સેવા હેઠળ સરકાર માન્ય શિક્ષણ બોર્ડ, યુનિવર્સિટીઓ, સ્વાયત્ત અને વૈધાનિક સંસ્થાઓ દ્વારા પત્રવ્યવહાર (correspondence) અને નિયમિત અભ્યાસક્રમો માટે નિર્ધારિત પુસ્તકો અને અભ્યાસ સામગ્રી મોકલી શકાય છે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઉમેદવારો દ્વારા ઉપયોગમાં લેવાતાં પાઠ્યપુસ્તકો, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રકૃતિનું સાહિત્ય, જે સંબંધિત કાયદા મુજબ પ્રકાશિત થયેલું હોય તે પણ મોકલી શકાય છે.

'જ્ઞાન પોસ્ટ' સેવાની મહત્ત્વપૂર્ણ શરતો અને પ્રતિબંધો નીચે મુજબ છે:

- પેકેટ પર સ્પષ્ટપણે 'Gyan Post' લખેલું હોવું જોઈએ.
- નિયમિત સમયાંતરે પ્રકાશિત થતાં સામયિકો (જેમ કે મેગેઝિન, જર્નલ વગેરે) મોકલી શકાશે નહીં.
- વ્યાપારી કે ધંધાકીય પ્રકારનાં પુસ્તકો મોકલી શકાશે નહીં.
- પુસ્તકોમાં પુસ્તકોની સૂચિ કે આકસ્મિક ઘોષણાઓ સિવાય અન્ય કોઈ જાહેરાતો હોવી જોઈએ નહીં.
- દરેક પુસ્તકમાં પ્રિન્ટર અથવા પ્રકાશકનું નામ હોવું ફરજિયાત છે.
- પેકેટમાં પત્ર વ્યવહાર જેવી કોઈ વ્યક્તિગત નોંધ કે સંદેશા મોકલી શકાશે નહીં.
- પેકેજિંગ એવું હોવું જોઈએ કે પોસ્ટ ઓફિસના કર્મચારીઓ સરળતાથી તપાસ કરી શકે (સીલ તોડ્યા વિના કે કાગળ ફાડ્યા વિના).
- આ શરતોનું ઉલ્લંઘન થતું જણાશે તો પેકેટને સામાન્ય પાર્સલ ગણીને નિયમ મુજબ બમણા તફાવતની રકમ વસૂલવામાં આવશે.
- પ્રેષક અને પ્રાપ્તકર્તાના પૂરા નામ, સરનામા અને પિનકોડ લખવા ફરજિયાત છે.

'જ્ઞાન પોસ્ટ' હેઠળ વસ્તુઓનું બુકિંગ કોઈપણ વિભાગીય પોસ્ટ ઓફિસના કાઉન્ટર પરથી કરાવી શકાશે. ગ્રાહકો વધારાની સુરક્ષા માટે નિર્ધારિત શુલ્ક ચૂકવીને રજિસ્ટ્રેશન અને વીમા જેવી મૂલ્યવર્ધિત સેવાઓનો લાભ પણ લઈ શકે છે. આ ઉપરાંત, ચોક્કસ શરતોને આધીન, પ્રેષક નિર્ધારિત ફી ભરીને પોસ્ટ કરેલી વસ્તુ પાછી ખેંચી શકે છે અથવા તેનું સરનામું બદલી શકે છે (જો વસ્તુ ડિલિવરી માટે ઈન્વોઈસ ન થઈ હોય). 'જ્ઞાન પોસ્ટ' સેવા ખાસ કરીને વિદ્યાર્થીઓ, દૂરસ્થ શિક્ષણ મેળવતા લોકો, શૈક્ષણિક સંસ્થાઓ, પુસ્તકાલયો અને જ્ઞાનની વહેંચણી કરવા માગતા વ્યક્તિઓ માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે. આ પોસાય તેવી સેવા દ્વારા, ખાસ કરીને ગ્રામીણ અને દુર્ગમ વિસ્તારોમાં, શૈક્ષણિક સંસાધનોની ઉપલબ્ધતા વધશે અને જ્ઞાનના પ્રસારને નવી દિશા મળશે.

## ઇષ્ટદેવ શ્રી એકલિંગજી મહાદેવે ૨૦મો પાટોત્સવ



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના કડાણા ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ વૈશાખ સુદ સાતમને ગંગા સપ્તમીના પાવન દિવસે શ્રી એકલિંગજી મહાદેવે ૨૦માં પાટોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં યજમાન મનાલ ધીરેનકુમાર જોશી દ્વારા મંદિરે પૂજન અર્ચન કરવામાં આવેલ હતું. જેમાં સૌ જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પાટોત્સવનો લાભ લઈ જ્ઞાનનું ભાથું સંગ્રહી ધન્યતા અનુભવી, થાળ આરતી બાદ સૌ છૂટા પડ્યા હતા.

## અમદાવાદના કુખ્યાત લલ્લા બિહારીના છ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદના લલ્લા બિહારીના કોર્ટે છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ક્રાઈમ બ્રાન્ચે ૧૪ દિવસના રિમાન્ડની માગ કરી હતી. ખોટા દસ્તાવેજો ઊભા કરીને ગેરકાયદે વસાહત ઊભી કરી હતી. ચંડોળા તળાવમાં તેણે બાંગ્લાદેશીઓને ગેરકાયદેરીતે ઘુસાડ્યા હતા. અમદાવાદમાં ગેરકાયદેરીતે આવેલા બાંગ્લાદેશીઓને આશરો આપનારા લલ્લા બિહારી ઉર્ફ મહમૂદ પઠાણની રાજસ્થાનના બાંસવાડાથી ધરપકડ કરાઈ હતી. તે બાંગ્લાદેશીઓ માટે મદદગાર હતો. તે ગુજરાતમાં તેના બનાવટી ડોક્યૂમેન્ટ બનાવી આપતો હતો. અમદાવાદ મહાનગરપાલિકાએ ૨૯ એપ્રિલે ચંડોળા તળાવ આસપાસમાં કબજો કરાયેલી બાંગ્લાદેશીઓની વસાહત અને લલ્લા બિહારીના ફાર્મહાઉસને ૭૦ બુલડોઝર ચલાવીને તોડી દેવાયા હતા. ત્યારબાદ લલ્લા બિહાર ભાગીને રાજસ્થાનમાં છૂપાઈ ગયો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે શુક્રવારે તેને બાંસવાડાના સલ્લોપાટ વિસ્તારમાં મોટી ઝેર ગામથી ઝડપી લીધો હતો.

## ખેડબ્રહ્માના હિંગટીયા પાસે ભયાનક ત્રિપલ અકસ્માત

। (એજન્સી) ખેડબ્રહ્મા, તા.૩ ।

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા અંબાજી રોડ પર આજે બપોરે એક ભયાનક ત્રિપલ અકસ્માત સર્જાતા ત્રણ વ્યક્તિના કરૂણ મોત નિપજ્યાં છે. હિંગટીયા ગામ પાસે થયેલા આ અકસ્માતમાં છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ, શનિવારે બપોરે અંબાજી વડોદરા રૂટની એસટી બસ, એક જીપ અને બાઈક વચ્ચે કોઈ અગમ્ય કારણોસર જોરદાર ટક્કર થઈ હતી. આ ગંભીર અથડામણના પરિણામે ત્રણ વ્યક્તિઓએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે છ જેટલા લોકોને ગંભીર હાલતમાં ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ અને અન્ય વાહનો મારફતે ખેડબ્રહ્માની સિવિલ હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ ખેરોજ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને બચાવ તથા રાહત કામગીરી શરૂ કરી હતી. અકસ્માતના કારણે રોડ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી, જેને કારણે ખેરોજ પોલીસે ટ્રાફિકને પૂર્વવત કરવાની કામગીરી પણ હાથ ધરી હતી. આ ઉપરાંત,ખેડબ્રહ્માપોલીસસ્ટેશનનાપી.આઈ પણ પોતાના સ્ટાફ સાથે સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોની સારવાર અંગેની માહિતી મેળવી હતી.

### જમાલપુરની અલ મુર્તજા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકો સામે ફરિયાદ

## હજ યાત્રાએ મોકલવાનું કહીને ૧૦ વ્યક્તિ સાથે રૂ.૫૦ લાખની ઠગાઈ

**૨૦૨૩માં તે મિત્ર સાદિક શેખના કહેવાથી જમાલપુરમાં આવેલી અલ મુર્તજા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફિસે ગયા હતા**

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

જમાલપુરમાં આવેલી અલ મુર્તજા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના માલિક સહિત ચાર આરોપીઓએ હજ યાત્રા કરાવવાના નામે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી છે. આરોપીઓએ ૧૦ વ્યક્તિઓને હજ યાત્રા પર લઈ જવાના બહાને કુલ રૂ. ૫૦ લાખ પડાવ્યા હતા. બાદ યાત્રા માટેની કોઈ કાર્યવાહી ન થતા ભોગ બનનારે સંપર્ક કરતા આરોપીઓએ ક્વોટા મળ્યો ન હોવાનું બહાનુ કરીને નાણાં પરત આપ્યા નહોતા. સરખેજમાં રહેતા ૬૬ વર્ષીય મોહમદ ઈલ્યાસ મલ પોસ્ટ વિભાગમાંથી નિવૃત્ત થયા છે. ૨૦૨૩માં તે મિત્ર સાદિક શેખના કહેવાથી જમાલપુરમાં આવેલી અલ મુર્તજા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફિસે ગયા હતા. મોહમદ ઈલ્યાસ અને તેમના સંબંધીઓને ૨૦૨૪માં હજ યાત્રા માટે જવાનું હોવાથી ટ્રાવેલ્સના માલિક મોહમદ રફીક કુરેશી, તેના પુત્રો ફૈસલ અને ફુરકાન તથા જાવેદ શેખને મળ્યા હતા. તેમની સાથે હજ માટેની વાતચીત કરતા ચારેય ગઠિયાએ એક વ્યક્તિના પાંચ લાખ લેખે ૧૦ વ્યક્તિના ૫૦ લાખ થશે તેમ જણાવ્યું હતું. જેથી મોહમદ ઈલ્યાસ અને તેમના સંબંધીઓએ કુલ રૂ. ૫૦ લાખ આપ્યા હતા. જે બાદ લખાણ પણ કર્યુ હતું. પરંતુ લાંબા સમય બાદ પણ હજ યાત્રા માટેની કોઈ કાર્યવાહી ન થતા ઈલ્યાસભાઈએ રફીકને ફોન કરતા આ વર્ષે હજ માટે પૂરતો કોટા ન મળ્યો હોવાથી હજ યાત્રા કરાવી શકીશ નહીં તેમ જણાવતા ઈલ્યિાસભાઈએ નાણાં પરત માંગ્યા હતા. આરોપીઓએ નાણાં પરત ન આપીને બહાના બતાવ્યા હતા. જેથી કંટાળીને મોહમદ ઈલ્યાસભાઈએ ચારેય આરોપી સામે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## ઝાલોદ તાલુકાના વિવિધ ગામોમાં ખાતે નવીન આંગણવાડી કેન્દ્ર માટે મેપિંગ કરવામાં આવ્યું




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

દાહોદ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર અને CDPOના માર્ગદર્શન હેઠળ નવીન બનનાર આંગણવાડી કેન્દ્ર માટે મેપિંગ કામગીરી કરવામાં આવી. આજરોજ ઝાલોદ ઘટક -૧ માં બિનપરંપરાગત પદ્ધતિથી થનાર બાંધકામ માટે મેપિંગ કામગીરી કરવામાં આવી.આજરોજ ઝાલોદ ઘટક ૧ના આંગણવાડી કેન્દ્રો પર સીડીપીઓ અને આઈસીડીએસ સ્ટાફ દ્વારા મેપિંગ કરવામાં આવ્યું.

## આયુષ્માન કાર્ડની મદદથી શિલ્પાબેન અને તેમના નવજાત બાળકને મળ્યું નવજીવન

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।



આરોગ્ય એ મનુષ્યના જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. રાજ્યના પ્રત્યેક નાગરિકને સરળતાથી અને સત્વરે ઉત્તમ આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની ટીમ સતત કાર્યશીલ રહી છે. દાહોદ જિલ્લા જેવા આદિવાસી અને ગુજરાતની સરહદ પર આવેલ વિસ્તારના લોકોની પણ ચિંતા સરકાર દ્વારા કરવામાં આવી રહી છે, જે આરોગ્ય વિભાગની ટીમ થકી ગામે ગામ જઈને છેવાડાના લોકોને પણ આરોગ્ય વિષયક ચેક અપ કરવા સહિત સારવાર માટેનું કાઉન્સેલિંગ કરીને નાગરિકોને નજીકના સરકારી દવાખાને લઈ જઈને વિના મુલ્યે સારવાર કરાવવા માટે પ્રોત્સાહિત કરવા સાથે તમામ પ્રકારની મદદ કરી રહી છે.

દાહોદ જિલ્લાની વાત આવે એટલે બેરોજગાર, ગરીબ, ઓછું શિક્ષણ ધરાવતા અને આર્થિક રીતે પછાત આદિવાસી લોકોનું ચિત્ર નજર સામે આવી જ જાય. અહીં વાત કરીએ છીએ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં આવેલ ગરાડું ગામના રહેવાસી અને ૨૬ વર્ષીય શિલ્પાબેન મુનીયાની. હા, શિલ્પાબેન પોતે સગર્ભા હતા. પરંતુ તેમને જાણ નહોતી કે, તેઓ પોતે સિકલસેલ રોગ ધરાવે છે. જે બાબત તેમના પોતાના માટે તેમજ આવનાર બાળક માટે પણ અતિ જોખમી બની શકે તેમ હતી.

ગરાડું ખાતે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તેઓ જ્યારે લેબોરેટરી તપાસ માટે ગયા તે સમયે તેઓ સિકલસેલ પોઝિટીવ આવતા ત્યાની આરોગ્ય ટીમ દ્વારા તેમનું બ્લડ સેમ્પલ કલેકશન કરીને HPLC તપાસ માટે સબ ડિસ્ટ્રીક હોસ્પિટલ, ઝાલોદ ખાતે મોકલવામાં આવ્યું હતું, જેની તપાસ દરમિયાન રીપોર્ટ આવ્યા કે, શિલ્પ ।બેનને સિકલસેલ ડીસીઝ રોગ છે.

આરોગ્ય ટીમ દ્વારા આ બાબતની જાણ થતાં જ તેમની હોમ વિઝીટ કરીને જરૂરી માર્ગદર્શન તેમજ સલાહ-સૂચન કરવામાં આવ્યું હતું. હા, શિલ્પાબેન પોતે તેમજ તેમના પરિવારના કોઈપણ સભ્યો આ બાબતને સ્વીકારવા કે માનવા તૈયાર નહોતા. તેમનું એવું કહેવું હતું કે, મને એવી કોઈપણ પ્રકાની બીમારી નથી જ. ત્યાર બાદ તેનું અને તેના કુટુંબનું આરોગ્ય વિભાગની ટીમ તેમજ કાઉન્સીલર દ્વારા કાઉન્સિલિંગ કરવામાં આવી હતી. સાથે લાભાર્થી અને તેના પરિવારના સભ્યોને આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવામાં આવ્યું હતું. સિકલસેલ રોગમાં કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જેમ કે, ડિલિવરી ક્યાં કરાવવી, ડિલિવરી પછી પણ કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું એ તમામ બાબતોની જાણકારી અને માર્ગદર્શન આપીને તેમને ડિલિવરી સમયે કોઈ પણ પ્રકારનું જોખમ ઊભુ ના થાય તે માટે ઝાયડસ હોસ્પિટલ ખાતે ડિલિવરી કરાવવા સમજણ આપી હતી.

### સ્નેચિંગનું પ્રમાણ ઘણું વધી ગયું, આરોપીઓ ઓળખાતા પણ નથી

## બેગ સ્નેચિંગ કરનારા બે આરોપીને કોર્ટે સાત-સાત વર્ષ કેદની સજા ફટકારી

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

પાંજરાપોળ પોલિટેકનિક પાસે એક્ટિવા ઉપર જતી મહિલાની બેગ સ્નેચિંગ મામલે પકડાયેલા ધર્મેશ દલપતભાઈ વાઘેલા અને રાહુલ પ્રવિણભાઈ રાઠોડને એડિશનલ સેશન્સ જજ ભાવેશ કે. અવાશીયાએ ગુનેગાર ઠરાવીને સાત વર્ષની કેદની સજા ફટકારી છે. કોર્ટે બન્ને આરોપીને ગુનેગાર ઠરાવતા નોધ્યું હતું કે, તાજેતરમાં આપણા સમાજમાં સ્નેચિંગના ગુનાઓનું પ્રમાણ દિન- પ્રતિદિન ઘણું વધી ગયું છે. મોટાભાગના ગુનામાં ભોગ બનનાર સ્નેચિંગ કરનાર આરોપીને ઓળખી શકતા નથી. અગર તેઓને પકડી શકાતા નથી. જેના લીધે મોટા ભાગના લોકોને પોતાની કિંમતી ચીજવસ્તુઓ પણ પ્રાપ્ત થતી નથી. પ્રસ્તુત કેસમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સફળ રહ્યો છે. ત્યારે સમાજમાં દાખલો બેસાડવા માટે આરોપીઓને સજા કરવી ન્યાયહિતમાં જરૂરી છે. આ કેસની વિગત એવી છે કે, પાંજરાપોળ પોલિટેકનિક પાસે એક્ટિવા ઉપર લીનાબેન દર્શનભાઈ સંઘવી ગત તા. ૧૬-૧૨-૨૦૨૦ના રોજ જતા હતા ત્યારે મોટર સાઈકલ ઉપર આવેલા બે શખ્સોએ લીનાબેનની રૂ.૨૮ હજારની મતા સાથેની બેગ સ્નેચિંગ કરીને નાસી ગયા હતા. પોલીસે ગુગલ ટ્રેક કરીને લોકેશન આપતા ધર્મેશ દલપતભાઈ વાઘેલા અને રાહુલ પ્રવિણભાઈ રાઠોડની એલિસબ્રિજ પોલીસે ધરપકડ કરીને કોર્ટમાં ચાર્જશીટ કર્યુ હતું. જે કેસ ચાલતા સરકારી વકીલ ચૈતન્ય આર. ખત્રીએ આઠ સાક્ષીઓ અને છ દસ્તાવેજોના આધાર કેસ પુરવાર કરીને કોર્ટને જણાવ્યું હતું કે, ભોગ બનનાર એક મહિલા છે.

### ચંડોળામાં હવે ભારતીયોના દબાણ હટાવવામાં આવશે

## ચંડોળામાં ઝૂંપડા ખાલી નહીં કરનાર સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ચંડોળા તળાવમાં હાથ ધરાયેલી ‘ડીમોલીશન ડ્રાઈવ’ અચાનક ગુરૂવારથી આટોપી લેવામાં આવી હતી. પરંતુ હવે તેને ફરી શરૂ કરવામાં આવશે અને દબાણો હટાવવાનું અભિયાન ચાલુ રહેશે. ચંડોળામાં અત્યાર સુધીમાં ચાર હજાર કાચા પાકા ઝૂંપડા તોડી નાંખવામાં આવ્યાં છે. એએમસીના એસ્ટેટ વિભાગે ગેરકાયદે વસેલા બાંગ્લાદેશીઓના મકાનો તોડી પાડ્યા છે. હવે આગામી કામગીરીમાં પોલીસ અને મહાનગર પાલિકા સાથે મળીને કામગીરી કરશે. લોકોને સ્વૈચ્છિક ઝૂંપડા ખાલી કરવા માટે કહેવાશે. જે લોકો ઝુંપડું ખાલી નહીં કરે તેમની સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધવામાં આવશે. પ્રિ-કાસ્ટ વોલ બનાવવા કામગીરી શરૂ કરાઈચંડોળામાં ગુરૂવારથી રોકી દેવાયેલી દબાણો તોડવાની કામગીરી ફરી શરૂ કરવામાં આવશે. પોલીસ અને મહાનગર પાલિકા સાથે મળીને દબાણો તોડવાની ઝૂંબેશ હાથ ધરશે. અત્યાર સુધીમાં અહીં ચારેક હજાર જેટલા ઝૂંપડા તોડી નાંખવામાં આવ્યાં છે. અહીં બે તળાવો છે જેમા નાનું અને મોટુ તળાવ એક કરી દેવાશે. અહીં ફરીવાર દબાણ ના થાય તે માટે કામગીરી કરાશે. હાલમાં અહીં પ્રિ-કાસ્ટ વોલ બનાવવા કામગીરી શરૂ કરાઈ છે. ચંડોળામાં હવે ભારતીયોના દબાણ હટાવવામાં આવશે. હવે અહીં કેટલા ગેરકાયદે બાંધકામો છે તેના માટે સરવે કરવામાં આવશે. આગામી સમયમાં પોલીસ અને મનપા સાથે મળીને કામ કરશે. બીજી તરફ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રિદ્ધેશ રાવલ સવાલોના જવાબો આપવાથી ભાગ્યા હતાં. બાંધકામ અને નવા ડિમોલિશનની કામગીરી અંગે સવાલો પુછતાં તેમણે ચાલતી પકડી હતી.